પ્રેમભક્તિ ગ્રન્થમાલા

# જયા-જયન્ત

કર્તા :

ન્હાનાલાલ દલપતરામ કવિ

અનુસ્નાતક શિક્ષણ ભવન,
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ
CANCELLED
નં ........
વિ. નં ........

Guj. Uni. Library
246636

૨૦૨૩ ] [ ઇ. સ. ૧૯૬૭

કિંમત ત્રણ રૂપિયા

ગુજરાત યુનિવર્સિટી
લાયબ્રેરી.

: પ્રકાશક :

**ડૉ. મનોહરલાલ ન્હાનાલાલ કવિ**

કવિ ન્હાનાલાલ રસ્તો, એલિસપૂલ : અમદાવાદ-૬,

( સર્વહક પ્રકાશકને સ્વાધીન )

૮૨૧.૬
ક-૫૧૬
2.46.635

| | | | | |
|---|---|---|---|---|
| આવૃત્તિ ૧ લી | : | ઇ. સ. ૧૯૧૪ | : | પ્રત ૧૦૦૦ |
| આવૃત્તિ ૨ જી | : | ,, ૧૯૨૪ | : | પ્રત ૧૦૦૦ |
| આવૃત્તિ ૩ જી | : | ,, ૧૯૨૭ | : | પ્રત ૨૦૦૦ |
| આવૃત્તિ ૪ થી | : | ,, ૧૯૨૮ | : | પ્રત ૨૦૦૦ |
| આવૃત્તિ ૫ મી | : | ,, ૧૯૫૧ | : | પ્રત ૧૨૦૦ |
| આવૃત્તિ ૬ ઠ્ઠી | : | ,, ૧૯૫૫ | : | પ્રત ૧૫૦૦ |
| આવૃત્તિ ૭ મી | : | ,, ૧૯૫૫ | : | પ્રત ૧૫૦૦ |
| આવૃત્તિ ૮ મી | : | ,, ૧૯૫૬ | : | પ્રત ૨૨૫૧ |
| પુનર્મુદ્રણ | : | ,, ૧૯૬૭ | : | પ્રત ૧૬૫૦ |

: મુદ્રક :

ગોવિંદલાલ જગશીભાઇ શાહ : શારદા મુદ્રણાલય,

પાનકોર નાકા : અમદાવાદ.

ભીષ્મ વૈરાગ્ય ધારીને
તજી છે દેહવાસના,
આલંબી આત્મલક્ષ્મીને
સજી છે સ્નેહભાવના,

મનોભાવે નથી જેણે
દુરિચ્છા પાપની કરી,
શીલને સાચવ્યું જેણે
સદાયે સ્નેહને વરી,

ઉપાસે બ્રહ્મશ્રદ્ધાથી
આત્માલગ્ન ઊંડે હૃદે,
મહા અદ્‌ભુત કો એવા
સ્નેહના યોગીને પદે,

વસો આ અધૂરાં ગીત
સ્નેહનાં—બ્રહ્મચર્યનાં,
પુરાણાં—નવલાં ત્હોયે
પાળેલાં પુણ્યવર્યનાં,

## પ્રસ્તાવના

ઈ. સ. ૧૯૧૨ના મે માસમાં પ્રો. ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરને ત્યાં સુરતમાં હું હતો. તે સમયે ગજ્જર સાહેબના બંગલામાંના વાતાવરણમાં નાટકનો ધ્વનિપ્રતિધ્વનિ ગાજી રહ્યો હતો. સરસ્વતીચન્દ્રના નાટક સંબંધી પહેલી તકરારના પ્રો. ગજ્જર પંચ હતા. પણ રસાયનશાસ્ત્રને તો જેમ પ્રત્યેક પ્રયોગ કોઈક નિયમનું મૂર્ત સ્વરૂપ છે તેમ, તે કલ્પનાપ્રધાન રસાયનશાસ્ત્રી સન્મુખ તો એ તકરારના પરમાણુઓમાં આધુનિક નાટકની સુધારણાનો મહાપ્રશ્ન ખડો થયો હતો. મ્હને પણ એક દૃશ્ય નાટક લખવાની સૂચના થઈ. મ્હારી ભત્રીજી ચિ. કુમારી યશલક્ષ્મી મ્હારી સાથે હતી. નૈષ્ઠિક બ્રહ્મચર્યની ત્હેની પ્રતિજ્ઞાએ જોઈતા વસ્તુનું સૂચન દીધું. એ ઉભયનું પરિણામ—યથાશક્તિમતિ—આ જયા અને જયંત.

એ ખરું છે કે નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં લીધેલાં વ્રત ઘણાંનાં અખંડ રહ્યાં નથી, અને તે નૌકારૂઢ વિરલા જ ભવસાગર વણબૂડ્યા તરી ઊતરે છે આપણા તેમજ યુરોપના ઇતિહાસમાંની સાધુસાધ્વીઓના મઠોની કથા એકરંગી માત્ર ઉજ્જવળી જ છે નહિ: છતાં રામાયણમાંથી શ્રી હનુમાનજીના વજ્રકછોટાનો અને મહાભારતમાંથી ભીષ્મ પિતામહની ભીષ્મપ્રતિજ્ઞાનો મહામન્ત્ર મનુષ્યજાતિએ વિસારી મૂકવા જેવોયે નથી.

…તા વિલાસના આ યુગમાં વિલાસના વૈરાગ્યની
વાર્તાનાં મહિમાગીત કેટલાક યુગવાસીઓને કદાચ કર્કશ
પણ લાગશે. નૈષ્ઠિક બ્રહ્મચર્યનો માર્ગ વિકટ છે, પ્રલોભનો
નિરવધિ છે, ડગલે ડગલે ભય છે; પણ એ ભય વચ્ચેની
નિર્ભયતામાં જ પરમ ઇન્દ્રિયનિગ્રહી કો વીર જનનું વીરત્વ છે.
એટલું તો સ્પષ્ટ જ છે કે એ માર્ગ સર્વ માટે નથી; સંયમી
માટે છે, યતાત્મન માટે છે.

ઉપરાન્ત એક બીજી ઝીણી વાતના પણ આ નાટકમાં
અંકુર છે. સ્નેહ એટલે દેહવાસના નહીં, પણ ત્હેનાથી પર
કોઈક નિર્મળી આત્મભાવના. સ્નેહયોગ દેહભોગમાં પરિણમ-
વો જ જોઈએ એવી કાંઈ કુદરતી આવશ્યકતા નથી.
જ્યહાં જ્યહાં આત્મા, ત્યહાં ત્યહાં શરીરઃ
નથી એવું કાંઈ બ્રહ્માંડમીમાંસાનું ન્યાયસૂત્ર.
દેહી કહેવાતા આત્મતત્ત્વનાં દેહ વિનાયે અસ્તિત્વ
હોય છે. એ સ્નેહ એકતરફી ન હોય ને પરસ્પરના હોય
તો તે ચૈતન્યવર્ણી સ્નેહસ્થિતિમાં

द्वा सुपर्णा सयुजा सखाया
समानं वृक्षं परिषस्वजाते

એ ઉપનિષદ્‌મન્ત્રાનુસાર એ સુપંખાળા આત્મસખાઓનાં
સખ્ય ને સંલગ્નતા છે; અને તેથી તે સાયુજ્યને આત્મલગ્ન
કહીએ તો અયોગ્ય નથી. માનસશાસ્ત્રની એ ઝીણવટ આ
નાટકના બીજમાં જોતાં જણાશે.

દૃશ્ય નાટકને અનુકૂળ ભાષાનું પોત આ નાટકમાં બનતું

પાતળું રાખ્યું છે. તેમ કરવા જતાં કુમાશ જરજરી થઈ ન હોય, કે વણાટ ઢીલો પડ્યો ન હોય તો સારું. ગીતોના ઢાળ પણ કેટલેક અંશે રંગભૂમિની શૈલીના છે; છતાં કવિઓના કે સંગીતશાસ્ત્રીઓના અપરાધ અક્ષમ્ય થયા ન હોય તો સુભાગ્ય. દૃશ્ય તરીકે આ નાટકની યોગ્યાયોગ્યતા તો નટવર્ગે અને પ્રેક્ષકવર્ગે પારખવાની છે. મ્હને લાગે છે કે તે ઘણી નથી.

વિ. સં. ૧૯૭૦ ન્હાનાલાલ દલપતરામ કવિ

# જયા–જયન્ત

# અંક પહેલો



સ્થળ : ગિરિદેશ, વન ને વારાણસી.

કાળ : દ્વાપર ને કલિની સન્ધ્યા.

મુખ્ય પાત્રો :

દેવર્ષિ : દેવોના ઋષિરાજ.
ગિરિરાજ : ગિરિદેશના રાજવી.
જયન્ત : ગિરિરાજનો મન્ત્રીપુત્ર
કાશીરાજ : વારાણસીના રાજવી.
વામાચાર્ય : યોગભ્રષ્ટ યોગી.
તીર્થંગોર : પાપમન્દિરનો પૂજારી.
પારધી : પશુતાનો શિકારી.
રાજરાણી : ગિરિદેશનાં રાણીજી.
જયાકુમારી : ગિરિદેશની રાજકુમારિકા.
તેજબા : તીર્થંગોરની બહેન.
શોવતી : તીર્થંગોરની બ્રહ્મકન્યા.
નૃત્યદાસી : એક દાસી.

અનુસ્નાતક શિક્ષણ ભવન.
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,
તલોદ
ક્ર. નં. ...........
દિ. નં. ...........
CANCELLED

# પ્રવેશ પહેલો

સ્થલકાલ : હિમાદ્રિનાં શિખરોમાં સહવાર

પવનપાવડી ઉપર ઊડતા દેવર્ષિ પધારે છે.

દેવર્ષિ : પરમ પ્રેમ પરબ્રહ્મ.
માત પ્રેમ, તાત પ્રેમ, પુત્ર પ્રેમ, પુત્રી પ્રેમ,
દમ્પતીના દેવ પ્રેમ, પ્રેમ છે સંસારસાર;
પરમ પ્રેમ પરબ્રહ્મ.

દયા પ્રેમ, દાન પ્રેમ, ભક્તિ પ્રેમ, જ્ઞાન પ્રેમ,
યોગ પ્રેમ, મોક્ષ પ્રેમ, પ્રેમ તે સંન્યસ્તાધાર;
પરમ પ્રેમ પરબ્રહ્મ.

સ્થૂલ પ્રેમ, સૂક્ષ્મ પ્રેમ, વિશ્વ કેરો મન્ત્ર પ્રેમ,
સૃષ્ટિનો સુવાસ પ્રેમ, પ્રેમ તેજ કેરો પાર;
પરમ પ્રેમ પરબ્રહ્મ.

આત્મનો વિકાસ પ્રેમ જીવનપ્રકાશ પ્રેમ,
પ્રેમ-પ્રેમ, સર્વ પ્રેમ : પ્રેમનો આ પારાવાર;
પરમ પ્રેમ પરબ્રહ્મ.

અમારે યોગીઓને જોવાનું છે એક જ,
જગત ઊંચું ચ્હડે છે કે નીચું ?

આસપાસ નિહાળે છે.

હિમાદ્રિનો એક ચ્હડાવ ચ્હડે છે
દૈત્યોને જીતીને આવતો કુમાર;
દેવગિરિનો બીજો ચ્હડાવ ચ્હડે છે
કુમારને વધાવવા આવતી રાજકુમારી.
નર ને નાર—જગત ઊંચે ચ્હડે છે.

શિખર પાછળથી જયાકુમારી અને
સાહેલીઓનો ગીતટહુકો સંભળાય છે.

'દેવોના ધામ એ, વિભુના વિશ્રામ એ.'

દેવર્ષિ : ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्था मध्ये तिष्ठन्ति राजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः ॥
ચ્હડો ઉન્નત ને ઉન્નત, દેવસન્તાનો !
બ્રહ્મસિંહાસનના પાયા સુધી.
સંચરો, એ જ છે દેવયાન માર્ગ,
મહર્ષિઓનો પુરાણ પુણ્યપન્થ.
–પધારી જગતની આ મહાસંન્યાસિની,
નરલોકની નૈષ્ઠિક બ્રહ્મચારિણી.

ઊડતા ઊડતા દેવર્ષિ અદૃશ્ય થાય છે. ઉત્સવ કાજે સજ્જ થએલ જયાકુમારી જયમાળ લઈ ને સાહેલીઓ સાથે આવે છે. કોઈ સખી ડાક, કોઈ ડમરુ, કોઈ શીંગીનાદ વાતી હોય છે.

જયા અને સાહેલીઓ } ધીમે ધીમે ધીમે, સાહેલિ !
ચાલો વ્હહિયે ગિરિઓ ગરવા :
દેવોનાં ધામ એ, વિભુના વિશ્રામ એ.
આત્માનાં પૂર પૂરથી ભરવા;
ધીમે ધીમે ધીમે, સાહેલિ !
દૈત્યો વિદારનાર, દેવો ઉગારનાર,
જગવી જયનો ટંકાર આવે છે એ કુમાર.
ગિરિગિરિમાં જય ઉચ્ચરવા;
બાણે છે શેષ નાગ, ચાપે છે વીજળી,
એવા જયકેતુધારી અભિનન્દવા;
ધીમે ધીમે ધીમે, સાહેલિ !

એક સાહેલી } સુરેન્દ્રે ન્હોતર્યા હતા કુમારને;
આવે છે તે જીતીને દાનવનાં જૂથ.
વધાવજો એમને, કુમારી ! જીવનનાં ધનથી.

જયા : સારો મુજ દેશ વધાવશે
ગુણવન્તાના ગુણોને, દેવોના એ દેવત્વને.
આનન્દના અમૃતકુવારા

ફૂટે છે નયન-નયનમાંથી,
ને અભિષેકશે અમરોના અતિથિને.

બીજી સાહેલી : મૂવા દૈત્યો તે કેમ જીત્યા જાય?

જયા : ત્હારા અન્ધારદેશમાં અઘરૂં હશે;
અમ તેજવાસીઓને વિકટ નથી
દૈત્યોનાં દળને જીતવાં.
એક ડાળીએ જેટલાં પાંદડાં પ્રગટે,
પ્રગટે છે એટલાં લક્ષ્યવેધી બાણ
અમારા એક અસ્ત્રમાંથી.

નૃત્યદાસી : એક આંખડલીમાંથી જેટલાં કિરણ ભભૂકે,
ભભૂકે છે એટલાં શર
યમદંડ સમા એક ધનુષ્યમાંથી.

પહેલી સાહેલી : જયાબા, સહુ જિતાય,
પણ મન જિતાતું હશે?

આઘેથી દુંદુભિનો જયનાદ.

જયા : વાયુ બાંધવો ને મન જીતવું સરખાં.
પણ યોગીજનોને ઉભય સુલભ.
જુઓ પેલી, યજ્ઞના કુંડ સમોવડી,
હિમાદ્રિનાં શિખર શિખરમાંની યોગગુફાઓ.
धर्मस्य सत्त्वं निहितं गुहायाम्.
ત્ય્હાં લખેલા છે એના જયમન્ત્ર.

જાઓ, શોધો ત્ય઼ાંહી,
ને પામો સિદ્ધોના સદ્બોધ.

ફરીથી કુમારનો જયનાદ.

જુઓ, સાહેલીઓ ! જુઓ,
જગતનો જેતા આ મહાજોગી.
જાણે ઊગે છે આભને આરે
ભાસ્કરની પ્રભામૂર્તિ.
વિખરાયેલી ઊડે છે કંઠ ફરતી
કિરણાવલિ સરીખડી કેશાવલિ.
ઝળકે છે બ્રહ્મકુમાર સમો ગિરિકુમાર.
ચાલો, વધાવિયે, સખિઓ !
ગિરિદેશના યશનો એ જયધ્વજ.

શિખરશિખરમાંથી જયધ્વનિ જાગે છે. હાથમાં દેવધ્વજ અને બાણકમાન લઈને શંખનાદ ગજાવતો કુમાર આવે છે. જયાકુમારી ત્હેને જયમાળે વધાવે છે.

જયા અને સાહેલીઓ : જય ! જય ! કુમાર ! આવો,
સાહેલી સહુ ! વધાવો.
આનન્દ આનન્દ આજે, વિજય વાજે
દિશદિશ ગાજે :
યશકુમાર ! આવો,
સાહેલી સહુ ! વધાવો,
જય ! જય ! કુમાર આવો.

જગત જુએ છે વાટડી, હો! આવો;
અમૃત આણ્યાં તે લોકને ધરાવો;
સુરના સન્દેશ પૃથ્વીને સુણાવો
દેવનાં દુંદુભિ વાગે, બ્રહ્માંડ જાગે,
જયપરાગે
યશકુમાર! આવો,
સાહેલી સહુ! વધાવો.
જય! જય! કુમાર! આવો.

આજ આનન્દનો સૂરજ ઊગ્યો.
ગિરિલોકે ઉત્સવ આદર્યાં છે,
ને શિખરે શિખરે રોપ્યા છે જયધ્વજ
ઉત્સવના અનિલમાં ફરકતા.
દેવોનો શો છે આદેશ ?

જયન્ત : જયા! એ ત્હારી પ્રેરણાનો પરિપાક.
ત્હેં ઉગાડ્યો એ આનન્દનો ભાસ્કર.
દેવોએ કહાવ્યું છે, જયા! કે
'જેમણે અમરોને જન્મ દીધા
તે જગતની માતાઓને ધન્ય છે.'

જયા : પુણ્યવન્તી જાહ્નવી વહે છે,
ને દૂધવન્તી ધેનુ દૂઝે છે,
ત્ય્હાં સુધી જગતની માતાઓને
અમરો સાંપડશે અવનીમાંયે.

જય તો વશ જ હતો ને
ત્‌હારા વિશ્વજેતા ધનુષ્યને?

જયન્ત : જયા! ત્‌હારી શુભાશિષો
સદા સફળ જ ઊતરે છે.
સ્વર્ગે સંચરતાં સુરગંગાને તીર
વિષ્ણુદેવનાં દર્શન થયાં વાટમાં.
પ્રસન્ન થયા, પુત્રને શિષ્ય કીધો;
ને વરદાન દીધું ભગવાને કે
'ધાર્યાં પાડીશ તું નિશાન.'
પછી મ્હારા ચાપનો ટંકાર,
ને દેવાધિદેવનાં કલ્યાણવચન;
એ બે પાંખે જય ઊડતો આવ્યો.

જયા : અમરાપુરી ઉગારી,
એમ ઉગારજે સહુનેય તે.
બીજા શા આશીર્વાદ આણ્યા છે?

જયન્ત : સુરેન્દ્રે પટ્ટાભિષેક કર્યો, ને કીધું,
'મ્હારા યુવરાજ જેટલો પ્રિય છે.
ગિરિકુમાર! તું મ્હને;
ત્‌હારુંયે નામ જયન્ત હો!
જા, જીતીશ જે લક્ષીશ તે.'
દેવાંગનાઓએ પારિજાતે વધાવ્યો,
સુરરાણીજીએ મુગટ અર્પ્યો
અખંડ સૌભાગ્યનો, ને ભાખ્યું,

'મોકલીશ અપ્સરાઓને
મંગલ ગાવા ત્‍હારા લગ્નમાં.'
દેવોએ અભિષેક કીધો અમૃતનો,
અસ્ત્રશસ્ત્ર દીધાં બ્રહ્મલોકનાં,
ને ભણ્યા, 'જા જીતજે જગતને.'

જયા : તો રોપ ત્‍હારો જયધ્વજ
જગતના મહાચોકની મધ્યે.

જયન્ત : એકલે હાથે ? નહીં જ, જયા !
કો જીત્યું નથી, કો જીતશે નહીં.
પુરુષ ને પ્રકૃતિની બેલડી જ
નવબ્રહ્માંડ સરજે છે.
પ્રગટાવ, ઓ ગિરિકુમારિકા !
એ પરમ ચેતનાની ચિનગારી.
ત્‍હેં ગૂંથી છે પણછ આ ધનુષ્યની,
ત્‍હારાં જ બાંધેલાં છે
આ બાણનાં પિચ્છ:
તુજ પુણ્યચરણે છે
દાનવજેતા એ ધનુષ્યબાણ.
જયા ! ગૂંથીશું એવાં જીવન ?
તું મ્હારું ધનુષ્ય;
ને હું ત્‍હારું બાણ.

જયાકુમારીને ચરણે ધનુષ્યબાણ ધરે છે.

એક સાહેલી : (બીજીને)

અમરાવતીનો ઉગારનાર,
દૈત્યોનો વિજેતા, વિષ્ણુનો વ્હાલો,
લગ્ન યાચે છે કુમાર
ચરણે મૂકી જયધનુષ્ય પોતાનું.
કુમારી સ્વીકારશે કે નહીં ?

જયા : (વિચારમૂર્છામાંથી જાગીને)
જયન્ત ! વિલાસને હજી વાર છે,
આજ નથી પાકી એની અવધ.

જયન્ત : 'વાર' ને 'અવધ' એટલે, જયા !
આવેલાં અજવાળાંને પાછાં વાળવાં.

જયા : બ્રહ્મઅજવાળાં તો અખંડ છે,
ને આથમતાં નથી કલ્પાન્તેયે.
જયન્ત ! ધારણ કર ત્હારું ધનુષ્ય;
બહુ જીતવાનું બાકી છે હજી.
જો ! જગત મ્હોટું છે,
જગતના દુશ્મનોયે મ્હોટા છે.
દિલમાંના દૈત્યોને જીત,
દેવોને વસાવ દુનિયામાં,
ને બનાવ અવનીની અમરાપુરી.
આશા ને કાલ અનન્ત છે.
કાલગંગાને કોઈ કાંઠડે
કોઇક ઋતુમાં સ્વીકારીશ, કુમાર !

સોંપે છે એ સઘળુંય તે.
હજી આઘે છે એ પ્રભાત.
જયન્ત! એ દૈત્યોના જેતા જયન્ત!
લે, ધારણ કર, ને જીત.
જીતીને આવજે એ,
આપીશ તું ઇચ્છે છે તે.
નથી આજે એ અમૃતનો અવસર.

જયન્તને ચાપ પાછું ધરાવે છે. ગિરિ-
શિખરોમાં 'ધો ધો ધો'નો મહાધ્વનિ.

**જયન્ત** : જયા! જો, હિમાદ્રિ પડે છે.

**જયા** : શેષ ડોલ્યો, જયન્ત!
ત્હારા જયસ્પર્શથી.

**સાહેલીઓ** : હિમગંગા! ઓ હિમગંગા ઊતરે!
આમ, જયાબા! આમ,
રાજમહેલના રાજમાર્ગે.

સાહેલીઓ દિશદિશમાં ન્હાસે છે.

**જયન્ત** : આમ, જયા! આમ,
યોગીજનોનાં યોગશૃંગે.

ચાપમાં જયાકુમારીને ભરાવી ઉપાડી, એક કૂદકે
યોગશૃંગે જઈ ઊભે છે. 'ધો ધો' કરતી હિમગંગા
આભમાંથી આવી ખીણોમાં ઊતરે છે.

## પ્રવેશ બીજો

⊛

**સ્થલકાલ : ગિરિદેશના રણવાસમાં બપ્પોર**

રાજરાણી : નહીં, રાજેન્દ્ર! કદી નહીં.

ગિરિરાજ : રાણીજી! એ તો બ્રહ્માક્ષર.

રાજરાણી : બ્રહ્માક્ષરે ત્‍હારે ભૂંસીશ હું.

ગિરિરાજ : નહીં ઉથાપાય કોઈથીયે
એ રાજવેણ ને પ્રજાવેણ.

રાજરાણી : રાજરાણી ઉથાપશે એ રાજવેણ.

ગિરિરાજ : જયન્તના જયને શોભે છે,
આપ્તજનોના અન્તરમાં ઊગે છે,
મન્ત્રીશ્વરો પ્રમાણે છે,

લોકસભા સત્કારે છે આદરથી;
રાણીજી ! નહીં સ્વીકારો શું ત્હમે તે ?

**રાજરાણી** : પૃથ્વી ચળે, આભ પડે,
બ્રહ્માંડ તૂટે, પણ નહીં, રાજેન્દ્ર !
ત્ય્હારે જ મ્હેં સિંહાસન ત્યાગ્યું,
જ્ય્હારે મહાજનોએ હા ભણી.
હું બન્ધાઈ નથી એ લોકવેણથી.

**ગિરિરાજ** : જયન્તને નહીં જ પરણે શું જયા ?

**રાજરાણી** : ના; રાજકુમારને જ પરણશે રાજકુમારી.

**ગિરિરાજ** : ગિરિદેશનો ગઢ જયન્ત;
ઇન્દ્રપુરીનો ઉગારનાર જયન્ત;
દેવોનો પ્રિયતમ જયન્ત;
યોગીઓની આશા જયન્ત;
દસ્યુઓનો દાવાનલ જયન્ત.
ગિરિદેશનું સિંહાસન મંડાયું છે
એના પિતાના દેહપાવઠડે;
એ મન્ત્રીશ્વરનો કુમાર જયન્ત.
એ જયન્ત જયાને ન પરણે ?
રાણીજી ! રણવાસના ગોખથી નહીં,
યોદ્ધાઓની આંખે નિહાળો.
છે એવો આજાનબાહુ સુભટ કો
સ્વર્ગમાંયે ઊડે છે જયધ્વજ જેના ?

રાજરાણી : જયન્તને માથે રાજમુગટ નથી,
હાથે રાજદંડ નથી.
બેસવા રાજસિંહાસન નથી.
રાજમુગટને, રાજદંડને, રાજસિંહાસનને
પરણશે ગિરિરાજની રાજકુમારિકા.

ગિરિરાજ : કલા નમતી ભાસે છે
અમ ક્ષત્રિયતેજની.
રાણીજી ! ક્ષત્રિયોના સ્વયંવર
સંસારની સમૃદ્ધિના, કે શૌર્યના ?
કુંવરી વરાવશો રાજ્યને કે રાજવીને ?
આવતી કલિસેનાના પડઘા સમા
ગાજે છે તમ બોલ આજ.
હાલવાતા ભાસે છે ચન્દ્ર ને સૂર્ય
નિજ આત્મજોના અન્ધકાર નિહાળીને.
નિરખું છું ગિરિદેશનેયે
અગ્નિની જ્વાળામાં ન્હાતો.
પરે છે–પડે છે જાણે
મ્હારાયે માથેથી મુગટ !
રાણીજી ! પુત્રી મ્હારી કે ત્હમારી ?

રાજરાણી : ગર્ભ મૂકી વેગળા રહ્યા. રાજેન્દ્ર !
મ્હેં પોષી, ધવરાવી, ઉછેરી.
આજ પધાર્યા છો પાછા
પોતાની કહી પારકી કરવા.

સારા સંસારને પૂછો, રાજવી !
પુત્ર પિતાના, પુત્રી માતાની.

ગિરિરાજ : રાણીજી ! વાણી વેરાઈ જશે.
ગિરિદેશનો ગિરિરાજ
રણવાસમાં મહારાણો નથી,
રાજમહેલમાં રાજવી નથી,
એ અનુભવું છું આજે.

રાજરાણી : ગિરિદેશમાં રાણાજીનાં રાજ્ય,
પણ રણવાસમાં તો રાણીજીનાં, હો !

ગિરિરાજ : જયન્તે દિગ્વિજય કીધો—

રાજરાણી : ના, નથી જીત્યું મ્હારું દિલ કુમારે.

ગિરિરાજ : ત્ય્હારે કય્હાંનાં ન્હોતરશો ઓજણાં
એ તમ કુંવરીબાને કાજ ?
જયન્તની જોડ છે જગતમાં ?

રાજરાણી : સારું જંગત મોહ્યું છે જયા ઉપર તો.
આવે છે ખંડખંડમાંથી માગાં.
ધરાવીશ જયાની લગ્નમાલા
આર્યચક્રચૂડામણિ કાશીરાજવીને.

ગિરિરાજ : રાણી ! પાળશે કાશીપતિ
રામવ્રતની આપણી કુલમર્યાદ ?

રાજરાણી : પુણ્યવંતા સહુયે તે પાળશે.
—ને દશરથવ્રતે ક્યહાં દાનવનાં છે જે ?
શિકારે સિધાવો છો, રાજેન્દ્ર !
ત્ય્હાં ભાળ્યા ક્ય્હીં
હરિણહરિણીના કુરંગરાજ ?
એક રાજસિંહાસનને
ચાર પાયા હોય સુવર્ણના.

ગિરિરાજ : પણ મુગટ તો એક જ.
કુલવ્રત વિસારશો,
લોકસભાનાં રાજવેણ લોપશો,
સ્વામીનાયે આદેશ ઉથાપશો,
શી સાધશો એથી સિદ્ધિ ?

રાજરાણી : સાધીશ એક જ મહાસિદ્ધિ :
જયા થશે આર્યકુટુંબની મહાદેવી.

ગિરિરાજ : પણ સ્મરણે છે, રાણીજી !
દેવર્ષિની ભવિષ્યવાણી ?
'જયાનો દેહ નહીં વટલાય;
જયા બ્રહ્મચારિણી રહેશે.'

રાજરાણી : નથી ભૂલી, રાજેન્દ્ર !
જન્માક્ષરમાંના ગ્રહભાવ કે નક્ષત્રલેખ.
મહાત્માનું મહાવાક્ય છે કે
'જયા હૃદયરાણી થશે
રાજરાજેન્દ્રોનાયે રાજેશ્વરની.'

ગિરિરાજ : એ રાજેશ્વર તે જયન્ત.

રાજરાણી : અપમાનો મા, મહારાજ !
મ્હારી કે આપની સુબુદ્ધિને.
નથી ગામ કે ગરાસ,
તે રાજરાજેન્દ્રાનો રાજાધિરાજ ?

ગિરિરાજ : એ છે જયન્ત, દેવલોકનો યુવરાજ.
દૈત્યોનો જય એ જ એનાં સામ્રાજ્ય.
નથી અન્યથા એવાં મહારાજ્ય
આત્માના અમીરને જગતભરમાં.
સુરેન્દ્રના કોપનું વજ્ર—

રાજરાણી : ધરતી જેટલી સ્રીઓ છે અવિચળ.
આજ જ પાઠવું છું લગ્નપત્રિકા.

જાય છે.

ગિરિરાજ : (જતાં જતાં રાજરાણીને)
તો વેઠજો ધરિત્રી જેટલી ધીરજથી.
(સ્વગત)
અહા ! રાજ્ય ચલાવવાં અઘરાં છે,
પણ એથીયે છે અઘરાં-અઘરાં
ખેડવાં રાજકુટુંબમાંનાં રાજતન્ત્ર.

૨.૪૬.૬૩૬
આર્ટસ એન્ડ ... કૉલેજ.
પ્ર. નં. ......
વિ. નં. ......

# પ્રવેશ ત્રીજો

❋

**સ્થલકાલ: રાજમહેલની અગાસી ને ચોક.**

**જયા :** (અગાસીની પાળે બેઠેલી વિચારનિમગ્ન)
જિંદગી એટલે શું ?
અન્ધારું કે અજવાળું ? સુખ કે પુણ્ય ?
ઓ જિંદગીના જાણણહાર ! કહો :
જિંદગી એટલે રાત્રિ કે દિવસ ?
નિવૃત્તિ કે પ્રવૃતિ ? વસન્ત કે ગ્રીષ્મ ?
આજ જન્મતિથિ છે મ્હારી,
પૃથ્વી ફરી રહી વીશ પ્રદક્ષિણાઓ સૂર્યની,
પૂછું છું ત્હમને પાલવ ઢાળી,

ઉત્તર આપો, ઓ ગેબના ગુંબજ !
જીંદગી એટલે શ્રેય કે પ્રેય ?

વળી વિચારમાં પડે છે.

તે દિવસે હિમગંગા ઊતરી.
દેવગિરિનું શિખર ડોલ્યું;
ગગનના સ્તંભ સમોવડ
દેવદારુના વૃક્ષરાજ પાડયા, ઉખાડયા,
વનેવન ખીણેખીણ ને ગુફાગુફામાં,
મેઘદુંદુભિના મહાશબ્દ સરીખડી,
ધ્વનિ અને પ્રતિધ્વનિની ગર્જનપરંપરા
ગજાવી જગતને જગાડયું,
અમૃતના હાથે ઉગારી લીધી કુમારે
એ વમળઘોઘના મૃત્યુમુખમાંથી મ્હને.
જગત્‌વાસીનું જીવન એટલે
હિમગંગાના મહાપટમાં રમવું.

વળી વિચારે છે.

દેવર્ષિજીએ દાખવ્યું છે કે
સાધુઓને તો શ્રેય તે જ પ્રેય,
ને પ્રેય તે જ પરમ શ્રેય :
પુણ્ય તે જ નિત્યસુખ,

ને સુખ તે જ સદ્ધર્મ.
દેહ ને દેહી ઉભયને ઉદ્ધારે
એ જ યોગીરાજ જીવનમુક્ત.
આજે સાચી ને કાલે સાચી.
કાલોદધિના તરંગો ઉપર
જિંદગી એટલે કલ્યાણયાત્રા.

રાજકુમારીના શણગાર સજી ચોકમાં
નૃત્યદાસી આવે છે.

**નૃત્યદાસી** : કાલ કોણે દીઠી છે?
સાચો છે આજનો જ મહિમા.
આથમે છે તે ઊગવાને માટે ?
આથમેલાં કેટકેટલાં ઊગ્યાં ?
ઊગવાં હોય તો આથમે કેમ?
તપે છે એટલાં જ અજવાળાં.
–અરેરે ! એટલા રસખેલ કાજે,
દીક્ષાભ્રષ્ટ કીધા મ્હારા યોગીન્દ્રને–
આજે જન્મોત્સવ છે જયાબાનો,
ઉતાર્યો શોભાનો રાજશણગાર,
ને શણગારી દાસીઓની દેહને.
ઓઢયો પોતે યોગનો અંચળો,
ને જગાવી એકજ્યોત યોગજ્વાળા.
એવાં આવ્યાંના અનાદર

ને આશાનાં અવલમ્બન,
એ તે કિયા ભવનાં આળપંપાળ?

જયા : કોણ છે એ, ચોકમાં? નૃત્યદાસી?
દાસી જ છે રાજકુમારીના વેશમાં.
ભૂલે છે, સ્વપ્નામાં બોલે છે તું.
માયાવી છે એ વચનો,
ત્હારાં વસ્ત્રો જેવાં જૂઠડાં.

ચોકમાં ઊતરે છે.

નૃત્યદાસી : સ્હવાર, બપોર ને સ્હાંજ
પ્રકાશ પ્રગટે, ને પીવાય નહીં !
આ રંગરંગીલા રણવાસ !
શા વૈભવ ને શા વિલાસ!
યૌવન ને સૌંદર્યનો સાગરસંગમ;
મંહી ઊડે છે–અપ્સરાઓ સમોવડાં–
યુવતીઓનાં ચંદનહોડલાં.
શા ઝંઝાનિલ વાય છે ઉદ્દીપનના !
ઇંદ્રચાપની ચૂંટી છે રસકલગી સહુએ.
શી ભરતીઓ ઊછળે છે અભિલાષની !

જોગીરાજનો અચળો ઓઢેલ
જયાકુમારી ચોકમાં પધારે છે.

વસવાં વિહારના પરમ ઉપવનમાં,
ને આણ મૂકવી 'સુગન્ધ ન લેશો !'
રાજમહેલની મદમોહિનીમાં જીવવાં,
ને ભાખવું 'ન ભોગવશો એ મોહસ્વપ્નાં !'
ચન્દ્રભવન સમા જ્યોત્સ્નારંગી પ્રાસાદ
કેમ કરાય ગુફા સમા યોગાશ્રમ ?

જયા : દાસી ! શી માંડી છે આત્મપરીક્ષા ?
જગતના મહેલોમાં નથી તુજ સરીખડી
સહુયે વેશધારી રાજકુમારિકાઓ.
સૌન્દર્ય શોભે છે શીલથી,
ને યૌવન શોભે છે સંયમ વડે;
ને રાજમહેલના ગોખ છે ઉજ્જવળા
મહેલવાસીઓના પ્રભાનિર્મળ પુણ્યાચરણથી.
ઉરમાંથી જાળું ફ્હાડી તું
કાં બન્ધાય છે પંડે જ તેમાં કરોળિયો ?

નૃત્યદાસી : જયાબા ! અંધકાર જીત્યા જાણ્યા ?

જયા : અંધકારનાં દળવાદળ અઘોર છે,
પણ પ્રભાકરની પ્રભા ત્હેમને ફેડે.
દાસી ! પાપથી પુણ્ય બળવંતાં, હો !
અમારા ઉત્તરાખંડમાં તો
છ માસની રાત્રિ, છ માસનો દિવસ;
પખવાડિયાની તો ઉષા ઊગે.
પીધાં હોય એ બ્રહ્મઉષાનાં અમૃત,

અજબ પ્રકાશવન્તાં પ્રભુનાં એ પ્રભાત,
તેમને અંધકાર જીતવા અઘરા નથી.

નૃત્યદાસી : હિમગંગા પડી તે રાત્રિએ
યોગીન્દ્રને દીક્ષાભ્રષ્ટ કીધા—

જયા : તું હીનભાગી જ છે, દાસી !
યોગાશ્રમ યોગ કાજે છે
કે અપ્સરાઓ નચાવવાને ?
અરેરે ! કેટકેટલા યોગીઓને ઉથાપ્યા
યોગીઓની એ યોગસિદ્ધિઓએ ?

નૃત્યદાસી : સ્વર્ગમાં ક્યહાં નથી નાચતી
એ અપ્સરાઓ જે ?

જયા : ત્હારા સ્વર્ગ કરતાંયે ઉન્નત છે
ગિરિદેશના અમ યોગાશ્રમો.
બ્રહ્મધામનાં આ તો છે બારણાં.
દાસી ! તું શું લેઇશ ?
સુખ કે શાંતિ ?

નૃત્યદાસી : સુખ, જયાબા !

જયા : શાંતિ, દાસી ! ભૂલી.
શું લેઇશ ? આત્મા કે દેહ ?

નૃત્યદાસી : દેહ, જયાબા !

જયા : આત્મા, દાસી ! ભૂલી.
દેહ નશ્વર છે; આત્મા અમ્મર છે.

નૃત્યદાસી : આત્માને માણવાની છે અનન્તતા,
દેહને માણવાની છે અવધો.
આત્મા અમ્મર છે, જયાબા !
માટે જ પછી :
દેહ નશ્વર છે, જયાબા !
માટે જ પહેલો.
મૃત્યુ પછી ક્ય્હાંથી માણીશું દેહને ?

જયા : રાજકુમારીના શણગાર સજ્યે જ
ન થવાય રાજકુમારી.
રાજહૃદયની કુમારિકા
એ જ છે જગતમાં રાજકુમારી.
ત્યાગજે આજથી ગિરિરાજનાં રાજભવન.
મ્હારા તો રાજમહેલોયે છે
યોગના આશ્રમ સરીખડા.
જા, મા અભડાવતી દેવગિરિને
ત્હારા શ્વાસોચ્છ્વાસથીયે.

નૃત્યદાસી : પૃથ્વી વિશાળ પાથરે છે પટ પોતાનો,
રાજકુમારી ! ત્હમારે ને મ્હારે કાજ.

નૃત્યદાસી ખીણોમાં ઊતરે છે. જયાકુમારી
વળી વિચારવમળે ચ્હડે છે.

જયા : જિંદગી એટલે શું ?

# પ્રવેશ ચોથો

**સ્થલકાલ : હિમાલયમાંના એક સરોવરને કાંઠે**

—:—

આગળ એક હંસ દોડતું ઊડી જાય છે. પાછળ જયન્ત અને જયા તેને પકડવા દોડતાં આવે છે.

**જયા :** ગયો ! ઊડી ગયો, જયન્ત !
એ રઢિયાળો રાજહંસ.

**જયન્ત :** ઊડયો, ગયો, ન ઝલાયો,
કવિની કો કલ્પના સમો.
પિંજર ત્હારાં સૂનાં પડયાં.
પણ જયા ! કહીશ ?
એ હંસ હતો કે હંસી ?

જયા : ન ઝલાય ન તે હંસ;
કેસરી સમાં વીર પગલાં ભરતો.

જયન્ત : ન ઝલાય તે હંસી;
કેસરિણી સમી મનોવેગે ઊડન્તી.

જયા : પાંજરે ન પુરાય
તે મેના કે પોપટ ?

જયન્ત : વનની મેના.

જયા : ઉપવનના પોપટ.

જયન્ત : બન્નેયે, જયાદેવી !
એકજ વેલીનાં ફૂલ;
હું ને તું બન્નેયે સરખાં;
ન ઝલાય કોઈ કોઈનાથી.
જયા ! ગાઇશ ત્હારું
હંસોને આવાહનનું ગીત ?

જયા : આવશે હંસ એ સુણીને ?

જયન્ત : ત્હારી હલકે આભ ટોળે મળે,
તો હંસ શું નહીં પધારે ?
માનસસરોવરે સૂનાં લાગશે
સાંભળશે ત્હારું ગીત જ્યારે હંસ.

જયા : હેં જયન્ત ! ગાઉં ત્યહારે ?

હંસોને આવાહનનું ગીત ગાય છે.

સૂના આ સરોવરે આવો,
 ઓ રાજહંસ! સૂના આ સરોવરે આવો.
જૂના એ ગીતને જગાવો,
 ઓ રાજહંસ! સૂના આ સરોવરે આવો.
ક્યહાં શુભ માનસર? ક્યહાં અમ રંક આરો?
ક્યહાં પુણ્યશ્વેત વપુ? ક્યહાં ગિરિ આ અમારો?
 ઓ દેવપંખી! કંઈ દૈવી નથી, તથાપિ
ઉદ્ધારવા અમ સરોવરિયે પધારો.

પાછળ સરોવરમાં એ હંસ આવી તરે છે.

લીલા લહેકન્તા કાંઈ કંઠે મજાના,
સ્નેહે નમન્તા ધારે પગલે લજ્જાનાં,
અમારાં નીર આ સુહાવો
 ઓ રાજહંસ! હૈયાને સરોવરે આવો.
હૈયાને સરોવરે આવો,
 ઓ રાજહંસ! હૈયાને સરોવરે આવો.

જયન્ત: આભમાંથીયે ઊતર્યાં તારલિયા
સોહામણે ત્હારે સરોવરને તીર;
જયા! જો જલની વેલોમાં.

જયા: હંસોની પુણ્યજ્યોત બેલડી.
ચાલ, પકડીએ, જયન્ત!

જયન્ત : ધીરી, જયા ! ધીરી ;
ઉતાવળી થયે ઊડી જશે.
કલાથી ઝાલજે એમને, જયા !
એ તો રઢિયાળા રાજહંસ.

જયા : અહા ! કેવા શોભે છે !
સરોવરના વાદળિયા આભમાં
મુગટધારી બે ચન્દ્ર.
ચાલ; જયન્ત ! ઝાલીએ.

જયન્ત : એક જ જલના
જાણે બે કમલપુંજ.

જયા અને જયન્ત હંસોને ઝાલવા જાય છે.
(જતાં જતાં સ્વગત)

નથી–નથી આ રાજહંસીને
સ્વર્ગનાં શિખરો ઓળંગવાંયે અઘરાં.

જયા : (જતાં જતાં સ્વગત)
રસપંખાળો આ મ્હારો રાજહંસ.
જગતના આભથી તો છે
ઊંચેરી અગાસીઓ એની.
ઊડશે બ્રહ્માંડ વીંધી બ્રહ્મઆંગણે.
ઊડજે, જયન્ત ! અંતરાય નહીં કરું.

સરોવરને એક કાંઠે જયન્ત ને
સ્હામે કાંઠે જયા જાય છે.

જયન્ત : જયા ! ઝાલજે હો–કલાથી.

જયા : જયન્ત ! પકડજે એ પંખીને,
પૂરવા છે બન્નેયને પિંજરામાં.

જયન્ત : જયા ! એકજ જલનાં એ પંખી.

જયા : જયન્ત ! એકજરંગી એ પંખી.

બન્ને જલમાં ઊતરે છે. ફૂલપાંખડીઓની પાંખે ઊડતા મનોજદેવ અન્તરિક્ષે આવે છે.

મનોજ : મનોજ ! ચ્હડાવ ત્હારું સર્વજેતા ધનુષ્ય.
ઉઘાડાં છે આ રસબેલડીના
આત્માનાં દુર્ગદ્વાર અત્યહારે.
માર ત્હારાં ફૂલનાં બાણ.

પુષ્પધન્વા એ બાણ છોડે છે. જયા કે જયન્તને ન વાગતાં તે સરોવરમાં પડે છે.

અરે ! નિષ્ફળ ? ફોગટ ?
ભૂલ્યો, મનોજ ! ચૂક્યો ત્હારૂં લક્ષ્ય ?
અજીત ધનુષ્યે હાર્યું ત્હારું આજ.
નથી ચ્હડી હજી, ઓ મન્મથ !
પૃથ્વીની ખુમારી ત્હેમના પ્રાણને,
તેજશ્શરીર રાજહંસ સમોવડા
આત્માઓ એમના છે ઉજ્જવળા.
આ ઉપવન નથી ત્હારે રમવાનાં.

મનોજ અદૃશ્ય થાય છે. થોડી વારે જયા અને
જયન્ત બંને એક એક પંખી ઝાલે છે.

જયા : ઝાલ્યો, જયન્ત! ઝાલ્યો હો;
ચાંચે ન વાગી, ને ઝાલ્યો!

બન્ને મળે છે.

જયન્ત! ઝાલ્યો મેં તો રાજહંસ
કરવેલડીના પિંજરમાં.

જયન્ત : ને પૂરી છે મેંયે રાજહંસી;
હૂંફ દે છે તે હૈયામાં.
જયા! હંસે ઝલાય,
ને હંસીયે ઝલાય–આવડે તો.
પુરાય બન્નેયે પાંજરે.

જયા : પણ કેવું ઊજળું ને કુમળું,
ચાંદીનું જ જાણે ઘડેલું શરીર!

જયન્ત : મોતીનો છે ચારો, જયા!
એટલે ચન્દ્રિકાની જ દેહ.

જયા : પુણ્યની વાડીઓમાં વસે,
તો માનવીનાંયે ઊઘડતાં હશે
આવાં જ પુણ્યસ્વરૂપ ને?

જન્યત : અલબત, જયા! એમ જ.
પુણ્યશાળીની પુણ્યમુદ્રા
ને પાપભક્ષીની પાપમૂર્તિઓ.

જયા : કમળપાંદડીની કુમાશ છે
એમની પિચ્છકલામાં;
ને જયન્ત ! જોઇ
એમની અમૃતભરી આંખડલી ?

જયન્ત : એ અમૃતની આંખે જ
ઓળખે છે નીર ને ક્ષીર;
ને કરે છે જુદાં એમને,
વિષ ને અમૃત જેવાં.
માનસસરોવરનાં નિર્મલ જલનાં વાસી
નિર્મળું નિર્મળું જ નીરખે, જયા !
એમનાં નયનોમાં જ નિર્મળી.

જયા : એવા મહર્ષિ સમા પંખીરાજને
પિંજરમાં પૂરવા તે પાપ નથી ?
એક પ્રાસાદમાં પૂરીએ તો
બ્રહ્માંડ કેમ અજવાળશે સૂરજ ?
જાઓ, ઊડી જાઓ, રાજહંસ !
ત્હમારા તેજલોકમાં.
નથી ત્હમારે લાયક
આ દેહ કે દેહી.

જયા હંસને ઉડાડી મૂકે છે.

જયન્ત : હંસ ઊડયે હંસી ઝૂરતી ન રખાય,
ને પાપ લાગે પરમાર્થીને પણ.
ન રખાય–ઝૂરતી ન રખાય

હૈયાને પિંજરેય તે.
જાઓ, હંસીરાણી ! પોતાને દેશ.

જયન્તે હંસીને ઉડાડી મૂકે છે.
બન્ને ઘડીક વિચારશીલ ઊભે છે.

જયા ! હતાં ત્હેવાં રહ્યાં,
હાથ ને હૈયાં !

જયા : રંકને લાધ્યાં રતન,
ત્હેમને ક્ય્હાંથી આવડે જતન ?
જલધિનાં મહાજલને પૂર
ઊડી પડયાં આપણાં જવાહર !
ડૂબ્યાં આપણાં રત્નો મહાસાગરમાં !

જયન્ત : ગા ત્હારું ગીત, જયા !
ને ફરીથી ન્હોતર ત્હારા ચોકમાં
એ રાજહંસોની જમાતને.
રજની નથી ઊતરી કાંઈ,
દિનનો દિનમણિ તપે છે હજી.
આવશે એ જગતના શિખરવાસી.
જમાવ એ અવધૂતના અખાડા.

જયા : ગયાં ક્ય્હાં આવે છે કોઇ ?
આવવું હોય તો જાય શા માટે ?

જયન્ત : ત્હેં ઉડાડયાં ત્ય્હારે ગયાં, જયા !

જયા : તો હું આવાહન ગાઉ,
આમન્ત્રુ છું એ અમરોને.
એ નહીં તો તું સાંભળ.

હૈયાને સરોવર આવો,
ઓ રાજહંસ ! હૈયાને સરોવર આવો.

*રાજહંસોને આવાહનનું ગીત ગાતાં સરોવરતટના વનમાં બન્ને ફરે છે.*

# પ્રવેશ પાંચમો

★

**સ્થલકાલ : એક વનમાંના ઉદ્યાનમાં સન્ધ્યા**

બંસી વાતા કાશીરાજ આવે છે.

**કાશીરાજ :** વનમાં છે તે નગરમાં નથી.
ઘટાનાં શાં આ ગાઢાં જૂથ !
ને શો મંહીનો આ દેવનન્દન !
જાણે મોહનાં ઉપવન.
અહીં ઊતરતી હશે
દેવાંગનાઓ વિહાર ખેલવા.
સ્વીકારી મેં ગિરિદેશની લગ્નપત્રિકા,
ને જાઉં છું દેવગિરિનાં શિખરોમાં.
આજની રાત્રિ શિબિર માંડયાં

સૌન્દર્યવનની આ કુંજોમાં.
નવયૌવનાનાં અંગો સરીખડી
શી ફૂલડે ફૂલી છે ફૂલવાડી!
ઓ નિર્જનતાંની નિવાસિની!
ત્હારો રસદેવ ક્ય્હાં ?

વેલઘટામાં ફરે છે. ફૂલ વીણતી
ગાતી શેવતી આવે છે.

શેવતી : વીણો વીણોને ફૂલડાંના ફાલ,
ફોરે એવાં હૈયાં, સખિ!
ગૂંથો ગૂંથોને ફૂલડાંની માળ;
ગૂંથો એવાં હૈયાં સખિ!

કાશીરાજ : (વેલીજૂથની પાછળથી)
અહોહો! ફૂલદેવીનું જાણે ગીત!
વીણ, બાલે! વીણ સંસારનાં ફૂલડાં
અનન્તતાના એ ઉઘાડમાં.

શેવતી : સરખી સાહેલી કોઇ વીણવા ન આવે,
વીણું હું વનને એકેલી રે;
વીણું અલબેલી હું ફૂલ ફૂલની વેલીને
વીણું ને થાઉં ઘેલી ઘેલી;
હો! વીણો એવાં ફૂલડાં, સખિ!

કાશીરાજ : એ ટહુકો! જગતની કોયલ બોલી!
પુષ્પપુષ્પની પાંદડીમાં

પ્રગટાવે છે કિરણો એ ટહુકાર.
બાલે! ત્હારા કંઠમાં જ છે ઝરણ
વિશ્વના સમસ્ત શબ્દમાધુર્યનું.
શી કૌમારની છે કુમાશ
એની સૌન્દર્યની ઓઢણીમાં!
શાં ત્હારી દેહલતાનાં નૃત્ય!
આ પુષ્પલતાઓનેયે લજાવે!
અપ્સરાઓ સહુ શિષ્યાઓ હશે ત્હારી.
બાલે! કોના સદ્‌ભાગ્યની
તું છે કલ્યાણવિધાત્રી?

શેવતી : આઘે આઘે છે મઢૂલી જોગીની મ્હારા,
પાસે છે ફૂલડાંની વાડી રે;
સાધીશું જોગ સ્નેહગંગાને કાંઠડે,
વીણીશું ફૂલ દ્હાડી દ્હાડી,
હો! વીણો એવાં ફૂલડાં, સખિ!

કાશીરાજ : દિલ દોડી ગયું, ને દેહ રહી;
આવશે તેય તુજ પૂજનાર્થે, સુન્દરી!
ઝળહળે છે ત્હારી સૌન્દર્યજ્યોતિ,
ઊડે છે ત્ય્હાં આ પ્રાણનું પતંગ.
ધીરી થાઓ, પાંખો! ધીરી;
દાઝશો કે દઝાડશો મા.

શેવતી : આઘે-આઘે, પણ કેટલેક?
જન્માક્ષર કહે છે ગંગાને કાંઠડે

પણ ક્યહાં ? ને કોણ
આ કુમારીનો રસજોગી ?
પાછી વળી, ન આવી સખીઓ
વીણવા એટલે આઘેનાં ફૂલ.
ભરાઈ મ્હારી છાબ તો કાંઠાભર
વનની સુવાસલક્ષ્મીથી.
આંબાની ડાળે છે મ્હારો હીંચકો.
ચાલ, ચ્હડાવું ગગનની ઘટામાં
આ મ્હારોયે ઝૂલો.

ઝૂલે ચ્હડી ઝૂલતાં ગીત ગાય છે.

**મારો હીંચકો રે અમરવેલડીની માંય.**

ગીતમાં કાશીરાજ બંસી પૂરે છે.

એ વેણુ !– કોણે વાઈ
એ હૈયાવેધણ વેણુ ?
નથી ચ્હડતો, આડો થયો
ઝૂલોયે આજ–સખીઓ સરીખડો.

બંસી વાતા કાશીરાજ પ્રત્યક્ષ થાય છે.

કાશીરાજ : દેવબાલે ! પુષ્પોમાંયે પુષ્પતા પૂરો છો,
વેણુનાંયે વાગીશ્વરી છો.
મ્હને ઝુલાવવા દેશો ?
દેવને ફૂલહિ-ડોલે ઝુલાવે છે,
ફૂલપાંદડીને અનિલલહર ઝુલાવે છે,

આવડશે તો એવું ઝુલાવીશ
તમ દેહકલિકાનેય તે.

શેવતી : અગ્નિહોત્ર છે અમારે ત્હાં;
દેવકન્યા નથી, હું બ્રહ્મકન્યા છું.
આજ ઝૂલીયે આડો થયો,
સખીઓ સમોવડો.

કાશીરાજ : પણ વિધિ વાંકો નથી મ્હારો.
રસનાં રસેશ્વરી ઝૂલે;
ઝૂલો એવાં વનઘટાઓમાં,
ને ગાઓ ત્રિલોકવેધી તે ગીત.

કાશીરાજ ઝુલાવે છે. ઝૂલતાં ઝૂલતાં
શેવતી હીંચકાનું ગીત ગાય છે.

શેવતી : મ્હારો હીંચકો રે અમરવેલડીની માંહ્ય;
અમરવેલડીની માંહ્ય;
અમરવેલડીની માંહ્ય;
મ્હારો હીંચકો રે અમરવેલડીની માંહ્ય.
વીજળી જ્યમ ગગન માંહ્ય,
કવિતા કવિનયન માંહ્ય,
એમ હીંચી હૃદય માંહ્ય,
પ્રેમરાય
ગાય;
પ્રેમહીંચકો રે હૃદયવેલડીની માંહ્ય;
હૃદયવેલડીની માંહ્ય,
હૃદયવેલડીની માંહ્ય,
પ્રેમહીંચકો રે હૃદયવેલડીની માંહ્ય.

એક છલંગ મારી શેવતી હીંચકેથી ઊતરે છે. (સ્વગત)

કંદર્પનો જ અવતાર!
પ્રાણમાં પૂર ચ્હડે છે
નીરખી નીરખીને એમને તો.

કાશીરાજ : પદ્મને હિન્ડોલે હીંચતાં
જગલક્ષ્મી છો, કુમારિકે!
આશીર્વાદ દેશો અતિથિને?

શેવતી : મુગટ ભાખે છે ત્હમને રાજવી.

કાશીરાજ : એ મુગટ પહેરશો?
રસયોગીન્દ્ર દુષ્યન્તરાજે
પ્હેરાવ્યો હતો સૌન્દર્યદેવી શકુન્તલાને.

શેવતી : દિલને દિલ અડકે, રાજેન્દ્ર!
તો દીપક પ્રગટાવે અજબ જ્યોતના.
દીઠા ત્ય્હારથી દૃષ્ટિએ વધાવ્યા.
પ્રીછ્યા ત્ય્હારથી પ્રાણથી પોંખ્યા છે.
મુગટધારી ઓ મહેમાન!
માગો છો એવું આપજો.

કાશીરાજ : હૈયાં હિન્ડોળે ચ્હડયાં.
ને એ હીંચકોયે છે
અખંડ ડોલનનો.

શેવતી : વગાડો ત્હમારી વેણુ,
ને જગાડો જીવનનો મન્ત્ર.

એ આંબેથી એ કોયલ ટહુકે છે.

થોભો, રાજેન્દ્ર ! થોભો;
મા વાશો એકલડી એ વેણુ.
મા વીંધશો એ શબ્દબાણે.
હું યે ભણીશ પાઠ,
ને ત્ય્હારે માંડીશું રસસંગ્રામ.
બોલશે ઓતપ્રોત આપણી બંસરીઓ,
આ આંબાની ડાળો સમી,
આ કોકિલવીણાના બોલ સમી.

**કાશીરાજ :** આજનો જ અતિથિ છું
બ્રહ્મબાલે ! તમારો;
પ્રભાતે પંખી ઊડી જશે;
દેશો આતિથ્યનાં એંધાણ ?

**શેવતી :** દીઠાં હશે દિલનાં કમળો,
તો પધારશો પાછા રાજહંસ.
સજ્જનની સદ્વાંચ્છના જ હોય.
શું ઇચ્છો છો ? રાજેન્દ્ર

**કાશીરાજ :** દેહ છે દેહનો ભૂખ્યો,
આત્મા છે આત્માનો તરસ્યો.
એક જ અભિલાષ, કુમારિ !
ક્ષત્રિયરાજના યશમુગટે
બ્રહ્મજ્યોતની કલગી થાવ.
સુન્દરીકુલશોભન મુજ શકુન્તલા—

શેવતી : આતિથ્ય લઇ આતિથ્ય ન વાળ્યાં
એ પુરાણકીર્તિ દુષ્યન્તરાજ.

કાશીરાજ : એ તો શાપનાં વિસ્મરણ.
ત્હમારી તો બ્રહ્મબાલે!
આશીર્વાદની સ્મૃતિઓ,
અસ્તિત્વના થાળમાં જડેલી.

શેવતી : તો ત્હમારાં જ છે રાજેન્દ્ર!
પ્રાણનાં મન્દિર ને દેહના મહેલ
નવલખ તારાઓની સાખે.

કાશીરાજ : બ્રહ્મબાલે! ઊભો છે વિરાટ
કોટિ નયને નીરખતો આપણો કોલ.
કોયલ સાક્ષી, ને ફૂલડાં છે સાક્ષી.
ફૂલડાં ફોરશે ને કોયલ ટહુકશે
ત્યહાં સુધી આપણેય બે
ટહુકશું ને ફોરશું
રસની અમૃતકુંજોમાં.

પરસ્પરને સત્કારે છે.

ચાલો, ચાલો, સલૂણી! રસકુંજમાં.

શેવતી : ચાલો, ચતુર સુજાણ!

કાશીરાજ : ઊગ્યા નયનોમાં ભાગ્ય,

2.45.53

શેવતી : મ્હારા પરમ કલ્યાણ !

કાશીરાજ : રસકુંજમાં.

ચાલો રસની સરિતાને ઘાટ હો !
ચાલો, ફૂલડાં ને વેલી પૂરે વાટ હો !

શેવતી : મ્હારા રસિયાને માટ;

રસકુંજમાં.

શેવતી : (ઉપવન દાખવતી)

ખીલ્યો સુન્દર શો બાગ !

કાશીરાજ : (શેવતીનું દેહોદ્યાન દાખવતા)

ખીલ્યો સુન્દર શો બાગ !

શેવતી : (ઉપવન દાખવતી)

મહીં મધુરા પરાગ;

કાશીરાજ : (શેવતીનું દેહોદ્યાન દાખવતા)

મહીં મધુરા પરાગ;

શેવતી : (સ્નેહલજ્જાથી કાશીરાજના વિશાળ વક્ષઃસ્થળ ઉપર માથું ઢાળી દઈ)

મ્હારા અખંડ સૌભાગ્ય !

કાશીરાજ : રસકુંજમાં.

વનઘટામાં જાય છે.

---

# પ્રવેશ છઠ્ઠો

❁

**સ્થલકાલ : યોગીજનોની યોગગુફા**

દેવર્ષિ : જગતનું મહાભારત આજે ઉઘાડું,
ને વાંચું મહીંથી ત્રિકાળનાં ત્રણ પર્વ,
આદરું વિશ્વદર્શનની સમાધિ.
ને ઉકેલું બ્રહ્માંડના પરમ ભેદ.

*ગુફામાં આસન વાળી સમાધિ જમાવે છે.*

ફાટો, ઓ ધરતીની ગુફાઓ !
યોગીના આદેશ છે;
પાઠવો પુરાણજોગી ભૂતકાલને.

પૃથ્વીમાંથી ભૂતકાલ પધારે છે.

ભૂતકાલ : યોગીરાજ ! આદેશ.

દેવર્ષિ : બચ્ચા ! જગતની શી સેવા સાધી ?

ભૂતકાલ : યોગીરાજ ! ઇતિહાસમૂર્તિ છું.
સૃષ્ટિનું સ્મરણ છું,
માનવકથાનું મહાકાવ્ય છું.
ચિત્રવિચિત્રનો ચોપડો છું.
મહાપુરુષોના અનુભવ છું, ડહાપણ છું.
ઉદ્ધાર દૃષ્ટિ છું, યોગીન્દ્ર !
અમૃતાક્ષરે લખું છું સત્કર્મો સાધુઓનાં,
બોધના શબ્દે આલેખું છું
જીવનભૂલો કો અસાધુઓની.
ઢાંકેલા ધરા, ભયની ગુફાઓ,
દાખવું છું પ્રવાસીઓને.
મનુષ્યના મનુષ્યત્વના
લખ્યા છે ચાર વેદ મેં,
ને મૂકયા છે ચાર દિશાઓમાં.
દેવર્ષિ ! સૃષ્ટિનો સુન્દર મહેલ છે;
એ મહેલનો હું વજ્રપાયો છું;
બ્રહ્માંડ જેટલો પુરાણ,
ને બ્રહ્મ જેટલો અવિચળ.
મ્હારું નામ ‘હતું.’

અન્તર્ધાન થાય છે.

દેવર્ષિ : થંભો ઓ વાયુના વેગ !
યોગીના આદેશ છે,
પાઠવો ચિરંજીવયોગી વર્તમાનને.

વાયુમાંથી વર્તમાન આવે છે.

વર્તમાન : યોગીરાજ ! આદેશ.

દેવર્ષિ : બચ્ચા, શું સાધછ જગતનું હિત ?

વર્તમાન : યોગીરાજ ! જીવનમૂર્તિ છું.
જગતની ગતિ ને પ્રવૃત્તિ છું.
માનવ મહાકથાનો ચાલતો અધ્યાય છું,
ચિત્રવિચિત્રની કલમ છું.
દિવસ ને રાત્રિની પરંપરા,
અન્ધકાર ને પ્રકાશના પડછાયા
પાડું છું સ્થૂલ ને સૂક્ષ્મમાં.
તીક્ષ્ણ દૃષ્ટિ છું, યોગીન્દ્ર !
માનવજાતનું મન છું.
પરકમ્માવાસીના પાય છું.
સન્તજનોની સુવાસ છું,
સન્તોના ઓછાયા છું.
સજીવનનું છું મહાસંગીત.
યાત્રાળુઓ તો મ્હારે આભલાં છે.
નથી–નથી કો સત્ત્વ બ્રહ્માંડભરમાં
જે મ્હારે દોરે ન પરોવાયું હોય.

દેવર્ષિ ! સૃષ્ટિનો સુન્દર મહેલ છે,
એ મહેલનો હું ફૂલબાગ છું;
નવરંગ ફૂલડે શોભતો.
અજબ વાસનાઓ ફોરતો.
મ્હારું નામ 'છે.'

અન્તર્ધાન થાય છે.

દેવર્ષિ : ઊઘડો, ઓ આભના પડદાઓ !
યોગીના આદેશ છે,
પાઠવો અદ્દભુતયોગી ભવિષ્યને.

આકાશમાંથી ભવિષ્યકાલ ઊતરે છે.

ભવિષ્ય : યોગીરાજ ! આદેશ.

દેવર્ષિ : બચ્ચા ! શું કરીશ જગતનું કલ્યાણ ?

ભવિષ્ય : યોગીરાજ ! આદર્શમૂર્તિ છું,
માનવી ને દેવનીયે આશા છું,
બ્રહ્માંડની હું કવિતા છું,
પરબ્રહ્મની પ્રસન્નતા છું,
ઊર્ધ્વ દૃષ્ટિ છું, યોગીન્દ્ર !
સહુનું છું મહાઆકર્ષણ.
સૃજનને શિખરે સૂર્ય સમો વિરાજી
પાઠવું છું કિરણોના દોર
માનવીને ઝાલી ઊંચે ચ્હડવાને કાજ.

ઉત્સાહ છું, અભિલાષ છું, પ્રેરણા છું;
કલ્પના છું અદ્દભુત અમૃતની.
આધાર છું પડતાંનો,
ઉદ્દીપન છું થાક્યાંનું,
તીર્થ છું તીર્થગામીઓનું
મોક્ષ છું મુમુક્ષુઓનો.
જગતની શક્યતાનો ભંડાર,
વિશ્વના વિકાસનું કેન્દ્ર,
મનુષ્યનું દિવ્ય લોચન છું.
દેવર્ષિ ! સૃષ્ટિનો સુંદર મહેલ છે,
એ મહેલનો મિનાર ને ધ્વજ છું;
મહાઆભથીયે ઉન્નત,
ને બ્રહ્મધામની દીવદાંડી જેવો.
મ્હારું નામ 'થશે'

અન્તર્ધાન થાય છે. દેવર્ષિ સમાધિમાંથી જાગે છે.

દેવર્ષિ : સ્મરણ, પ્રવૃત્તિ ને આદર્શ:
ઇતિહાસ, પરકમ્મા ને મોક્ષ:
ત્રણે કાલ સરજ્યા છે સરજનહારે
બ્રહ્માંડની ઉન્નતિને અર્થે.
પડ્યા છે ભૂતકાલના હિમાદ્રિ,
સમધિસ્થ, અવિચલ ને યોગમૂર્તિ.
જન્મે છે તેમાંથી વર્તમાનગંગા,

વહે છે સદા તે વાડીઓમાં થઇ.
ઊભાં છે આરે આરે
તીર્થ, તપસ્વીઓ, ને ઋષ્યાશ્રમો.
ઉદ્ધારે છે બ્રહ્માંડપ્રવાસીઓને,
અને મૂકે છે લઇ જઇ
ભાવિષ્યના બ્રહ્મમહાસાગરમાં.
જગત એટલે ઉન્નતિક્રમ,
બ્રહ્મધામનાં અમૃતપગથિયાં.
જગત અસત્યે નથી,
જગત અનીશ્વરે નથી;

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्

ગીતા ભાખે છે એને અસુરવાણી.
દેવસંઘને દુનિયા સત્ય જ છે.

ब्रह्म सत्यं जगत्सत्यं जीवो ब्रह्म सुहृद्द्वयम् ।

ગંગા ! એ કાલગંગા !
બ્રહ્માંડના ભાગ્યની એ ભાગીરથી !
બોલો, સહુ સૃષ્ટિનાં સત્ત્વો !
દિશાકાલની ગંગાયમુનાનો જય !
બ્રહ્મ ને બ્રહ્માંડનો જય !

દેવર્ષિ ગવરાવે છે, ને સૃષ્ટિનાં સત્ત્વો
બ્રહ્મસંગીત ગાય છે.

સત્ત્વો : અહો ! ધન્ય ધન્ય ! હો !
બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે;

અહો ! ધન્ય ધન્ય ! હો !
દુનિયા કહે છે કે દેવ છે.

વડાં પાથર્યાં આભનાં પત્ર કાળાં,
લખી તેજના શબ્દથી મન્ત્રમાળા.
દિશાકાલદોરે ગૂંથ્યાં સૌ ખગોળે;
મહાગ્રંથ બ્રહ્માંડનો બ્રહ્મ બોલે.

અહો ! ધન્ય-ધન્ય ! હો !
બ્રહ્માંડ કહે છે કે બ્રહ્મ છે.

દેવર્ષિ : कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धः -
પ્રભો ! એ છે એકપક્ષી.
જગતમાં મૃત્યુના મહાઓટ છે,
સૃજનની ભરતી એથીયે મ્હોટી છે.
ગાઓ, ગાઓ, ફરી એક વેળા
માનવજાતિની કલ્યાણગીતા, ઓ નાથ !
સર્વત્ર નિગૂઢ મહાસત્યની વેદઋચા, કે
कलोऽस्मि लोकोन्नतिकृत्प्रवृद्धः

આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ.
તલોદ.
ક્ર. નં. ૭૦૭/૨૧૫૮
વિ. નં. ..............................

# પ્રવેશ સાતમો

**સ્થલકાલ : ગિરિરાજના મહેલના વસન્તચોકમાં**
**નમતો પહોર**

દાસીઓ છેલ્લા શણગાર ધરાવતી હોય છે.

**એક દાસી :** લ્યો, બાંધો આ કમળતોરણ
રાજમહેલના ચંદનદ્વારે;
એવાં ખીલશે સહુનાં હૈયાં.

**બીજી દાસી :** મૂકું છું મુગટો સિંહાસને;
પધારશે તે પહેરશે.

**ત્રીજી દાસી :** સત્કારો કાશીરાજને આજ
ગિરિદેશની સારી રાજશોભાથી.

**બીજી દાસી :** શણગારી શણગારી થાક્યાં,
પણ ઝાંખો દીસ છે વસન્તચોક;
પ્રકાશમાં જાણે પડછાયા પાથર્યા.

**પહેલી દાસી :** સ્હાંજ છે તે તેજ પાતળું પડે.

દૂરથી જયાકુમારીના ગીતનો ટહુકો.

'સખી ! એક એકાકી ચાંદલો ઉગિયો.'

**ત્રીજી દાસી :** ગાજ્યો ઉમંગનો એ ઉરટંકાર.
આવો, આવો, ફૂલડાંની ફૂલદેવીઓ !
ઝીલો એ ગીતવર્ષાની અમૃતધારા.

ઘટાઓમાંથી બીજી સાહેલીઓ આવે છે.
ગાતી ગાતી જયાકુમારી પધારે છે.

**જયા અને સાહેલીઓ :** ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ! આજ મ્હારા ચોકમાં;
આશા-નિરાશાનો ચન્દ્રમા જી રે;
ચન્દ્રમા જી રે ઊગ્યો છે ભગવે ભેખ જો !
યોગી-વિયોગી શો ચન્દ્રમા જી રે.

કરે ગગનના ગોખમાં ચાંદલિયો ચમકાર,
ઉરને સરોવર પોયણાં ઊઘડે વારંવાર.
સખિ ! એક એકાકી ચાંદલો ઉગિયો,
સખિ! એ તો શોભે છે આભલાંને ગોખ,
મ્હારા માથાના મુગટે આવે નહીં રે.
ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ ! આજ મ્હારા ચોકમાં
આશા-નિરાશાનો ચન્દ્રમા જી રે

ઘડી તપશે ને આથમશે ચન્દ્રમાની કોર;
એવા તપશે?--કે આથમશે ઉરના અંકોર?

કોઈ કહેશો ? હો રાજ !
કોઈ કહેશો ? હો રાજ !

આયુષ્યે અજવાળિયાં ક્યહાં સુધી ?

ચન્દ્રમા જી રે ઊગ્યો છે ભગવે ભેખ જો !
યોગી--વિયોગી શો ચન્દ્રમા જી રે.

ચન્દ્રમા જી રે ઊગ્યો સખિ ! આજ મ્હારા ચોકમાં,
આશા નિરાશાનો ચન્દ્રમા જી રે.

કહેશો, કેમ શણગાર્યો છે
આજે આ વસન્તચોક ?

**પહેલી દાસી** : વાહ રે ! જાણ્યાં અજાણ્યાં જયાબા !
શણગારાઈને આવ્યાં છો સલૂણાં,
ને પૂછો છો પરાયાં થઈ !

**જયા** : ચુપ, સરખો ઉત્તર દ્યો.
બાણ જેવાં વીંધે છે
તેજકિરણોયે આજ મ્હારા દેહને.

**બીજી દાસી** : સારા ગિરિદેશે પાળ્યો છે આ ઉત્સવ;
જયાકુમારી પરણશે આજ કાશીરાજને.

જયાકુમારીને વજ્રપાત થાય છે.

**જયા** : જીભ જ જુઠ્ઠી છે બોલનારની.
દેવગિરિની રાજકુમારિકા

નીચે પડશે અવનીખોળે ?
ગંગા ઢળી, ને ધૂળે રગદોળાઈ.
જગતના મુગટ સમોવડા
હિમાદ્રિના સનાતન શિખરે ચ્હડશે,
પણ નહીં ઊતરે અવનીની અવનતિઓમાં.
જાઓ, સહુ વસન્તચોકમાંથી.

દાસીઓ જાય છે.

છેતરી, માતાએ મ્હને છેતરી.

પોતાના કંઈક શણગાર તોડી પીંખી નાખે છે.

માતા ! માતા થઈ છેતરી મ્હને ?
પુત્રીઓ ક્યહાં શોધશે દિલના દિલાસા ?
જાઓ, ભસ્મ થાઓ,
વસન્તચોકના શણગાર !

વસન્તચોકના કંઈક શણગારો
વીંખી પીંખી નાખી દે છે.

સ્હવારે પૂછ્યું, શું છે ?
તો કહે, વસન્તનો છે ઉત્સવ.
બપોરે પૂછ્યું, શું છે ?
તો કહે, વિધાત્રીની છે પૂજા,
તે આવજે સજીને સોળે શણગાર.
છેતરી, માતાએ છેતરી પુત્રીને.

નહીં, નહીં સ્વીકારે જયા
જન્માન્તરેયે કાશીરાજેન્દ્રને.

એક અશોક નીચે ઊભે છે. લગ્નની ભેટ
લઈને જયન્ત આવે છે.

જયન્ત : (સ્વગત, જયાને જોઈને)
એ ? એ જ ! શું ક્રોધનું છે જોમ મુખડે !
વીર રસની જાણે મૂર્તિ !
જાણે છંછેડાયેલી સિંહણ !
મધ્યાહ્નની પ્રચંડ સૂર્યજ્વાળા !
લોચનમાંથી અગ્નિ વરસે છે,
જાણે બાળશે સારો ગિરિદેશ.
શા ઊડે છે, પ્રલયતણખા શા,
રોમરોમમાંથી વીજળીઓના ભાલા !

પાસે જાય છે.

અખંડ સૌભાગ્ય, જયાકુમારી !
ધરાવું શીર્ષે સુરરાણીજીનો આ મુગટ ?

જયા : જયન્ત ! તુંયે હસીશ મ્હને ?

જયન્ત : જયા ! સુણ્યું છે વાયુમાંથી
કે જયા પરણે છે કાશીરાજને.
લાવ્યો છું તેથી આ લગ્નભેટ.

જયા : લાવ, લાવ તે, જયન્ત !

જયા મુગટ હાથમાં લે છે.

જોજો, ઓ જગતના લોક!
નિરખજો, ઓ પિતૃઓ પરલોકવાસી!
ઈન્દ્રદેવને નહીં, પણ
ઇન્દ્રાસનને પરણે છે ઈન્દ્રરાણીજી;

જયન્ત સ્હામે તીરછે કટાક્ષે નીરખી રહી

ને એ મુગટ પહેરાવે છે
જયન્તકુમાર જયાકુમારીને!

જયન્ત : મા વીંધ મ્હને, ઓ જયા!
નયનની એ બરછીઓથી;
મા માર એ શબ્દની સાંગ.
લાવ, જયા! લાવ એ મુગટ.

મુગટ પાછો લે છે.

ત્હને ન ગમ્યું જે,
યોગ્ય નથી ત્હેનું અસ્તિત્વે.
નાશ પામો—

મુગટ ભાંગી નાખવા જાય છે.

જયા : રહેવા દે, જયન્ત! રહેવા દે
એ ઈન્દ્રરાણીનો સૌભાગ્યમુગટ.
આજે નહીં તો કાલે,
પૃથ્વીના કંઈ કંઇ પૃથ્વીપતિઓની

પરણશે રાજકુમારિકાઓ
રાજવીને નહીં, પણ રાજસિંહાસનને :
ત્હેમને કાજે રાખ એ મુગટ.

જયન્ત : ત્ય્હારે શી સ્વીકારશો કુમારિ! લગ્નભેટ ?
ગાયો આવશે હમણાં વનમાંથી,
કે દેવાશે કન્યાનું કન્યાદાન.

જયા : તીર્થરાજ મ્હારા વીર છે, જયન્ત!
ધર્મછત્રધારી મ્હારા ધર્મપિતા છે.

જયન્ત : શું ? જયા નહીં પરણે તીર્થરાજને ?

જયા : ના, જયન્તકુમાર ! ના.
દેવગિરિની દેવબાલા
તળેટીમાં નહીં પડે દેવશિખરેથી.

જયન્ત : જાહ્નવી ગઇ, જયા !
ને તાર્યાં સગરપુત્રોને,
પોતા કાજે નહીં પણ પર કાજે
તું યે ઊતર, ને તાર.
વારાણસીની રાજરાણી તો છે
આર્યાવર્તની ધર્મમાતા.
જયા ! જા, ને થા બ્રહ્મમાતા
આર્યોના જગદુદ્ધારક મહાકુટુંબની.

જયા : ગંગાનીયે માતા ગંગોત્રી.
કય્હાંથી લાવું એ નગરીમાં, જયન્ત!
મ્હારા દેવગિરિના દેવાશ્રમો ?

જયન્ત : રાજવીની રાજઆજ્ઞા છે તે ?

જયા : રાજકુમારીની રાજપ્રતિજ્ઞા છે તે ?

જયન્ત : એ અહં છે ત્હારું, જયા!
નહીં નભે, દુઃખ દેશે.
વિધિમોકલ્યો આવ્યો છે કુંકુમથાળ,
કાં મથે પાછો વાળવા ?
દેવર્ષિએ ભાખ્યું છે કે
'જયાને ભાગ્યે લખ્યાં છે
વારાણસીનાં વન.'
સવિશેષ છે વિધિલેખથીયે આ,
વનઘટાને બદલે રાજમહેલ.

જયા : વિધિના વાંકા અક્ષરે હું વાળીશ.
વારાણસીનાં વનમાં વસીશ,
તો વનમાંયે વસાવીશ
મ્હારા વિશ્વોદ્ધારક બ્રહ્મમહેલ.
પણ નહીં–નહીં વરે
દેવગિરિની રાજબાલા એ ખીણવાસીને.

જયન્ત : આજે જ આવશે કાશીરાજ ;
કરીશ એ અતિથિનાયે અનાદર ?

જયા ચમકે છે.

જયા : આજે જ શું પધારે છે
તીર્થરાજવી ગિરિદેશમાં ?

પલક વિચારમુગ્ધ રહે છે. દૃઢતાથી

જયન્ત ! પ્રણામ કહેજે મ્હારા,
ક્ષમા યાચજે મુજ વતી.

જયન્ત : એમ કાં બોલે ? જયા !

જયા : જયન્ત ! કોઇ મ્હને બોલાવે છે,
હું જાઉં છું–પર્વતોમાં.
શિખરો ચ્હડીશ, તીર્થ કરીશ,
ને વસીશ દેવનિવાસોમાં.
ધરાઇને જોયાં, જયન્ત !
રાજમહેલોમાંનાં સુખનાં સ્વપ્નાં.
શિખરેથી કોઇ સાદ દે છે. જાઉં છું.

જયન્ત : જયા ! વિચારજે, વિમાસવું ન પડે.
વર્તમાન એવો વાવ
કે ભવિષ્ય અદ્‌ભુત ઊગે.

જયા : બોલે-બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહુકો કરે ;

મ્હારે અન્તર ઊછળે અંકોર,
જીવન ઝોલે ચ્હડે.

જયન્ત : નથી જીવનનો બોલ જયા ! એ,
નથી ટહુકો એ આત્મન્‌નો ;
નથી ઉરઝરણાં એ ભ્રમરમણા ;
એ ઘોર ધ્વાન કંઈ વનવનનો.

જયા : બોલે-બોલે છે શિખરોમાં દેવ,
દેવીઓ હાસ્યે હસે ;
મ્હારા આયુષ્યનો અવશેષ
શિખરે ને વગડે વસે.

જયન્ત : નથી જગતનો મન્ત્ર જયા ! એ,
નથી ન્હોતરું એ અમરોનું ;
નથી પ્રભુપ્રેરણા, એ સહુ ભ્રમણા ;
એ ઇન્દ્રજાળ કંઇ અસુરોનું.

જયા : બોલે-બોલે છે ગિરિઓમાં મોર,
ઢેલડ ટહુકો કરે ;
મ્હારે અન્તર ઊછળે અંકોર ;
જીવન ઝોલે ચ્હડે.
મોર ને ઢેલ બોલાવે છે,
જયન્ત ! હું જાઉં છું-શિખરોમાં.

જયા શિખરો ભણી પગલાં વાળે છે.

જયન્ત : નહી–નહીં જવા દઉં, જયા !

જયન્ત ઝાલવા જાય છે, પણ જયા કૂદી ને ગઈ.

ગઇ, ગઇ રાજકુમારી !
વીજળીના ઝબકારા સમોવડી
ગઇ, જયા ! તું ગઈ;
ચાપમાંથી જાણે છૂટેલું બાણ.
ખરી જાણે સૌન્દર્યની તારલી
જગત્‌શોભાના શિખરેથી.
જા, સુખી થા સદા,
પણ નહીં જાય, જયા !
જયન્તના જીવનમાંથી તું.

જયન્ત ફૂલકયારાઓમાં જાય છે. રાજપરિવાર સંગાથે કાશીરાજ, ગિરિરાજ ને રાજરાણી પધારે છે.

રાજરાણી : તીર્થરાજ ! આ અમારો વસન્તચોક;
ને—

જયાકુમારીને શોધે છે.

કાશીરાજ : સુન્દરતાનું જાણે સરોવર, રાણીજી !
ગિરિરાજ : ને પેલો પથરાયેલો ગિરિદેશ.
કાશીરાજ : જાણે વીરજનોના વાસ.
રાજરાણી : આ સ્વર્ગફૂલના કયારાઓ.

કાશીરાજ : જાણે નક્ષત્રોનાં ઝૂમખાં;
ને કુમારી રમતાં હશે તે તો
જાણે મહીંનો પૂર્ણિમાનો ચન્દ્ર.

રાજરાણી : (જયાને હજી ન નીરખીને)
મ્હારી જયા ક્યહાં ?
લાવો અહીં એ કુલલક્ષ્મીને,
કે સત્કારે આ અતિથિરાજ.

કેટલાક પરિજન જયાને તેડવા જાય છે.

કાશીરાજ : ગિરિરાજેન્દ્ર! લગ્ન ક્યહાં કરશો ?
અહીં કે ત્યહાં ?

ગિરિરાજ : જેવા તીર્થસ્વામિન્‌ના અભિલાષ.
ફરમાવશો તો ગિરિદેશમાં,
ઈચ્છશો તો કાશીને તીર્થઆરે.

કાશીરાજ : (સ્વગત)
આ અનિશ્ચય શેનો ?
ગુફા જેવાં ભેદવચનો કેમ ?
જોઉં તો ખરો શ્લોકનું બીજું ચરણ.

રાજરાણી : હિમાદ્રિને શિખરે શિખરે
ઉત્સવઆગ્ન જગાવશું, સૂર્ય સમા,
ને લખશું તેજઅક્ષરે આભમાંય તે
કે પરણી જયા તીર્થોના તીર્થરાજવીને.

*એક દાસી આવે છે.*

દાસી : માતા ! જયાબા તો નથી જડતાં !

રાજરાણી : જયા નથી જડતી ?

*બીજી દાસી જયંતને તેડીને આવે છે.*

બીજીદાસી : માતા ! જયાબા નથી જડતાં.
પણ માલતીના મંડપે
જયન્તકુમાર જડ્યા.
લખતા હતા પૃથ્વી ભરીને
કે 'જયા ગઇ.'

ગિરિરાજ : શું ? જયા ગઈ? ક્ય્હાં ગઇ ?
બોલ, જયન્ત ! જયા ક્ય્હાં ગઈ?

જયન્ત : જયા શિખરોમાં ગઇ.

રાજરાણી : એણે જ ભગાડી મ્હારી કુંવરીને.

ગિરિરાજ : જયન્ત ! કહે, ક્ય્હાં ગઇ ?
શા કાજે ગઈ જયા ?

જયન્ત : રાજબાલાએ રાજમહેલ તજ્યો,
સાંભળ્યા એણે ભવિષ્યના ભણકારા,
ને ગિરિશિખરોમાં ગઇ.
( કાશીરાજને )
તીર્થરાજ ! આપ તીર્થપતિ છો,

પ્રણામ કહાવ્યા છે જયાકુમારીએ,
'તીર્થરાજ ધર્મપિતા છે મ્હારા,
જયા એમને નહીં વરે:'
એમ કહી ગઈ તે ગિરિશિખરોમાં.

**રાજરાણી** : જયન્ત! ઉછેરનો સારો આપ્યો લ્હાવ.
ત્હારા મન્ત્રીપિતા જીવનમન્ત્ર હતા
ગિરિદેશના ને ગિરિરાજના.
મરતાં મ્હને સોંપી ગયા ત્હને.
મ્હેં હૈયાના અમૃતે ઉછેર્યો જયન્ત!
તે આ દિવસ દેખવા?
જા, લાવ મ્હારી જયાને.

**કાશીરાજ** : ગિરિરાજ! શાં છે આ નાટક?
શું આદર્યું છે અપમાન
નિમન્ત્રેલા રાજઅતિથિનું?
ગંગાના જેટલો છે વિશાલ
કાશીરાજનો આ બલબાહુ.
રાજકન્યા નહીં આપો, અપમાનશો,
તો રાજપાટ લેઈશ, વનવાસી કરીશ.
રાજકન્યા ક્યહાં?

**જયન્ત** : વિશાલ હશે બલબાહુ આપનો રાજેન્દ્ર!
પણ વજ્રના છે દેવદુર્ગ અમારા.
ગિરિદેશનાં સન્તાન, રાજવી!
ઓળખતાં નથી ભયને અમે.

( રાજરાણીને )
માતા ! ઉછેરેલું જીવન આપનું જ છે.
આજ્ઞા કરો, ઉઠાવીશ તે.

રાજરાણી : જા, લાવ મ્હારી જયાને
જ્યહાં હોય ત્યહાંથી.
ન બતાવીશ મુખ ત્હારું જયાવ્હોણું.

ગિરિરાજ : જા, જ્યહાં જયા હોય ત્યહાં.
ન રહેતો ગિરિદેશમાં,
શોધ સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ.

જયન્ત : જાઉં છું, રાજમાતા !
આજ્ઞાને આધીન છે આત્મન્ મ્હારો.
ઢૂંઢીશ દિશાઓનાં વન;
ને શોધીશ જયાને.
જગાવીશ એ અલખની ધૂણી
જગતનાં જંગલજંગલમાં.
જાઉં છું.

જયન્ત જાય છે.

કાશીરાજ : ગિરિરાજ ! ઉતારો મુગુટ.
રાજરાણી : તીર્થરાજ ! તીર્થરાજ !
કાશીરાજ : રાણીજી ! તુચ્છકારી નથી મ્હેં
સુન્દરીની યાચના કદી.

આજ નહીં, એક માસમાં;
લઇશ હું ગિરિરાજ પાસેથી
રાજકન્યા કે રાજપાટ.

**રાજરાણી :** ભલે માસ વીત્યે લેજો.
થશું અમેયે તીર્થવાસી
પુત્રીની પાછળ પુણ્ય શોધતાં.

**કાશીરાજ :** સુણજો, ઓ આકાશના દેવ !
સુણજો, ઓ રાજપિતૃઓ !
કાશીરાજની આ રાજપ્રતિજ્ઞા :
બ્રહ્મચર્યવ્રત ધારે તો ભલે,
પણ વરવા નહીં દઉં અવરને
એ ગિરિદેશની રાજકુમારિકા.

---

## અંક બીજો

અનુસ્નાતક શિક્ષણ ભવન.
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ.
CANCELLED
રી. નં. ........
વિ. નં. ........

### પ્રવેશ પહેલો

**સ્થલકાલ : વામીઓના મંદિરમાં ઉત્સવ**

—:—

દેવી સિંહાસને વિરાજ્યાં છે. પાછળ દેવાંગનાઓનો પરિવાર ઊભો છે. એક પછી એક ઉપાસક આવે છે.

**દેવી** : પધારો, પંડિતરાજ !
ખોટાને પણ સાચું કરવું
તે પાંડિત્યનું પરમ ભૂષણ.

**પંડિતરાજ** : સાચું તો સાચું છે જ ;
એમાં સિદ્ધ શું છે કરવાનું ?
સાચું સિદ્ધ કરવા શાસ્ત્રો નથી;
એમાં તો પુનરુક્તિ–દોષ આવે.

અવનવો અર્થ ક્‌હાડિયે અમે
ત્ય્‌હારે જ પંડિતોનું પાંડિત્ય.

દેવીને નમન નમીને મંડળમાં ભળે છે.

**દેવી :** આવો, કવિશેખર !
શાં શાં કાવ્યે વધાવશો ઉત્સવને આજ ?

**કવિશેખર :** રસમંજરીનો મુગટ શૃંગાર રસ,
ને શૃંગારનો આત્મા કામ;
અર્થાત્ કવિતાનો આત્મા કામ.
મહાકામીને જ હોય મહાકલ્પના.

નમન નમી સંઘમાં ભળે છે.

**દેવી :** પધારો, રાજવી
વાટનો શ્રમ ચ્હડયો હશે.

**રાજવી :** શ્રમ તો ક્ષત્રિયોને છે જ નહીં.
તેમાંયે સ્વયંવરમાં સંચરતાં.
સારી પૃથ્વીમાં શોધીએ પરીઓને તો.

નમી ઉપાસકોમાં જાય છે.

**દેવી :** નમસ્કાર, નારાયણમૂર્તિ !
આચાર્યજી હમણાં જ પધારશે.

**સન્યાસી :** આજ ઉત્સવ છે ગુરુની અમાસનો,
ને ઊતરશે કંઈ કંઈ અપ્સરાઓ
આજના ઉત્સવના રંગમંડપે,

એટલે આવ્યો અહીં.
નહિ તો મ્હારેય તે
બહુ દેવાના બોધ છે બાકી.

સહપરિવાર આચાર્યજી પધારે છે. વામીમંડળ નમસ્કાર કરે છે. દેવી પાસે આચાર્ય સિંહાસને વિરાજે છે.

આચાર્ય : દેવ! આજ્ઞા છે મ્હારા સન્તોને?

દેવી : ગાઓ, સન્તો ગાઓ!
યૌવનના ઉત્સવનું ગીત.
યૌવન એ જ છે જીવનનો દિવસ;
ને કામદેવ એ જ છે
તે દિવસનો ભાસ્કર.

દેવી ગવરાવે છે ને સહુ ગાય છે.

ભુવન ભુવન મદનનાં મહારાજ્ય રે
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ!
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ!

સુન્દરી વિનાનું નથી સદન કો, સખિ!
સુન્દરીને નયન એના વાસ રે!
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ!

ફૂલડાં વિનાની નથી વાડી કો, સખિ!
ફૂલફૂલથી ઊડે એનાં બાણ રે,
ગાવ-ગાવ ગીત મદનરાજનાં, સખિ;

**આચાર્ય** : વેદમાંથી કામસ્તુતિ ભણે છે.

**कांऽदात्, कस्माऽदात्,**
**कामोऽदात्, कामायादात्,**
**कामोऽदात्, काम: प्रतिग्रहीता**
**कामैतत्ते.**

વેદે ગાઈ છે એમ કામસ્તુતિ :
તો કામનિંદક તે વેદવિરોધી
સન્તો ! આજ ઉત્સવ છે
ગુરુની અમાવાસ્યાનો ;
માણજો મન્દિરમાં મનભર.
આ રાજકુમારીને દેવી સ્થાપ્યાં
ત્ય્હારથી ઓર જ ખીલી છે
સહુ રતિપુત્રીઓની રમણા.
શરીર એ જ છે સાચું ;
આત્મા દીઠો હોય તે દાખવે.

**महाजनो येन गत: स पन्था**

ચાર્વાકાદિ મહાજનો ગયા
એ જ આપણો રાજમાર્ગ.

**દેવી** : સુખ તે મોક્ષ ;
મન્મથ તે જ મહાપ્રભુ ;
ઈચ્છા પૂરવી તે જ સદ્ધર્મ.
મ્હને દેવી સ્થાપી
તો મ્હારોયે ધર્મ જ કે
સહુ સન્તોને દેવી આપવી.

જુઓ આ મ્હારા સૌન્દર્યના ફૂલછોડ,
સુખશય્યાઓ સમી રતિરમણીઓ.
આજનો મહિમા
એ જ આપણો આદ્ય મન્ત્ર.
લ્યો એક એક યૌવનરાણી,
ને ઊજવો એમ આજનો મહિમા

**વામીઓ :** જય ! વામમાર્ગનો જય !

સહુ સુન્દરી શોધવા જાય છે. ભૂલી પડેલી જયા-
કુમારી મન્દિરને બારણે આવે છે.

**જયા :** દેવનાં તો દ્વાર હો ! બતાવો—બતાવો કોઈ;
ભૂલ્યાંને તો બાર હો ! બતાવો—બતાવો કોઈ;
બતાવો બતાવો કોઈ;

હતી દિનની પ્રભા, સન્ધ્યા પડી ત્હેમાં;
ઊડી સન્ધ્યાય, આ અધરાતનાં વન હો !
જગતની મેઘલી જામી ગગનભરમાં,
ડૂબ્યા જ્યોતિ જીવનના, એ જગાવો કોઈ;
જગાવો—જગાવો કોઈ;
જગાવો—જગાવો કોઈ;

ભૂલ્યાંને તો બાર હો ! બતાવો—બતાવો કોઈ;
દેવનાં તો દ્વાર હો ! બતાવો બતાવો કોઈ;

અન્ધારી છે અમાસ આજે.
વગડામાં ભૂલી પડી,

ન જડયો તીર્થનો માર્ગ.
પૃથ્વી પ્રભુની છે,
તો યાત્રાળુ કાં ભૂલાં પડે ?
દેવધામ સમા ગિરિરાજ છાંડયા,
ભટકું છું પશુઓના મહાવનમાં.
આ ઉદ્યાનમાં દીપાવલિ બળે છે,
મધ્યરાત્રિનો કીધો છે દિવસ.
લાવ, પૂછું ત્ય્હાં.
બતાવશે કો પુણ્યક્ષેત્રનો માર્ગ.

મન્દિરમાં જાય છે. વામીઓને જોઈ ચમકે છે.

અરે! આ કોણ ? પાપનાં પૂતળાં

વિચારે છે.

શ્રી કૃષ્ણનો રાસ હશે.

વમીઓને

ભાઈ! ભૂલ્યાંને માર્ગ દાખવશો ?

**આચાર્ય :** એ જ છે અમારું કર્તવ્ય.
જગત ભૂલ્યું છે એ બધું;
તેને દાખવીએ છીએ મહામાર્ગ સુખનો.

**દેવી :** ભલે પધાર્યાં અમારે મન્દિરિયે.
મ્હારી તારલીઓના સંઘમાં
જાણે ચન્દ્રમા ઊગ્યો આજ.

**જયા** : કોણ ! દાસી ? અહીંની દેવી ?

**દેવી** : હા, દેવી, જયાકુમારી !

**જયા** : (સમજે છે બધું)

આ તો વામીઓનું વન સળગે છે
અઘોર વનના અન્ધકારમાં
હું કોને હાથ પડી આ ?

**દેવી** : પરાયાં કોઈ ને નહીં;
તિરસ્કારી હતી તે સાહેલીને.
પધારો મ્હારા સન્તોને દેશ,
ને ઉતારો ત્હમારી સાધુતા.

**જયા** : વીસરી તું ગિરિદેશનાં દેવસન્તાનોને.
દાસી ! પિછાને છે તું
પુણ્યને કે પાપને ?
ઓળખે છે અનીતિ કે નીતિને ?
સુણ્યા છે શીલ કે સદાચાર ?

**વામીઓ** : અરે ! દેવી કે દાસી ?
રાજકુમારી કે જગતપત્ની ?

**આચાર્ય** : વામીઓને

જાઓ સહુ ઉત્સવમંડપમાં,
સ્થાપના કરો કામદેવની,

ધારણ કરો કામભૂષણો.
અમે આવીએ છીએ દેવી સંગાથે.

વામીઓનાં સહુ જોડાં રમતાં રમતાં સિધાવે છે.

દેવી : પુણ્ય ? નીતિ ? સદાચાર ?
છે કોઈ માનવી માનવલોકમાં
મનમાંયે ન ઇચ્છિયાં હોય
પાપ કે અનાચાર જેણે ?
દીઠો હોય તો દાખવો.
જન્મ્યો છે કો સદાચરણી સર્વ કાલમાં
ફરકોયે ન હોય જેના આત્માની પાંદડી
કદીયે અનીતિના અનિલથી ?
શીલનાં તો વસ્ત્રો જ છે સૌનાં,
શયતાનનાં છે શરીર.
જયાકુમારી ! આવો અમારા રંગમહેલમાં,
ને ભોગવો દેવોના ઉપભોગ.
જેટલી રાત્રિઓ છે એટલા છે રસિયા.

જયા : જેવો આહાર એવો ઉદ્‌ગાર.
હિંસાના અગ્નિમાં હિમ ક્યહાંથી ?

આચાર્ય : કુમારી, જીવો જીવસ્ય જીવનમ્ ।
હિંસા તો જીવનક્રમ છે.
પાણીનો એક ઘૂંટડો પીતાં

કેટકેટલા મારો છો પોરાઓને?
હવામાંથી એક શ્વાસ લેતાં
કેટકેટલાં સંહારો છો વાયુસન્તાનોને?
ક્‌ય્હાં—કિયા શાસ્ત્રમાં છે
પ્રત્યવાય કે પ્રાયશ્ચિત્ત માંસાહારનું?
હિંસા એ પાપ નથી.
આવો અમારા આશ્રમમાં:
સંન્યસ્તનો નહીં, પણ સુખનો છે.

**જયા:** (સ્વગત)

એ જ! એ ને? એ જ;
ગિરિદ્દેશનો યોગભ્રષ્ટ યોગી.

(ચાહન)

**किं न जल्पन्ति मद्यपाः?**

ત્‌હમારી સાથે વાદ શા?
બોલતાંયે જીભ અભડાય.

**દેવી:** સુરા? ઓ જયાકુમારી!
સુરા ને સોમ તો છે
બે ઓરમાન ભાઈબ્હેન;
એમના વિના યજ્ઞ સંભવે નહીં.
એ પીધે ઊઘડે છે
ત્રીજું લોચન તુરિયાદર્શનનું.
શીંખી લ્યો, ઓ રાજકુમારી!

સુરા તો છે કામયજ્ઞનું અમૃત.
આવો, પીઓ, ને અમર થાઓ.

**જયા** : દાસી ! પાપના અન્ધકાર છાંડ,
જા પુણ્યના પરમ સંસારમાં.
કામ ત્યાગી પ્રેમ પારખ.
લગ્નના લ્હાવા લે.
પત્ની થઈ પુનરુદ્ધાર પામ.

**દેવી** : કયા સંસારમાં છે, ઓ કુમારી !
કામ વિનાનો પ્રેમ ?
અમારાંયે લગ્ન છે, તમ જેવાં;
ત્હમારાં જીવન જીવનનાં,
અમારાં દિવસ દિવસનાં.
મૂકી, વટાવી, કૂદી ગઈ
પત્નીધર્મનાં ખાબોચિયાંની પાળો.
ઝીલું છું મહાજલમાં હવે.
સહુની પત્ની,
ને સહુ મ્હારા પતિ.
સૌન્દર્ય ને યૌવનનો આ અમ નન્દન.
વસો એ અલબેલાં અમરોમાં,
ને શીખો માણતાં અપ્સરાજીવન.

કાળમુખો પારધી આવે છે.

**પારધી :** શોધ્યું વગડા વગડામાં;
ન લાધ્યું મ્હારું હરણિયું.
જાણે કોઈ અપ્સરા ઊતરી'તી
વનની વેલીઓમાં રમવા.
શો રૂપરૂપનો ભંડાર !
જાણે ચંદરમા ચાલ્યો ધરતી ઉપર
દીવાઓએ દોરી હશે અહીં;
ચાલ, જાઉં મન્દિરમાં.

મન્દિરમાં જાય છે જયાને જોઇને

એ જ ! એ જ જોબનની ઝાળ !
આચારજ ! ચેતજે, ન ઊતરતો આડો;
મ્હારું તીર છે જમનું ઘડેલું.

**આચાર્ય :** રસનાં પખવાડિયાં પાળીએ છીએ.
રોજ રોજ ઊગે છે
રસચન્દ્રની અવનવી કલા
અમારા જીવનના આભમાં.
ખેલશું આજના ઉત્સવમાં આપણે ?

જયાકુમારીને અડકવા જાય છે.

**દેવી :** કુમારીએ નથી પીધી
આપણી મદિરા હજી.
પાઈએ એના બે ઘૂંટ

કે ખોલે ઘટના ઘૂંઘટ પછી.

મદિરા લેવા જાય છે.

આચાર્ય : કુમારી ! આપણે એકલાં જ છીએ.
આપશો રસની ભિક્ષા ?
ભરેલા ભંડાર છતાં નકારશો ?
આવો, યૌવનને ઊજવીએ.

કોઈ નથી ત્‍હાંયે પ્રભુ છે.
ગિરિદેશનાં સન્તાન પાપ સમજતાં નથી.
જો, પડશે ગેબનું વજ્રબાણ,
ને વીંધશે હલાહલભર્યું હૈયું ત્‍હારું.

આચાર્ય અડપલું કરવા જાય છે. એક બાણ આવી વીંધે છે તેનું હૈયુ. દેવી સુરા લઈને આવે છે. પારધી પ્રત્યક્ષ થાય છે.

આચાર્ય : આવ્યું, આવ્યું યમનું બાણ.
માર્યો મ્હને, કુમારી !
પણ વામમાર્ગ નહીં મરે.
મનમાંના શયતાનને મારશો,
તો જ મરશે આ પાપપન્થ.
ત્‍હાં સુધી અનેક રૂપે અવતરશે એ
ભવિષ્યની ભૂમિઓનેયે ભરી ભરી.

મૃત્યુ પામે છે.

પારધી : સુન્દરી ! ચાલો મ્હારી ગુફામાં.
ચોજનભરનાં વન વસ્યાં છે,
એ વનમાં હું વસું છું;
વનનો જાણે વાઘ.
ત્યહાં વસીશું આપણે
વનનાં વાઘ ને વાઘણ.

જયા : તણખામાંથી ભડકામાં !
ક્યહાં દોડીશ ? કેટલું દોડીશ ?
ગિરિશિખરો કૂદતી છલંગે;
વનની ઘટાઓ વીંધાશે મુજથી ?

પારધી : વાઘણે તો નથી વીંધ્યો
વનનાં ઝુંડનો મારો કિલ્લો.

જયા નાસે છે. પાછળ પારધી દોડે છે.

દેવી : હાશ, રોગમાંથી મોતમાં.
થતી હતી દેવની ડાહીલી.
બચજે એ વરુના પંજામાંથી.
દેવીની દાસી કરશે એ.
બની હું તો અહીં
દાસીની દેવી.
હવે આ સુરા કોને પાઉં ?
આચાર્યનો તો અસ્ત થયો.

પણ આથમે તે ઊગવાને માટે.
અચાર્ય મરે, પણ ઉત્સવ મરતા નથી;
ગાદીપતિ મરે, પણ ગાદી મરતી નથી.
આજ ગુરુની અમાસનો છે ઉત્સવ.
આચાર્યનું શબ શેકી ભોજન કરીશું.
આવો, ઉત્સવવાસીઓ !
આદરો ઉત્સવ ગુરુની અમાસનો.

ભુવન ભુવન મદનનાં મહારાજ્ય રે,
ગાવ ! ગાવ ! ગીત મદનરાજનાં, સખિ !

ગાતી ગાતી ઉત્સવમંડળી ઉત્સવ માટે આવે છે.

---

# પ્રવેશ બીજો

## સ્થલકાલઃ કાશીનું વન

જયન્ત : નથી શિખરોમાં, નથી બરફોમાં
નથી ગુફાઓમાં, નથી ઝાડીઓમાં;
નથી, નથી, નથી
કો તીર્થમાં, કો આશ્રમમાં !
ગિરિદ્દેશ સદાના તજતાં
એક ઘડીના પડ્યા ફેર
ત્હારે ને મ્હારે, જયા !
પર્વતોમ પગલાં પારખ્યાં,
જલતીરે પદાવલિ ઢૂંઢી;
શોધી, પૂછ્યું, ભટક્યો
વાયુની પેઠે વનવનમાં :
પણ ગઇ તું વીજળી સમી ઝબકી
વાયુનાયે વેગની પાર.
પાંચ યોજન સુધી નીરખ્યાં

ત્‍હારાં પગલાં, જયા !
ગંગાને કાંઠે કાંઠે પડેલાં;
જાણે કમળની વેરાયેલી પાંદડીઓ.
પણ જયા ! જલની ભુલભુલામણીમાં
ન જડી પછી ત્‍હારી પદરેખાઓ.
પાંદડે પાંદડું ફેરવી
શોધીશ વિશ્વની ઝાડીઓ,
ને પુકારીશ ત્‍હારો અહાલેક.
પડઘો પાઠવીશ ત્‍હને જગાડવા
સ્વર્ગદેશે અને પાતાળપ્રાન્તે
વિરાટ પેઠે, ગિરિદેશનાં સન્તાનનેયે
જગત એટલે તો એ જ પગલાં.

અદૃશ્યથી દેવર્ષિની વાણી.

જગતમાં ખોયું તે તીર્થમાં લાધશે.

ચમકીને જયન્ત ચોમેર જુએ છે.

જયન્ત : દિશા બોલી ? અન્તરિક્ષ બોલ્યું ?
કય્હાંથી-કોનો એ બોલ ?
ઓ ગેબી આત્મન્ !
શોધ્યાં મેં તીર્થરાજનાં
જંગલ ને ઝાડીઓ, મન્દિરો ને મઠ.
નથી કાશીવિશ્વેશ્વરમાં,
નથી મણિકર્ણિકાને ઘાટે.

દુનિયાદાઝયાંનો દિલાસો કાશી,
સંસારમૃત્યુનું સંજીવન કાશી.
પણ ન લાધ્યું-ન લાધ્યું મ્હને તીર્થમાં,
જગતમાં જે ખોયું છે તે.

**ગબી બોલ :** આકાશધરતીનો છેડો એ છે,
જ્યહાં જયન્ત! તું ઊભો છે.
પૃથ્વીમાં ન લાધ્યું તે આભ આપશે.

**જયન્ત :** આભ ઊઘડશે ને આપશે?
વસુન્ધરાના ભંડાર ખૂટી ગયા ?
પુણ્યમૂર્તિ વિના પૃથ્વીલોક સૂના થયા
ઓ યક્ષ ! કિન્નર ! વિદ્યાધર !
ઓ આકાશી સત્ત્વ !
ઈશ્વરની આણ છે, પ્રત્યક્ષ થાઓ.
કહો; ક્યહાં છે મ્હારી જયા ?
દેવર્ષિ પ્રત્યક્ષ થાય છે, જયન્ત લજવાઈ પાયે લાગે છે.

**દેવર્ષિ :** જયન્ત ! આ શો છે સંસારનો ત્રિદોષ ?

**જયન્ત :** ગુરુદેવ ! ઢળી ગયાં આત્માનાં અમૃત,
ઊડી ગઇ પ્રાણપુષ્પની સુવાસના,
ઉપટી ગયા આત્મામાંથીયે
યોગીજનોએ ચ્હડાવેલા યોગરંગ.

**દેવર્ષિ :** મધ્યાહ્નને તપતો ભાસ્કરે
સ્હાંઝે ઝંખવાય છે, જયન્ત !

રાત્રિએ હોલવાય છે,
પાછો નથી તપતો ત્હેનો તેજઅંબાર ?
યોગનિદ્રાયે ઉન્નતિની પાંખ છે.

જયન્ત : આદેશ, ગુરુદેવ ! આદેશ,
દોરો, દોરો આ ભુલભુલામણીમાં.
મતિ મૂંઝાઈ ગઇ છે મ્હારી;
આત્મા ગૂંચવાયો છે
અન્ધકારનાં જાળાંઓમાં.

દેવર્ષિ : વત્સ ! જગાવ ધુનિ ઊભો છે ત્ય્હાં જ.
આ કુંજને હરિકુંજ કહેજે.
લગાવ અખંડ સમાધિ
તું શોધે છે ત્હેની.
ભમીશ તો ભૂલો પડીશ.
લે આ બ્રહ્મદીક્ષાનો અંચળો.
બ્રહ્મયોગ એ જ એ દેવયાન માર્ગ.
ઈચ્છે છે તે અહીં આવશે.

અલોપ થાય છે. જયન્ત દર્શનમુગ્ધ રહે છે.

જયન્ત : આદેશ, ગુરુનો આદેશ મળ્યો મ્હને,
ઊડી ગયો મ્હારો આત્મધેર્યો ધુમાડો,
ને જ્યોતિ ઉજ્જવળ થયો.
પ્રકાશે છે દેહુવતાશ,
જગાવું એ અલખધૂણી અહીંયાં.

માંડું એ અગ્નિના અગ્નિહોત્ર.
ને આદરું અખંડ એ અગ્નિચર્યા.
એ જ મ્હારું તપ.
ન ભટકવું ભવવનમાં મ્હારે;
'ભમીશ તો ભૂલો પડીશ.'
અહીં જ મારો ધરતીનો છેડો.
આ મ્હારી હરિકુંજ.
જયા ! ત્હારો સ્નેહયોગ,
જયા ! ત્હારી જ જપમાળા.
જાઓ, ઓ ફૂલડાંની ફોરમો !
ઓ બ્રહ્માંડનાં બ્રહ્મતેજ !
જાઓ જયાને દેશ.
ને દ્યો નોતરાં નિગમાગમનાં
આ આશ્રમના ઉત્સવને કાજે.
હા ! સ્થૂલ સૂક્ષ્મ થયું જાણે;
ચમક્યો જાણે એક ચેતનયોગ,
ને જયાયે જગતમાંથી સમેટાઈ
સમાઇ મ્હારા આત્મામાં.
જયા ! જયા !

તપસ્વી તપ આદરે છે.

## પ્રવેશ ત્રીજો

સ્થલકાલ : શેવતીની ફૂલવાડીમાં સહવાર

ઉપવનનાં ઊંડાણુમાંથી બંસી વાગે છે.
પછી ગાતી ગાતી શેવતી આવે છે.

શેવતી : ગોરસ લેઇ લેઇ પીજો,
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

વદને છે હેમજ્યોત,
નયને છે પ્રેમજ્યોત;
આત્મામાં અમૃતની હેલી;
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

પાછળ કાશીરાજ આવે છે.

હૃદયાની આશ એક,
રસિયાના રાસ એક;
પ્રેમીની પ્યાસ ના છીપેલી;
હો ! ગોપિકાની ગોરસી ભરેલી.

શેવતીનાં બન્ને નયન કાશીરાજ પાછળથી ચાંપે છે.

એ અમૃતનાં કરકિરણો.
ચન્દ્રની જ્યોત્સ્નાધારાઓ
મીંચ્યે નયનેયે ઓળખાય.

શેવતી કાશીરાજને હૈયે વિસામો લે છે.

રાજેન્દ્ર ! વીસર્યા તો નથી હજી.

કાશીરાજ : આત્માના ઉપર
અંકાયા છે એ અક્ષરો.
ક્‌હાં શીખ્યાં, સૌન્દર્યરાણી !
એવું અદ્‌ભુત–અદ્‌ભુત આલેખતાં ?

શેવતી : તે દિવસે ઝૂલે ઝુલાવતાં
નયનકિરણે ઉઘાડ્યા સ્નેહલોક ત્‌હમે,
ને પઢાવી પ્રેમગીતા.
એશું ભૂલ્યા ? રાજવી !

કાશીરાજ : મુજ જીવનની એ શકુન્તલા !
એ પાઠ તે ત્‌હમે પઢાવ્યા, કે મ્‍હેં ?
દિલ તો ત્‌હમે લીધું લૂંટીને.

શેવતી : દિલ દઈને દિલ લીધું છે, રાજેન્દ્ર !
હવિ વિના મોક્ષ ન હોય.
શી છે ગિરિદેશની કથા ?

કાશીરાજ : દેશ-દેશનો મુગટ ગિરિદેશ,
એ દેશનોયે લાવ્યો છું મુગટ,
ઓ ઉરનાં દેવિ ! તમ માટે.
રાયરાણીને વલ્કલ દીધાં;
ને તખ્ત છે તે સૂનાં
મ્હારાં મનોરાણીજીને કાજ.

શેવતી : રાજેન્દ્ર ! ક્ય્હાં માંડશો
એ આપણાં રાજસિંહાસન ?
ગિરિદેશમાં કે વારાણસીમાં ?

કાશીરાજ : જ્ય્હાં જગત્‌શોભના આદેશ દેશે ત્ય્હાં.

શેવતી : મુગટ માથે શોભે,
ને મુગટ ઉપર કલગી વિરાજે.

કાશીરાજ : પણ સ્નેહનાં સિંહાસન
હૃદયની દેવભોમમાં હોય.
મ્હારી વારાણસી તો છે
ઓ દેવિ ! આર્યકુલનું હૃદય.

શેવતી : તો રાજેન્દ્ર ! ચાલો ત્ય્હારે,
જઇશું ત્ય્હાંનાં રાજભવનોમાં ?

કાશીરાજ : આજ નહીં, અક્ષયતૃતીયાએ.
ઊઘડશે આપણાયે તે દિવસે
અક્ષય સુખના ભંડાર.

નિત્યમુહૂર્તના તે પુણ્યોજ્જ્વળ દિવસે
અવનીની ઉપર ગુંથાશે
બ્રહ્મજ્યોતમાં ક્ષત્રિયજ્યોત,
ને જન્મશે ઉદ્ધાર આર્યાવર્તના.
ત્હમારું બ્રાહ્મ સૌન્દર્ય—

**શેવતી** : ને ત્હમારું ક્ષાત્ર વીરત્વ—

**કાશીરાજ** : પ્રેમબાલે ! પૃથ્વીને પ્રકાશશે
ઉભય એક થઇને.

**શેવતી** : પ્રારબ્ધ ઊઘડશે ત્ય્હારે પૃથ્વીવાસીઓનાં.

**કાશીરાજ** : બજાવો, આ સ્નેહવંશી !
એ પરમ સૌભાગ્યની બંસી.
જગતની ઝાડીઓ સૂની છે
એ ટહુકાર વિના.

**શેવતી** : શીખી લીધો છે છેડતાં
એ અજબ માધુર્યનો બોલ.
પણ એક–એકલી જ હું ?
આંબાની એક ડાળે છે બે કોયલ,
તો બેય કોયલ સાથે ટહુકે.
બોલાવો ત્હમારીયે કોકિલા, રાજેન્દ્ર !

**કાશીરાજ** : લ્યો આ મુજ આત્માનો બોલ.

તલ્લીન થઈ બન્ને સાથે ઘડીક વેણુ વાય છે.

શેવતી : એ નયનોમાંથી તેજકિરણો પ્રગટે,
ને એ પૂર સંગમ પામી
આત્મા બને એકદષ્ટ;
એમ આપણી બંસીઓયે
સંગમ સાધી થઈ એકબોલ.

કાશીરાજ : બોલાવો હવે બ્રહ્મનાદ, દેવિ!

શેવતી : નથી–નથી આવડતો એ હજી.
કાશીમાં પવિત્ર થઈશ
ત્ય્હારે ભણીશ કો તપેશ્વરીજી પાસે.
આજ તો ઉચ્ચારીશ
પ્રેમનો પરમ ટહુકાર.

કાશીરાજ : સ્નેહનાં તપ—

શેવતી : તપવાની છે જ એ તપશ્ચર્યા
અક્ષયતૃતીયાની અવધ સુધી તો
જો, જો, વાયદો ન વીતે હો.
ફૂલડાં કરમાય છે, રાજવી!
વસન્ત બેઠી, ખીલી,
ને વીતીયે જશે.
કોયલ ટહુકે છે વન ભરી,
સુણશો એનો ગેબી ટહુકાર?
જીવનની નવપલ્લવેલી
ઘટા ઘેરી ઘેરી ઘેરાણી છે.

સુણશો ? મહીં બોલે છે
ધીરો–ધીરો–જલરવધીરો
આત્માની વેણુનો બોલ.

કાશીરાજ : પ્રારબ્ધનું પ્રગટ્યું નથી
હજી પ્રભાત, જગતશોભને
મ્હારા રાજઘુમ્મટો ઉપર
ઊગી નથી હજી ઉષા
આનન્દની લહરે લહરાતી.

શેવતી : રાજેન્દ્ર ! હું જ ત્હમારી ઉષા.

કાશીરાજ : ત્હમે મ્હારાં બંસી.

શેવતી : ને ત્હમે મ્હારા બંસીધર.
રાજવી ! ઓ સ્નેહરાજવી !
ઓ રસના
ચાલો ત્ય્હારે, બંસીઓ લઈએ–દઈએ.
ત્હમારે મુખડે હું
ને મ્હારે મુખડે ત્હમે
બજાવો, ને બોલો.

કાશીરાજ : પરસ્પર પ્રેમ લીધો–દીધો, તેમ
મ્હારી આત્મવેણુ ત્હમે લ્યો,
ત્હમારી આત્મવેણુ હું લઉં,
હવે—

શેવતી : વેણ લઇએ ને દઇએ
હૈયાંની, સૈયાં !
વેણ લઇએ ને દઇએ.

તું જગમોહન;
હું રસશોભન;
દિલને વસ્યાં દરિયે;
હૈયાંની, સૈયાં !
વેણ લઇએ ને દઇએ.

તું નટનાગર,
હું રૂપસાગર;
ભરતી બધે ભરીએ;
હૈયાંની, સૈયાં !
વેણ લઈએ ને દઇએ.

બંસીઓ બદલતાં ફૂલડાંમાં રમે છે.

---

# પ્રવેશ ચોથો

✿

**સ્થલકાલ : અઘોર વનમાં પારધીનું ઝુંડ**

આમલીઓનાં ઝુંડ નીચે ઝૂંપડું છે; ઝૂંપડાના બાર પાસે ઘવાયેલી હરિણી પડી છે. પાસેના વૃક્ષ ઉપરની વેલમાં જયાકુમારી આભમાં નજર માંડી વિચારશૂન્ય બેઠી છે.

જયા : વીજલડી હો ! ઊભાં જો રહો, તો
ઉરની પૂછું એક વાતલડી રે;
દિનને દિનાનાથે અજવાળાં આપિયાં;
અન્ધારી કેમ કીધી રાતલડી રે ?
વીજલડી હો !

વીજળી તો ઝબકી ને આથમી.
એ સાહેલીયે ગઈ તજીને.

ઉપર કોયલ ટહુકે છે.

બોલ, કોયલ ! બોલ,
ને ટહુક જીવનનો ટહુકાર.
દે એ ભેદનો ઉત્તર.

કોયલડી હો ? પધારો ઉછંગે તો
રસની માંડું એક વાતલડી રે,
આવ્યાં ત્હારે નહીં આદર દીધલા,
જાતાં દાઝે કેમ છાતલડી રે ?
કોયલડી હો !

થાક્યો દેહ ને થાક્યો આત્મા.
ન્હોતાં નીરખ્યાં નયને,
કે કલ્પ્યાં કદી કલ્પનાએ
આવાં અઘોર વન કે જન.
દાનવે દેવ જેવા આને પડછે તો.
એક એક કૃત્ય જોઉં છું એનું,
કે કપાય છે કળીએ કળીએ મ્હારો પ્રાણ.
મયૂરનો કંઠ ઝાલ્યો ને
ખેંચી લીધાં પીછાં મુગટ કરવા.
કોયલ ટહુકી કે વીંધી બાણે.

માથે લાકડાંનો ભારો લઈ
વનમાંથી પારધી આવે છે.

જેટલી દેહની છે શ્યામતા,
એટલો દિલમાં છે અન્ધકાર.

શું લોચનિયાં ઘૂમે છે!
જાણે બ્રહ્માંડને ચકવે ચ્હડાવશે.

ઝૂંપડી પાછળ ભારો નાખી પારધી જયા-
કુમારી પાસે આવે છે.

**પારધી :** કુંવરી! થા મ્હારા વનની વાઘણ.

**જયા :** (છળી ઊઠીને) વાઘણ!

**પારધી :** હા, વાઘણ મ્હારા વનની;
હું છું આ ઝુંડનો વાઘ.
ચાલ, સંગાથે ખેલીએ શિકાર.
ત્હારે હારુ ઈંધણાં લાવ્યો,
હોયે નહીં માને ત્હારું મન?

જયાકુમારી અનુત્તર ઊભે છે.

અરેરે! ભૂલી ગયો નરાતાર.
કુંવરીઓ તો સ્વયંવરથી પરણે.
જોયુંને મ્હારું શૂરાતન?
આ હરિણીને તો વગડામાં
દોડતી ઝાલી છરાથી વધેરી તે?
ને કુંવરી! તુંયે હાચી;
વનની રાણી થવા જેવી હો.
હરિણી પાણીપન્થી,
પણ તું તો વાયુવેગી
થા મ્હારા કુંજની મહારાણી.

લાયબ્રેરી. અમદાવાદ.

મોરપીંછનો મુગટ માથે,
ને પર્વતના રાજમહેલ !

જયા : મહેલના મોહ નથી રહ્યા.
પણ વનના મોહે ઊતર્યા હવે.
પારધી ! તું પશુ કે માનવી ?

પારધી : હું તો પશુઓનો રાજા.
દેન નથી કે જાય કોઇ
જીવ લઇને આ કુંડમાંથી.
જો ! પેલી મેના ટકટકે
આમલીઓના ઘટાઘુમ્મટમાં.
કરજે સ્વયંવર હો !
મેનાયે પડશે,
ને ડાળખીયે પડશે.

ગોફણ મારે છે. મેના ને ડાળખી તૂટી પડે

સ્વયંવર જીત્યો, કુંવરી !
ને જીત્યો ત્હનેય તે

મેનાને ને આમલીની ડાળીને ઉપાડી લે

કાચી ને કાચી જ ખાઉં.
આમલીનાં પાંદડાં એ મસાલો.
ઊના લોહીનો સ્વાદ
કુંવરી ! અળગો જ છે.

વનની વાઘણ થઈશ તુંયે;
પછી પારવનું પીવા મળશે ઊનું લોહી.

જયા : પ્રભો ! છે–છે ત્‍હારા જગતની મહીં
વાઘથીયે લોહીતરસ્યા પારધી.

પારધી : એ શી ભણે છે ભામણિયા વિદ્યા ?
મ્હારી ગોફણ લહેરાતી,
મ્હારું કામઠું લચકાતું,
ને યોજનભરનાં વન;
થા એ વનની વાઘણ.
કુંવરી ! આજનો દિન છે છેલ્લો.
માનજે; નહીં તો મનાવીશ.
વીણી લાવું છું વનનાં ફૂલ,
ગૂંથજે એ ફૂલની ચાદર.

વનમાં ફૂલ વીણવા જાય છે.

જયા : લોહી પીવાનાંયે ન્હોતરાં
જયા ! ત્‍હારે ભાગ્યે લખ્યાં હશે !

પાસેની ગુફામાંથી લોઢાનાં બાણકમાન લઇ
તેજબા આવે છે.

તેજબા : ઊંચાં આકાશ, મ્હારી બ્હેનડી !
આભલાંની આછી આછી ચૂંદડી,
મહીં તારાની ભાત—

મહીં તારાની ભાત;
ઊંચાં આકાશ, મ્હારી બ્હેનડી !

વગડે ને વગડે છે વેલડી,
મહીં ફૂલડાંની ભાત—
મહીં ફૂલડાંની ભાત;
ઊંચાં આકાશ, મ્હારી બ્હેનડી !

જયા : જય વનનાં દેવીનો !

તેજબા : કુંવરી ! કલ્યાણ ત્હમારું.
દેવી નથી, દુખિયારી છું
હુંયે તમ સરીખડી.

જયા : દુઃખનાં ચિતાસ્નાન કરી ઊતરે
તે જ દુનિયાનાં પુણ્યદેવી
આપની કથા—

તેજબા : મ્હારી કથા ? કથા ટૂંકી છે.
વિધિએ રૂપ દીધું એ જ ગુનો;
કંઈ વર્ષોથી છું આ ગુફામાં,
પારધીના પિંજરામાં.
પારધીને હું ગુફામાં ઘસવા નથી દેતી,
પારધી મ્હને ગુફામાંથી ભાગવા નથી દેતો.
મ્હારું રૂપ એ જ મ્હારો વાંક.

જયા : સૌન્દર્યના શિકાર
વધવા માંડ્યા લાગે છે વિશ્વમાં.

૨, ૩. ૪.

તજખા : હજી કલિયુગ તો આઘે છે.
એ યુગના અન્ધકાર ઊતરશે
જગતના ચોકમાં,
ત્ય્હારે વદનના ચન્દ્ર
ને નયનની વીજળીઓ
વેચાશે કે લૂંટાશે ભરવસ્તીમાંય તે.

જયા : શરીર વેચાય કે લૂંટાય,
પણ આત્માયે વેચાતા હશે ?
સૌન્દર્ય દેહનાં કે દેહીનાં ?

તજખા : સૌન્દર્ય આત્માનાંય તે,
ને શરીરનાંય તે.
ઉપવનમાંનાં ફૂલડાંની પેઠે
માનવીના ઘાટ, રંગ ને આત્મન્ ફુવારા—
એ ત્રણેનો ભભકાર તે સૌંદર્ય.
જેમ ફૂલડાંમાં ફોરમ,
તેમ સૌન્દર્યમાં આત્મપ્રભા.

વનફૂલ લઈ આવતો પારધી આઘે દેખાય છે.

કુંવરી ! ચાલો ગુફામાં.
જુઓ, પારધી ઊતરે છે વનમાંથી.

જયાકુમારી પળ વિચારે છે.

જયા : ધીરશો ત્હમારાં ધનુષ્યબાણ ?

તેજબા : પારધીનો પ્રાણ લેશો ?

જયા : ના, પાપની પાંખો કાપીશ,
એકટંગિયા દેશમાં મોકલીશ.

તેજબા : દેવો મારતા નથી, ઉદ્ધારે છે.

ધનુષ્ય આપે છે, જયા બાણ માંડે છે.

જયા : એક પગ ને એક હાથ.

પારધી ઉપર અર્ધચન્દ્ર બાણ છોડે છે. ત્હેના જમણા હાથપગ કપાઈ પડે છે.

પારધી : અરેરે ! વાઘ ઘવાણો
વાઘણના બાણથી.

જયા : છૂટયાં બ્હેન ! પણ ક્ય્હાં જવા ?

તેજબા : ઝુંડમાંથી જગતમાં,
ને જગતમાંથી જગન્નાથ પાસે.

એક જ માર્ગ;
મળે ત્ય્હાં ગેરુ રંગીએ.

જયા : કફની ! કફની ! ભેખ ! સંન્યસ્ત !
ઘડીના કે સદાના,
દિલના કે દેહના;
એ જ દુઃખિયાંના દિલાસા,
ને દુનિયાના ઉદ્ધાર.

તેજબા : ચાલો, ત્‍હારે અક્ષયતૃતીયાને મેળે.
શોધીશું કોઈ સદ્‌ગુરુ,
ભળીશું એના મોક્ષસંઘમાં,
કે ફરીશું આર્યાવર્તનાં તીર્થેતીર્થે.
કાશીમાં તપ માંડયાં છે
એક તપસ્વીજીએ
ઈન્દ્રાસનનેયે ડોલાવે એવાં.
તપીશું તપજ્વાલામાં ત્‍હેમના તાપસક્ષેત્રે.

જવા માંડે છે, પાછળથી પારધી ઊભો થઈ એક પથ્થર ફેંકે છે. જયા ને તેજબા ખમચી ઊભે છે.

જયા : પથ્થર મારી આશીર્વાદ માગે છે;
(પારધીને)
ત્‍હારુંયે પ્રભુ કલ્યાણ કરજો !

તેજબા : (પારધીને)
પસ્તાઈશ એટલે પ્રગટશે પાછી
ત્‍હારી બન્નેય પાંખો.
પણ પાપપન્થે વળવા જતાં
અપંગ જ રહેશે
એ પ્રગટેલી પાંખોય તે.

બન્ને જાય છે.

# પ્રવેશ પાંચમો

સ્થલકાલ : તપશ્ચર્યાનું વન

ચાર દિશામાં ચાર ભસ્મના ઢગલાઓની વચ્ચે
તપસ્વી જયન્ત બેઠો છે.

જયન્ત : ઉગ્ર તપ આદર્યાં,
પણ હજી અધૂરાં હશે.
નથી થતાં અખંડ દર્શન
નાથ ! તુજ પરમ તેજનાં.
વીજળીના દોરા જેવા
તણખા ચમકે છે અન્તરના આભમાં;
પણ બ્રહ્મજ્યોતિનો મહાભાસ્કર
નથી પેખાતો અનસ્તપણે.
એટલો અધૂરો છે હજી
આત્મા ને પરમાત્માનો યોગ.
ભાવની ભરતીઓ આવે છે,
પણ ચિરસ્થાયી નથી તે.

દોરો, દોરો, ઓ બ્રહ્મજ્યોતિ !
અન્ધકારની આ ભુલભુલામણીમાંથી.

આકાશવાણી : છેલ્લી ગાંઠ છોડી દે આત્માની.

જયન્ત : શબ્દબ્રહ્મ ગાજ્યો ? ગહનતા બોલી ?
અનન્તતાએ ઉચ્ચાર કીધો ?
છોડું છું–છોડું છું એય તે–
મ્હારા આત્માની છેલ્લી ગ્રન્થિ.
ઊંડું સંઘરેલું મ્હારું લોભરત્ન.
સ્નેહદેવી મળજો કે ના મળજો;
બ્રહ્મપ્રકાશ ઊગજો કે ના ઊગજો;
જગતનો યત્કિંચિતે ઉદ્ધાર
મ્હારે હાથે થાઓ કે પરહાથે;
વિસર્જન થાઓ સારાંનીયે લાલસાઓ.
શુભનીયે આસક્તિ અસ્ત પામો!
ઊતરી જાઓ મોક્ષનાયે મોહ.
ब्रह्मकृपा हि केवलं। ब्रह्मकृपा हि केवलम्।
સૃષ્ટિ છે સૃજનનો હેતુ સાધવાનેઃ
સૃજનહેતુ સીધે ત્ય્હાં ને તેમ
ફેંક–ઘુમાવ મ્હારા જીવનને, પ્રભો !
પ્રભુની વાડીમાં પુણ્ય વાવવાં,
જ્ય્હાં ઉગાડે ત્ય્હાં તેજ વર્ષવાં,
જ્ય્હાં ફૂલડાં પ્રફુલ્લે
ત્ય્હાં પરિમલ પમરવા,

એ જ ઉદ્ધાર, એ જ જીવન્મુક્તિ.
જય હો બ્રહ્મજ્યોતિનો !

ચાર ભસ્મના ઢગલા તેજસ્થંભ થાય છે.
બ્રહ્મલોકમાંથી તેજનાં ધનુષ્યબાણ ઊતરે છે,
અને જયન્તના હૈયામાં સમાઈ જાય છે.
હ્રદય ફરતું પ્રભાચક્ર પ્રગટે છે.

જયન્ત ! ત્હારું મેધાજનન !
બુદ્ધનાં બોધિસત્ત્વ ઊતર્યાં !
જીવાત્મામાં બ્રહ્મજ્યોતિ જન્મ્યો !
જીત જગતને, ને જિતાડ,
બ્રહ્માંડે છે ન્હાનકડાં હવે તો.

આકાશવાણી : બાણ નહીં જીતે ચાપ વિના,
પંખી છે એકપંખાળું અપંગ.

જયન્ત : 'એકપંખાળું ? અપંગ ?'

વિચારમાં ડૂબે છે.

ચાપહોણું જાણે બાણ ?
( થોડીક વારે )

હા, સમજાઈ એ ભેદવાણી.
જયા ! મ્હારી બીજી પાંખ !
પ્રગટ, ને પ્રત્યક્ષ થા.
એકાકી તો ભાસ્કરે અધૂરો છે;
ચન્દ્રસૂરજની બેલડી જ

અજવાળે છે અહર્નિશા.
'જયા ધરાવશે જયન્તને માથે
જગતના જયનો મુગટ:'
સમજાયો દેવર્ષિનો એ આશીર્વાદ.
ઓ હરિકુંજનાં પાંદડાંઓ!
છો તેટલી જીભો થાવ,
ને જગાવો જયાના નામનો અલખ.
બોલાવો બ્રહ્માંડની ગુફાઓમાંથી,
કે હરિની ઇચ્છા પૂર્ણ થાય.
બ્રહ્મકૃપાની ને બ્રહ્મજ્યોતિની
જગતમાં જયા જ છે મૂર્તિ.
જય! બ્રહ્મજ્યોતિનો જય!
જયાને પુણ્યપગલે જ
ઊગશે સ્હવાર જગતના ઉદ્ધારનાં.

# પ્રવેશ છઠ્ઠો

સ્થલકાલ: અક્ષયતૃતીયાને મેળે જવાનો માર્ગ

જોગીઓ : પરમ ધન પ્રભુનાં લેજો, લોક !
રૂપું ધન, ધન સોનું,
હો અબધૂત ! હીરા મોતી ઝવેર,
હો અબધૂત ! હીરા મોતી ઝવેર;
સત્તા ધન, ધન જોબનઃ ચળ સહુ;
અચળ બ્રહ્મની લહેર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક
નહીં સૂરજ, નહીં ચન્દ્ર,
હો અબધૂત ! નહીં વીજળીચમકાર;
હો અબધૂત ! નહીં વીજળીચમકાર;
અગમનિગમનીયે પાર અપાર એ
બ્રહ્મ તણા ભંડાર;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

દૂર થકી પણ દૂર:
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ,
હો અબધૂત! પ્રાણ થકી પણ પાસ;
ઊગે તપે કે આથમતાંયે
એ ધન છે અવિનાશ;
પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

એક જોગી : દેવર્ષિજીએ આદેશ દીધો કે
'હિમાલયમાંથી ઊતરો,
જાઓ કાશીની હરિકુંજમાં દર્શને.'
સમજાવ્યું સ્થૂલસૂક્ષ્મનું મહાસત્ય કે
'નથી મપાતા રજસ્ કે સત્ત્વ કદી
દેહના ચ્હડવા કે ઊતરવાથી;
આત્માના જ ચ્હડવા-ઊતરવાથી
મપાય છે મનુષ્યની મોક્ષયાત્રાના ગાઉ.'
કાલે ઊગશે અક્ષયતૃતીયા.
ગંગાસ્નાન કરી યાત્રા આદરશું
બ્રહ્મવનમાંના બ્રહ્મર્ષિનાં દર્શન કાજે.
ગાઓ, સાધો! ગાઓ,
જગાવો બ્રહ્મજ્યોતિનો જય!

જોગીઓ : પરમ ધન પ્રભુનાં લેજો, લોક!

———

# પ્રવેશ સાતમો

સ્થલકાલ : ગંગાકાંઠે અક્ષયતૃતીયાનું પ્રભાત

---

ગંગાજીના જલમાં ને આરે યાત્રાળુઓનો સંઘ ઊભરાય છે. તેજબા ને જયા આવે છે.

તેજબા : ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
ઊગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

રજનીના ચૂંદડીના
છેડાના હીરલા શા
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

પરમ પ્રકાશ ખીલે,
અરુણનાં અંગ ઝીલે;

જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે;
જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે.

જયા : જેવું જલનું સ્નાન
એવું જ આત્માનું સ્નાન.

તેજબા : હા, જયા! આત્માના સ્નાન વિના
જલનાં સ્નાન અધૂરાંસ્તો.

સ્નાનાર્થે જાય છે. કાંઠે ઊંચી ભેખડ ઉપર પાપમન્દિરના દ્વારમાં તીર્થગોર બેઠા બેઠા લલકારે છે.

તીર્થગોર : अन्यक्षेत्रे कृतं पापं
तीर्थक्षेत्रे विनश्यति.

નીચે પટમાં ગિરિરાજ ને રાજરાણી યાત્રાળુવેશે ગંગાસ્નાને આવે છે.

ગિરિરાજ : રાણી! વનવનમાં વિચર્યાં,
પણ જયાયે ન જડી,
ને આત્મશાન્તિયે ન લાધી.

રાજરાણી : રાજેન્દ્ર! મ્હારે તો જયા એ જ શાન્તિમૂર્તિ.
સૃષ્ટિજૂનાં આ પુણ્યોદક વહે છે;
એમાંથી જડશે જયા; શોધીએ.

ગિરિરાજ : આ હવામાં હું જયા જોઉં છું;
દેખાય-દેખાય ને અલોપ થાય છે.

રાજરાણી : સન્નેડે તીર્થં ન્હાય
ત્હેને દર્શન થાય દિલવાસીનાં.

ગિરિરાજ : નહીં તો શુકદેવ સમા બ્રહ્મર્ષિ
તો દાખવશે જ દેવલોકવાસીનેયે

સ્નાનાર્થે સંચરે છે. નૃત્યદાસી જળસ્નાન કર
ભેખડ ઉપર પાપમન્દિરે દર્શને જાય છે.

નૃત્યદાસી : આચાર્યનો તો અસ્ત થયો.
સૌન્દર્ય ઊડતાં આશકો ઊડી જાય,
એમ વિખરાયું વામીમંડળ
દેશે દેશનાં વિલાસભવનોમાં.
પાપપુણ્યના કણ એવા છે કે
વેરાય ત્ય્હાં ત્ય્હાં ઊગે.

તીર્થગોર : अन्यक्षेत्रे कृतं पापं
तीर्थक्षेत्रे विनश्यति.

પધારો, યજમાનરાણીજી !
શું આપનું કાન્તિમંડળ !
જાણે પશ્ચિમનો ચન્દ્રમા !

નૃત્યદાસી : ગુરુ ! આ કોનું મન્દિર ?
આપ પૂજારી હશો.

તીર્થગોર : આ પાપમન્દિર છે ગંગાતટનું,
ને હું પાપમન્દિરનો પૂજારી છું.

પાપના ઝગમગિયા અંચળા
લોક ઓઢી કે ઉતારી જાય,
એટલે આ અહીંનું પાપમન્દિર.
જુઓ, દર્શન કરો,
ઉતારો કે ઓઢો એ અંચળ.

દાસી ને તીર્થગોર પાપમન્દિરમાં જાય છે. થોડીક વારે વસ્ત્રો ને વેણી સમાં કરતી દાસી તથા તીર્થગોર બહાર આવે છે.

નૃત્યદાસી : (સ્મિત કરતાં કરતાં)
તીર્થગુરુ! લોક મોહ પામે
એટલું રૂપ ત્યહારે છે હજી મ્હારું!
મેં માન્યું કે દિવસ આગમ્યો:
સાગરનાં જલ વધે;
તો મ્હારાં પાપ વધે.
પણ આપને કાળાશ અડકી હોય —
તો ગુરુજી! ગંગામાં ધોજો.

તીર્થગોર : અમારે તીર્થવાસીને તે વળી
પાપ શાં ને પુણ્ય શાં?

નૃત્યદાસી જાય છે. નીચે પટમાં જયા ને તેજબા સ્નાનશુદ્ધિ કરી આવે છે.

જયા : હું તો જોગણ બની છું મ્હારા વ્હાલમની.
વ્હાલમની,

પ્રેમઆલમની,

હું તો જોગણ બની છું મ્હારા વ્હાલમની.

વનવનના મહેલ, પ્રીતમ! ત્હારા વિણ સૂના છે,
તીરથના ઘાટ, પ્રીતમ! જોગીથી જૂના છે,
રસિકા એ રસના ઉપાસકની:
હું તો જોગણ બની છું મ્હારા વ્હાલમની.
તરુતરુને પાને, પ્રીતમ! નામ જો! ત્હારું છે;
રેખારેખામાં પ્રીતમ! ભાગ્ય જો મ્હારું છે;
દાસી એ દિલના દિલાવરની;
હું તો જોગણ બની છું મ્હારા વ્હાલમની:

તેજબા : દેવિ! ગંગાજલમાં ન્હાયાં,
તે જાણે પુણ્યોદકમાં ન્હાયાં.
આત્માયે ઉતારે છે
પોતાનો સર્વ અંધકાર.
—ને ત્હેં જેનો ભેખ ઓઢ્યો
તે કોણ?

જયા : આર્યે! તે એક હતો.
હિમાલયને શિખરે સૂર્ય ઊગતો,
તેયે ઝંખવાતો હતો
ગિરિદેશના એ માર્તંડરાજથી.
હતો, એક હતો જોગી
સંસારમાંયે સંન્યાસી સમો.
શોધું છું એ સાધુવરને,
દિલમાં છે ત્હેને દુનિયામાં.

તેજબા : પ્રભુનાં જગત છે
તો પ્રભુનાં જન લાધશે ત્હેમાં.
બ્રહ્મર્ષિના આશ્રમ સૂના નથી.
ચાલો પેલે ઊંચે મન્દિરે દર્શને.
એકાન્ત છે, ત્યહાં શાન્તિ હશે.

તેજબા ને જયા ભેખડે ન્હડે છે.

તીર્થગોર : अन्यक्षेत्रेकृतं पापं
तीर्थक्षेत्रे विनश्यति ।

તેજબા : જય સચ્ચિદાનન્દ, ગુરુદેવ !

તીર્થગોર : સચ્ચિદાનન્દ, માઈ !
સત્, ચિત્, આનન્દ :
આવો, ને આનન્દ કરો.

તેજબા જયા સ્હામું જુએ છે. બન્ને તીર્થગોર સ્હામું નિહાળે છે. તીર્થગોર દોરે છે, ને સહુ મન્દિરમાં પ્રવેશે છે. નીચે તટમાં કાશીરાજ ને શેવતી આવે છે.

શેવતી : પિયુ ! પ્રેમનું પ્રભાત,
પિયુ ! પ્રેમનું પ્રભાત,
પ્રગટ્યા પ્રકાશ પરમ સ્નેહના જો !

પિયુ ! ઊતરી એ રાત,
પિયુ ! ઊતરી એ રાત,
સૂરજો તપે છે દિલે-દેહમાં જો !

અમે આશાને આંગણે ઊભાં હતાં;
અમે ભાવિના આભમાં જોતાં હતાં;

ઊગી ભાગ્ય કેરી ભાત,
ઊગી ભાગ્ય કેરી ભાત,
ઊઘડ્યા ઉજાશ સૌભાગ્યના જો !
પિયુ ! પ્રેમનું પ્રભાત.

પાપમન્દિરનો ઘુમ્મટ ફોડી જયા ગંગાજલમાં કૂદી પડે છે. પાપમન્દિરનાં દ્વાર તોડી ચંડી સમી રાજબા તીર્થંગોરને જટા ઝાલી બહાર ખેંચી લાવે છે.

તેજબા : ભૂલ્યો, ઓ પાપમન્દિરના ગુરુ !
તું ભૂલ્યો આજે.
ફેંકું છું સદા ન્હાવાને કાજ
પાતાલઊંડાં આ જલના વમળમાં.
એ બાલાને તો વરદાન છે કે
આ ભવમાં એને અભડાવશે જ નહીં
પુરુષનો કોઈ દેહસ્પર્શ.
વીજળીને અડકે તે દાઝે
એમ દાઝે છે એને અડકે છે તે.

તીર્થંગોર : પણ—ત્હમે—

તેજબા : હું ?

તીર્થંગોરની જટા ખેંચતાં છૂટી જાય છે, ઓઢેલું વસ્ત્ર સરી પડે છે, અર્ધનગ્ન દેહ ઉઘાડી થાય છે. તેજબા ત્હેને નિહાળી રહે છે, ને ઓળખે છે.

હું ?

સિંહધ્વનિએ ગાજે છે.

ઓળખે છે મ્હને? રુદ્ર!

તીર્થંગોર ચમકી ઊઠે છે.

સરસ્વતી કોણ? ને ક્યહાં છે?
જો આ ઉદર ઉપરનો મયૂર,
ને જો ત્હારો ઉદરમયૂર.

તીર્થંગોર : કોણ? બ્હેન? સરસ્વતી?
યુગના યુગથી વિખૂટાં હતાં,
ને વર્ષોનાં વાદળમાં
સંતાયાં હતાં સ્મરણો ત્હારાં.
હા! બહેન વિશે મ્હને પાપભાવ જાગ્યો!

તેજબા : સૃષ્ટિમાંની સર્વ સુન્દરીઓને
બ્હેન પ્રમાણજે, ઓ પાપગુરુ!
સહુમાં તુજ બ્હેનની મૂર્તિ જોજે.
રાક્ષસ જન્મ્યો તું બ્રહ્મકુલમાં.

જનાન્તિક નીચે ગંગાપટમાં

કાશીરાજ : આજ મ્હારા જીવનનું મુહૂર્ત.

શેવતી : આજે ઊગી મ્હારીયે અક્ષયતૃતીયા.
રાજેન્દ્ર! કુમારે આનન્દે છે આપનો
આ તમ દયિતાને દેહ.

કાશીરાજ : ચાલો, વાટડી નિહાળે છે
વારાણસીના મ્હારા રાજમહેલ.

બન્ને સિધાવે છે. નદીતટમાં પોકાર.

'ઓ તીર્થગોર! ત્હમારી બ્રહ્મકન્યા
હરી ગયા કો રાજવી.'

તેજબા ને તીર્થગોર ચમકે છે.

તીર્થગોર : મ્હારી શેવતી! મ્હારું રત્ન!

તેજબા : રાવણવંશી ઓ બ્રહ્મરાક્ષસ!
મા વીસર કે સર્વ સુન્દરી
કોઈક પિતાનું કન્યારત્ન છે.
ત્હારા કન્યારત્નને પુણ્યોજ્જવલ વાંછે,
તો કોકના કન્યારત્નને મા અભડાવતો.

अन्यक्षेत्रे कृतं पापं
तीर्थक्षेत्रे विनश्यति ।

ઓ અર્ધજ્ઞાની અન્ધકારમૂર્તિ!
શીખ ઉત્તરાર્ધ એ મન્ત્રનો, કે

तीर्थक्षेत्रे कृतं पापं
वज्रलेपो भविष्यति ॥

જાઊં છું જયાને શોધવા.
પણ આવીશ, રહીશ,
અહીં વસીશ ગંગાતીરે.
ને પાપમન્દિરનાં કરીશ પુણ્યમન્દિર.

તેજબા જાય છે. પાપમન્દિરનાં ખંડેર ભણી
તીર્થગોર નિહાળી રહે છે.

---

અંક ત્રીજો

અનુસ્નાતક શિક્ષણ ભવન.
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ.
તલોદ.
સા. નં.........
વિ. નં.........

## પ્રવેશ પહેલો

સ્થળકાલ: હરિકુંજમાંનો જયન્તનો આશ્રમ

બ્રહ્મચારીઓનું ગીત }
વનવનનાં અન્ધારાં વામશે,
હો! આવશે એવાં કો આભનાં તેજ.
હો! સન્તજી! એવાં કો દેવનાં તેજ.

જેવો વિશ્વ પ્રકાશી વ્યોમ વિલસે પ્રાતઃસમેનો રવિ,
જેવો રાત્રિ સુહાવી ચન્દ્ર ચમકે પીયૂષનો રાજવી,
જેવાં એ કિરણો અનસ્ત ધ્રુવનાં આવન્ત નિમેષનિમેષે,
એવાં વર્ચસ બ્રહ્મનાં ઉતરશે, અન્ધાર ઉજાળશે.

જગજગનાં અન્ધારાં વામશે,
હો! આવશે એવાં કો દેવનાં તેજ;

ઉરઉરનાં અન્ધારાં વામશે,
હો! આવશે એવાં કો બ્રહ્મનાં તેજ;
હો! સન્તજી! એવાં કો બ્રહ્મનાં તેજ.

કોઈ બ્રહ્મચારી યોગ, કોઈ વેદમન્ત્ર, કોઈ વીણા,
કોઈ ઔષધિ ઉપાસે છે. જયન્ત પધારે છે.

બ્રહ્મચારીઓ : શ્રી સદ્‌ગુરુનો જય !

જયન્ત : જય પ્રભુનો, મનુષ્યનો નહિ.
પહેલાં પ્રભુ, પછી ત્‍હેના સન્તો.
બોલો શ્રી બ્રહ્મજ્યોતિનો જય !

બ્રહ્મચારીઓ : શ્રી બ્રહ્મજ્યોતિનો જય !

જયન્ત : ( એક બ્રહ્મચારી )

ત્‍હમે કોના બ્રહ્મચારી ?

બ્રહ્મચારી : હું ધનવન્તરિ ભગવાનનો બ્રહ્મચારી.

જયન્ત : પુત્ર ! દેહની પેઠે
દેહીની દવાઓયે શોધજે.
દિલના ઘાની વેદના વસમી છે.

( બીજા બ્રહ્મચારી પાસે જઈ )

મા વીસરશો કદી પણ, તાત !
સમાધિ ને સિદ્ધિઓ પણ સાધન છે.
ઉદાર પ્રેમળ બલિષ્ઠ
મહાજ્યોત આત્મા થાય
એ જ છે સર્વ શાસ્ત્રોનું લક્ષ્ય.

( આગળ ચાલીને, અન્યને )

શોધો વિશ્વના છૂપા ભેદ:
ઉઘાડો હળવે હાથે હૈયાં
પરમ ભંડારી પ્રકૃતિમાતાનાં,
ને પીઓ ત્હેની અમૃતધારાઓ
અનેકસર અક્ષયઝરણી.
બ્રહ્માંડ સકલ બ્રાહ્મણ કાજે છે;
ને બ્રહ્મવતી તે સર્વ બ્રાહ્મણ.
ધોવ્યાથી ધાવણ નહીં ખૂટે.

પણ કોતરી રાખજો
હૈયાની કોર ઉપર,
સુખ તે કલ્યાણ નથી સદા.
(એક બ્રહ્મચારી આગળ આવી નમસ્કાર કરી)

એક બ્રહ્મચારી : नाहं जानामि केयूरं,
नाहं जानामि कुंडलम् :
नूपुरं चैव जानामि,
नित्यं पादाभिवन्दनात्.
પિતા! એ શ્લોકનું ભાષ્ય–

જયન્ત : પિતૃઆજ્ઞાપાલક વીરપુત્ર રાઘવ,
રાજ્યત્યાગી માતૃત્યાગી ભરત જોગી,
સતીકુલતિલક પરમ સાધ્વી સીતાજી,
ભક્તશિરોમણિ નૈષ્ઠિક બ્રહ્મચારી હનુમાન:
એ સઘળું સમજાય, કુમાર!
તો સરલ છે સમજવો
લક્ષ્મણજીનોયે ભીષ્મ જીવનયોગ.

બ્રહ્મચારી : કંઈક ઝાંખી થઈ, મહાત્મા !

જયન્ત : એવો યુગે આવશે અવનીમાં
કે મહાત્માઓનાં મહાજીવનને
કેવળ કવિતા માનશે માનવી.
અધૂરા આત્માના વામનજીઓ
માપશે પોતાની ઊંચાઈએ
મહાવીરોનાં વિરાટ શરીર.
આપણી દૃષ્ટિ છે
એટલું જ કાંઈ આભ ઊંચું નથી.

કાશીરાજ દર્શને આવે છે.

પધારો, રાજેન્દ્ર ! વિરાજો મૃગચર્મે.

એક શિલા ઉપર એક કુમાર મૃગચર્મ પાથરે છે. નમન નમી રાજેન્દ્ર તે ઉપર બિરાજે છે. રાજપરિવાર ફરતો ઊભો રહે છે.

કલ્યાણ થાઓ સહુનું,
તીર્થરાજ ! કાંઈ વાર લાગી આજે ?

પરિજનમાંથી એક } સ્નેહયાત્રાનો શ્રમ હતો
દિલમાં ને દેહેય તે.
સ્નેહને આણે પધાર્યા હતા રાજેન્દ્ર.

જયન્ત : સ્નેહના શ્રમ સહુના ફળજો !
સિધાવો, મા રોકાઓ આજ.
સ્નેહીની સેવા કરો,

સેવાનાં ફળ ફળશે ત્હમારાં.
જાઓ, પૂર્ણિમા ઊગશે પૃથ્વી ઉપર
કે પૂર્ણિમાના ચન્દ્ર સમોવડ
સોળે પાંખડીએ પ્રકાશતો યુવરાજ
અજવાળશે રાજમહેલને.
દેવ પ્રગટશે પ્રાસાદમાં રમવા.

(સ્વગત)

આજ મ્હારાયે સળકે છે
ઉરના મહાસાગર;
જાણે ક્ષિતિજ પાછળ
ચન્દ્ર ઊગતો હોય ને!

કાશીરાજ : (ઊઠી અંજલિ કરી રહીને)
મહાત્માનાં આશીર્વચન પામ્યો.
કાશીનો—મ્હારો ભાગ્યોદય વાંચ્યો.
એ પૂર્ણિમા પ્રગટશે પૃથ્વી ઉપર
બ્રહ્મર્ષિજીનાં બ્રહ્મવચનથી.

સહપરિવાર કાશીરાજ જાય છે.

એક બ્રહ્મચારી } चित्तवृत्तिनिरोधः योग :
: અ ભગવાન પતંજાલનું વેણ;

चंचलं हि मनः कृष्ण ।
प्रमाथी बलवतद्दढम् ।
तस्याहं निग्रहं मन्ये
वायोरिव सुदुष्करम् ॥

એ ગીતાજીનું વ્યાસવચન :
એ વચનોનો સમન્વય સમજાવશો ?

જયન્ત : સન્ધ્યાકાલે આવજે, પુત્ર !
સિદ્ધોના સમાધિઆરે.
વૃદ્ધ યોગીન્દ્ર સમજાવશે સહુ.
અત્યારે સ્નાનનો સમય થયો છે.

(બહાર કોલાહલ)

'બ્રહ્મર્ષિની આજ્ઞા છે કે
ડૂબેલાંનેયે તારવાં.'

સહુ બ્રહ્મચારીઓ ધ્યાનસ્થ ઊભે છે.
એક બ્રહ્મચારી નિત્યપાઠ ભણે છે-

धैर्यं यस्य पिता, क्षमा च जननी, शान्तिश्चिरं गेहिनी,
सत्यं सूनुरयं, दया च भगिनी, भ्राता मनस्संयमः।
शय्या भूमितलं, दिशोऽपि वसनं, ज्ञानामृतं भोजन-
मेते यस्य कुटुंबिनो, वद सखे ! कस्मात् भयं योगिनः॥

જયન્ત : મ્હારા યોગીઓને ભય નથી કદા :
જાઓ ને જીતો જગતને.

બ્રહ્મચારીઓ જાય છે. કેટલાક બીજા બ્રહ્મચારીઓ
એક સુન્દરીને જલનીતરતી ઊંચકી આવે છે.

એક બ્રહ્મચારી : (આગળ દોડી આવી)
પિતા ! મધ્યજલમાં ડૂબકીદા ખેલતા હતા,
ત્યહાં એક ડૂબકીમાં આ રત્ન લાધ્યું.
જીવનદોરી નથી તૂટી;
આશ્રમમાં લાવ્યા છીએ ઉગારવા.

જયન્ત પાસે જઈ સુન્દરીને નિહાળે છે; ખમચે છે;
ઘડીક વિચારગર્તમાં ડૂબે છે; પળમાં સચેત થાય છે.

જયન્ત : (લલાટનાં સ્વેદબિન્દુ લ્હોતાં લ્હોતાં)
નિરર્થક નથી સરજ્યું કાંઈ હરિએ.
જીવશે આ સુન્દરી, ને જિવાડશે.
યોગગુફામાં યોગાસન ઉપર સુવાડો.
સિંહચર્મ ઓઢાડજો એમને.

બ્રહ્મચારીઓ જાય છે, જતાં જતાં

એક બ્રહ્મચારી } બ્રહ્મર્ષિને પરિસ્વેદ પ્રગટ્યો સ્હવારમાં!

બીજો બ્રહ્મચારી } લલાટ ઉપરના તારલિયાના
એ તો અક્ષય બ્રહ્મલેખ.

સુન્દરીને લઈ યોગગુફામાં જાય છે.

જયન્ત : એ તો જયા, જગતની જ્યોત;
પુણ્યની જાહ્નવી, સાધ્વીઓનું સંજીવન.
આ દશા! આ દશા કેમ?
શી વાર્તા હશે ગિરિદેશની?
ઊઘડો, ઓ કાળના પડદાઓ!
ને કહો એ કથની.
બ્રહ્મચારીએ ઉગારી રાજકુમારી.
યોગની ઉષ્મા અર્પું,
આત્મચેતના પાઠવું;
જાગશે ને તપશે જગત ઉપર.

આત્મતત્વની આશિષલહરીઓ પાઠવે છે.

યોગી! યોગ તો અડગ છે ને?
ચાલ ત્ય્હારે યોગગુફામાં
સૃષ્ટિની સકલ સુન્દરતાની સન્મુખ.

પડદો ફાટી યોગગુફા ઉઘડે છે. સિંહચર્મ-આચ્છાદિત જયાકુમારી યોગાસન ઉપર પોઢેલ છે. નેત્ર ખુલ્લાં છે, પણ ચેતના નથી જાગી હજી.

પોઢી છે યોગાસને
પૃથ્વીની પરમ પવિત્રતા.
શી ઝબકી રહી છે
નયનોમાં રમતી એ વીજળી!

(અંજલિ કરી રહી)

એક જ્વાલા જલે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું-હું નમું.
એક વીજ જલે નભમંડલમાં,
રસજ્યોત નિહાળી નમું-હું નમું.
મધરાતના પહોર અઘોર હતા,
અન્ધકારના દોર જ ઓર હતા,
તુજ નેનમાં મોરચકોર હતા,
રસજ્યોત નિહાળી નમું-હું નમું.

અહા! વિશ્વનાં દ્વાર ખૂલ્યાં-ઊછળ્યાં,
અહા! અવધૂતને બ્રહ્મયોગ મળ્યા,
અહા! લોચન લોચન માંહી ઢળ્યાં,
રસજ્યોત નિહાળી નમું-હું નમું.

દૃગ્બાણથી પ્રારબ્ધલેખ લખ્યો,
કંઈ પ્રેમીએ પ્રેમપથી પરખ્યો;
અને આત્માએ આત્મનને ઓળખ્યો,
રસજ્યોત નિહાળી નમું-હું નમું.

ન ભાગી પડ, ઓ શરીરના માળખા!
ન ફૂટી જાઓ, ઓ અમ્મર આત્મા!
આ તો દેહનું શબ છે;
નથી ચેતનના બ્રહ્મમહેલ.
ચેતજે, ઓ જયન્ત! ચેતજે,
પાપ તે પ્રેમ નથી.
દીર્ઘ કાલનાં દીધેલાં દ્વાર,
બ્રહ્માંડના બ્રહ્મદરવાજા સમાં, ઊઘડ્યાં
લોચનના એક કિરણમાત્રથી.
થભો, ઓ દેવનેયે દૂભતા કામદેવ!
થંભો બારણાની બહાર.
આ જોદ્ધો જુદો છે.
યોગેશ્વરે અંગ બાળી અનંગ કીધો,
અનંગનીયે ભસ્મ કરી
આપીશ ખાખ મ્હારા ખાખીઓને;
ચોળશે ત્હેને નહિ વાગે
કામણગારી કોઈયે કીકીના ડંખ.

(કુમળો પડી)

આ દશા!

ચન્દ્રિકા-નીતરેલો જાણે ચન્દ્રમા.

ગિરિદેશ! ત્હમારી રાજકુમારી,
રાજપિતા! ત્હમારા કિરીટની કલગી,
રાજમાતા! ત્હમારા હૈયાની સ્નેહકલા,
નીરખો આ નીરની પથારીમાંથી ઊઠતી.
હિમાદ્રિમાં પૂર્ણિમા પ્રકાશતી,
ને શિખરશિખરમાંથી તેજપ્રવાહ,
દેવનયનોનાં અમૃતપૂર સમા, ભભૂકતા;
જયા! ત્ય્હારે ત્હારીયે પૂર્ણિમા ખીલતી,
અંગઅંગના શિખરમુખમાંથી
આત્માના અમીધોધ ઊછળતા!

નિઃશ્વાસ મૂકે છે.

ગયું, સહુ ગયું તેઃ
માત્ર સ્મરણો જ રહ્યાં
ભૂતકાલનાં ભોગવેલાં સ્વપ્નાંઓનાં. !

(સ્વસ્થ ચિત્તે)

સિધાવો, સિધાવો, રતિનાથ!
આ ગુફા તો યોગીઓની છે.

જયન્તનાં માતાપિતા પિતૃલોકમાંથી બ્રહ્મલોકમાં જતાં જતાં ઘડી થંભે છે, પુત્ર ઉપર પુષ્પવૃષ્ટિ કરે છે. જયા જરા હાલે છે.

પિતા : દેવિ! पुत्रात् शिष्यात् पराजयः
આપણો મોક્ષ આજે થયો.

માતા : આર્ય! પુત્ર એટલે પ્રગતિ;
અધૂરો મૂકયો હોય

સંસારનો યજ્ઞ માતતાતે,
ત્ય્હાંથી આદરી પૂરો કરે તે.
આજ આપણા જીવનયજ્ઞની પૂર્ણાહુતિ.
પુત્રે દીધાં પુણ્યજીવનનાં તર્પણ
ને જગદુદ્ધારની શ્રાદ્ધાંજલિ.

પિતા : એથી આજ આપણી મોક્ષતિથિ.

માતા : પુત્રનું મુખ નીરખ્યું
ત્ય્હારે જ નીરખ્યા હતા દેવ ત્ય્હાં.

પિતા : પૂજી લ્યો ત્ય્હારે પુત્રને.
પુત્રપૂજા એટલે પ્રગતિની પૂજા.
આશીર્વાદ દ્યો પુત્રધનના સૌને.
કામવિજય તો યોગજીવનનો પાયો છે.

પિતા }
માતા } સંસારીઓ! એવાં સન્તાન પામજો કે
માતાપિતાનાં અધૂરાં મૂકેલાં
આરંભી પૂરાં કરે.

ફરી પુષ્પવૃષ્ટિ કરે છે. જયા આળસ મરડી ઊઠે છે,
ને જયન્તને નીરખી ઓળખે છે.

જયા : કોણ! જનમનો જોગી જયન્ત?

જયન્તને માથે જયનો તેજમુગટ પ્રગટે છે. તે નિહાળી
આનન્દતા પિતૃલોકવાસીઓ બ્રહ્મલોકમાં સિધાવે છે.

---

## પ્રવેશ બીજો

### સ્થલકાલ : કાશીવિશ્વેશ્વરનો રાજમાર્ગ

---

તીર્થગોર : જન્મારો તીર્થમાં ગાળ્યો,
પણ આજ જાણ્યું તીર્થ એટલે શું.
પગ મૂકતાં જ રુઝાય છે
પગમાંના ઊંડા ઘાવ.
નથી ઓછાં વીતાડ્યાં
મ્હારેય માથે સાધુઓએ.
ચાર દિનમાં તો ચાર ભવ થયા.
ગોખરૂની શય્યામાં સુવાડ્યો;
ઝાડથી ઊંચે મસ્તકે લટકાવ્યો,
ચિતાની જ્વાલા સોંસરો ચલાવ્યો;
તપ્તલોહની સ્ત્રીમૂર્તિઓને ભેટાડ્યો;
સર્પની કાંચળીની પેઠે
ઉતારી આખીયે મ્હારી ખોળ.
એ યે મણા ન્હોતી રાખી.
રાવણે તો એક સીતા હરી હતી.
હરિ ! હરિ ! પ્રભો ! પ્રભો !

કેટલી યાત્રા કરશે માનવ યાત્રાળુ
પાપના મ્હોટા પોટલા ઉપાડી ઉપાડી ?
પણ હાશ! શીળી શીળી લાગે છે
આ મુક્તિપુરીની ધરતીયે.
સાધુઓનાં લોચનમાંથી તો
અમૃતના વરસાદ વરસે છે.

( વિચારે છે )

ગંગામાં ન્હાયો; દેહ ધોવાયો;
ધોવાશે એવો મ્હારો આત્મા ?
રાવણ તો જીવતો છે જગતમાં.

( વળી વિચારે છે )

હરિકુંજની સત્સંગગંગામાં ન્હાઈશ,
એટલે ધોવાશે મ્હારો પાપાત્માયે.
શયતાનના દેવ બને છે ત્ય્હાં.

જાય છે. ગિરિરાજ ને રાજરાણી આવે છે.

રાજરાણી : ભવ-ભવસાગરમાં ડોલે હો ! માનવનાવ.
જો ! પૂર ઘૂમે.
તોફાન ઝઝૂમે;
કાલના તરંગે હો ! કરે આવ-જાવ,
માનવનાવ.
મહાસાગરમાં ડોલે હો ! માનવનાવ.

રાજેન્દ્ર ! વાદળ ક્ય્હારે વિરમશે ?
તોફાન ક્ય્હારે ઊતરશે ?

ગિરિરાજ : ધીરજ ધરો, રાણીજી! ધીરજ;
ધીરજમાં ધરણીધર છે.

રાજરાણી : નાથ! કેટકેટલાં વન ભમ્યાં,
ખીણો ઊતર્યાં, પર્વતો ચ્હડ્યાં?
ક્ય્હાં જયા? ને ક્ય્હાં જયન્ત?
ને ક્ય્હાં વ્હાલસ્હોયાં ગિરિલોક?
નિરવધિ લાગે છે સંસાર દુઃખનો.

ગિરિરાજ : નિરવધિ ભાસે છે સંસારમાં,
ત્હેનેયે અવધ છે, રાણીજી!

રાજરાણી : ક્ય્હાં એ ગંગોત્રીનાં જલજૂથ,
ને ક્ય્હાં એ અલબેલી યોગગુફાઓ!
ક્ય્હારે નીરખશું નયણાં ભરી
હતું તે સહુ? ઓ નાથ!

ગિરિરાજ : જગત જોયું ન્હોતું ત્હમે કે મેં,
તે જોયું આપણે યાત્રા કરી.

રાજરાણી : પ્રારબ્ધના અંક અવળા હશે,
નહીં તો દેવી જેવી દીકરી
ને પ્રભુ જેવો પ્રધાનપુત્ર,
યોગીઓનાંયે જાણે આદર્શ;
એમને હોય આવાં વીતકો?

ગિરિરાજ : ભૂલ આપણી કે બ્રહ્માની ?
જયન્ત જીતીને પધાર્યો;
જયાને હિમગંગામાંથી તારી,
જયાનેય વદનચન્દ્રે ત્ય્હારે
આત્માનો ઉજાસ ઊઘડયોઃ
પણ મ્હેં તે અસ્ત કીધો !

રાજરાણી : નહીં, નાથ ! વાંક મ્હારો છે.
જગતને ઝંખવવું હતું મ્હારે
કે ગિરિદેશની રાજકુમારી તો
તીર્થોના તીર્થરાજની મહારાણી.

ગિરિરાજ : રાણીજી ! કાષ્ટમાં અણદીઠો અગ્નિ છે;
એવી મ્હારેય ઊંડી વાસના હશે,
ઝીણી, અણઊઘડી એક કિરણ જેવી;
નહીં તો બળીને ભસ્મ ન થાત
મ્હારીયે દૃઢતાનો દુર્ગ.

રાજરાણી : રાજવી ! રંક પેઠે કાં રડો ?
બ્રહ્મર્ષિ સહુનો સન્તાપ શમાવે છે.

ગિરિરાજ : રાણીજી ! રાણીજી !
કોણ હોલવશે જીવનમાંના જ્વાલામુખી ?
મ્હારા પ્રાણમાંયે પ્રગટ્યો છે
પશ્ચાત્તાપનો મહાહુતાશ.
પુત્રપુત્રીને બાળ્યાં છે,

એમ હું હવિ થઈ બળીશ,
ત્હોયે કર્યાં ન કર્યાં નહીં થાય.
ચૂકયો, રાણી ! હું ચૂકયો
મ્હારો રાજધર્મ, મ્હારો પિતૃધર્મ.

રાજરાણી : ત્હમે જ બોધતા હતા ને
કે કાશી તો છે વિસામો
દુનિયાનાં દાઝેલાંઓનો ?
આપણને જ નહીં મળે એ
અન્તરના આરામ અહીં ?

ગિરિરાજ : રાણીજી ! રથનાભિમાં આરાઓ,
એમ એકઠા થાય છે અહીં
મુક્તિપુરીના ધર્મચોકમાં
સહુ નગરીઓના રાજમાર્ગ :
—જેવાં નદીઓનાં સહુ પાણી
સાગરમાં સમાધિ પામે છે.

રાજરાણી : રાજવી ! એવું કહેતા હતા ને
કે ધવલગિરિમાંથી અનેક ગંગાઓ,
એમ તીર્થરાજમાંથીયે ધર્મગંગાઓ
દશે દિશાઓમાં વહે છે,
જગત સકલને પાવન કરે છે ?

ગિરિરાજ : આર્યાવર્ત એટલે વારાણસી,
ને વારાણસી એટલે ધર્મનગરી,

મુક્તોની મુક્તિપુરી.
નાડીઓનાં લોહી હૈયામાં વહે,
તે શુદ્ધ થઈ નાડીઓમાં પાછાં ઘૂમે;
વારાણસી હૈયું છે વિશ્વનું,
આવ્યાંને પાવન કરી પાઠવનારૂં.
આપણુનેય પાવન કરશે
હરિકુંજના બ્રહ્મજ્યોત તે બ્રહ્મર્ષિ.

રાજરાણી : મ્હારા ઉરમાં ઊગે છે કે
પાપ પ્રજળશે, ને પુણ્ય પાંગરશે.

ગિરિરાજ ને રાજરાણી હરિકુંજ ભણી જાય છે.
બળબળતી નૃત્યદાસી આવે છે.

દાસી : તારો, તારો, કોઈ ઉગારો,
હરિજન કો ઉદ્ધારો.
બળું છું, સળગું છું સદાની
દેહ અને દેહીની મહાઝાળમાં.
મુખડે ચુંબન દીધાં જ્યહાં જ્યહાં,
ત્યહાં ત્યહાં ઊઠે છે અંગારાઓ.
ઉરથી ઉર ચાંપ્યાં,
એ ઉરમાં પ્રગટ્યા છે દાવાનળ.
અંગેઅંગ ભીડ્યાં આલિંગનમાં,
ત્યહાં ભભૂકે છે ભડકાઓ.
ભમ્મરોમાં ભમરા ડંખે છે.

રોમરોમમાં છે વીંછીની વેદના.
હોલવો કોઈ એ હોળી,
ઉતારો કોઈ એ ઝેર.
બળે છે કેટલીયે હું જેવી
મોહના મહેલમાં રમનારીઓ,
જાતને સુખ માટે વેચનારીઓ.
ઊગો, જન્મો, આવો
બ્રહ્મજ્યોત કો બ્રહ્મર્ષિ,
પુણ્યજીવન કો પુણ્યાત્મા.
બળતાંને–સળગતાંને
તારો, ઉગારો, ઉદ્ધારો !

# પ્રવેશ ત્રીજો

સ્થલકાલ : આશ્રમ પાસે હરિકુંજમાંનું આંબાવાડિયું

---

જયન્ત અને જયા વીતકનું ગીત ગાતાં આવે છે.

જયન્ત : હો જયા! વીતી વીતકની વધાઈ ઓ;
વીતી વીતકની વધાઈ ઓ,

જયા : દેવોના દેવની દુહાઈ ઓ:

જયન્ત : હો જયા! વીતી વીતકની વધાઈ ઓ.
હતાં રાજ્ય ને પાટ, મહેલ હતા મનમાનતા;
વનમાં તીરથઘાટ, ઝૂંપડલાંયે ના જડયાં!
વીતી વીતકની વધાઈ ઓ.

જયા : દેવોના દેવની દુહાઈ ઓ;

જયન્ત : હો જયા। વીતી વીતકની વધાઈ ઓ

જયા : દિલમાં મ્હારે લ્હાય, દુનિયા ત્હેમાં પરજળે;
એ અગ્નિ હોલાય, એવું જયન્ત! વર્ષજે.

જયન્ત : વીતી વીતકની વધાઈ આ,

જયા : દેવોના દેવની દુહાઈ આ;

જયન્ત : હા જયા! વીતી વીતકની વધાઈ આ.
ઊગ્યાં દુઃખનાં ઝાડ, એ પાને પાને પ્રેમ છે;
પડ્યા વીતકના પ્હાડ, એ પથ્થર પથ્થરમાં પ્રભુ.
વીતી વીતકની વધાઈ આ,

જયા : દેવોના દેવની દુહાઈ આ;

જયન્ત : હા જયા! વીતી વીતકની વધાઈ આ.

જયા : સારાંને પ્રભુ સંભારે છે.
દેવને દુઃખ ન વીતે.

જયન્ત! તું દેવ છે દુનિયામાં.

જયન્ત : હા, સોયની અણીએ હું ઊગર્યો;
જયા! ત્હને બાણ વાગ્યાં જીવનવેધી.
પોતાનાં કરવાં હોય
ત્હેમની જ કસોટી કરે છે પ્રભુ.
મ્હારા ઉપર અનુગ્રહ એટલો ઓછો,
ને તેથી ઓછા તપમાં તાવ્યો.
તું તો હરિની લાડીલી, જયા!
ત્હારી પુણ્યપરીક્ષા તેથી સંપૂર્ણ.

જેમ સૂર્યજ્વાલા વધારે ઉષ્ણ,
તેમ જલની ઝીણી ઝીણી વરાળ,
તેમ ત્‍હેનાં ઊંચાં ઊંચાં ઊડવાં.
જયા ! ઝીણી છે ત્‍હારી વરાળ.
ઊડશે આભનાંયે શિખર સુધી.

એ આંબાને અઢેલી ઊભાં રહે છે બંને.

જયા : મ્હારાં વીતકને નથી રડતી, જયન્ત !
કેટલીયે રાજકન્યાઓને
અભડાવતા હશે એમ વામાચાર્યો;
કેટલીયે મુગ્ધ હરિણીઓના
એમ કરતા હશે શિકાર
કાળમુખા પારધીઓ;
સીતામાતાની કેટલીયે કુંવરીઓનાં
એમ કરતા હશે હરણ
રાવણવંશી બ્રહ્મરાક્ષસો.
વનમાં તો વિભુ છે,
ને વનમાં તો જયન્ત છે;
મ્હારા વનવાસને નથી રડતી.
એમના દુર્ભાગ્યને રડું છું હું.

જયન્ત : જયા ! તું વનવાસી, હું અરણ્યવાસી;
આપણે સમદુખિયાં તો ખરાં.

જયા : તરછોડયું, જયન્ત! તરછોડયું હતું મેં
ત્‍હારું જયધનુષ્ય ચરણે ધરેલું.
મ્હારે દુ:ખે તુંયે દુભાયો.
વાલ્મીકિનો આશ્રમ આઘો નથી;
હું ક્રૌંચી ઘવાઈ એટલે
મ્હારો ક્રૌંચ મૂર્છામાં પડ્યો;
ને રચાઈ એમ આપણી રામાયણ.

રમતાં રમતાં મોર ને ઢેલ આવે છે.

જયન્ત : ભૂતકાલ અનાદિ છે,
ભવિષ્યે તેમ અનન્ત છે.
અનુભવ એટલી આશાંઓ.
અને હવે? જયા!

જયા : હવે? હવે જયન્તના આદેશ.
એક વાર ન માન્યાં ફરમાન,
તો વેઠવાં પડયાં આટઆટલાં વીતકો.

જયન્ત : જયા! જો આ મોર ને ઢેલ.

જયા : મ્હાલે છે શ્રાવણનાં સરવડાંમાં.
કલાપીએ ખોલી છે કલા
રંગબેરંગી દેવરત્ને ચમકતી.

જયન્ત : જયા! એવી કલા આપણે ખોલીશું?

જયા : ત્‍હારે-મોરને એ કલાપલ્લવ છે;
ઢેલ તો વરવી છે-હું જેવી.

જયન્ત : મોર આપે ઢેલને
પીંછાંની રત્નપાંદડીઓ, તો ?

જયા : તો બોલીશ, જયન્ત !
ત્હારા જેવી જ કલા હુંય તે :
પૃથ્વી ઉપરની જાણે સૂરજમાલા.

જયા એક આંબાની નીચી ડાળે ચ્હડી બેસે છે.

જયન્ત : જયા ! સમજ, સહેલું નથી એટલું.

જયા : ત્હારા જેવા દેવગુરુ છે, જયન્ત !
તો કોઈ ભણતર અઘરું નથી મ્હારે.

જયન્ત : ચન્દ્રની શોભા ચન્દ્રિકાથી છે,
જયન્તની જ્યોત્સ્ના જયા છે.

જયા : તો હવે ? જયન્ત !

જયન્ત બીજી આંબાડાળે ચ્હડી બેસે છે.

જયન્ત : લગ્ન કે ધર્મ ?
કામ કે સ્નેહ ?
સંસાર કે સેવા ?
એ દ્વન્દ્વો ખડાં છે સન્મુખ.
તું નીકળ એકની જોગણ થઈ,
ત્હારી સંગે ઊભો છું
આયુષ્યભર અલખ જગાવવા.

જયા : હવે દેહની કથા ન કરવી,
જયન્ત ! પારધી મોહ્યો,
વામાચાર્ય લોભાયો આ દેહકલામાં:
એવાં નથી, જયન્ત !
મોહઆંજેલાં બ્રહ્મરાક્ષસી લોચનિયાં
મ્હારાં કે ત્હારાં હવે.
હિમગંગામાંથી ઉગારી મ્હને
તે માયાની ગંગામાં ડુબાડવા ?
આજ સુધી અંગને અડકયો નથી તું,
હવે એ અંગને અભડાવીશ ?
વિષય ભોગવ્યા નથી, નીરખ્યા છે:
વિષયોમાં તો વિષ છે જગતનાં.

અમરાઈમાંથી કોયલ બોલે છે.

જયન્ત : જયા ! ત્હારા પુણ્યહૃદયની કોયલ
બોલતી સાંભળવી હતી મ્હારે.
બોલી તે 'અહાલેક.'

જયા : તો હવે ? જયન્ત !

જયન્ત : શિખરોમાં યોગગુફાઓ છે,
અને તળેટીમાંયે છે બ્રહ્મકુંજો.
આ મ્હારી હરિકુંજની અમરાઈ.

જયા : એમાં અમરો અવતરશે.

જયન્ત : ને જો ! ગંગાને સ્હામે તીરે
પેલાં બ્રહ્મવનનાં ઝુંડ.
સુન્દરીઓમાં સાધુતા જન્માવ,
રસીલીઓમાં પુણ્યાચાર પાંગર.
પતિઓની કામઠી મથું છું ઘડવા,
તું વીણાઓ ઘડ પત્નીઓની.
આપણે ન ગાયાં તે
ગવરાવો એમ સંસારનાં બ્રહ્મસંગીત.

જયા : પાપની લાલચોથી ન લોભાય,
મોહ ને સ્નેહના ભેદ પાળે,
કામ ને રસાનન્દને ભિન્ન પરમાણે,
તો માનવદેશની સર્વ સુન્દરીઓ
બ્રહ્મચારિણીઓ જ છે અખંડવ્રતિની.

જયન્ત : એવી આપ એમને અમૃતલક્ષ્મી
કે આત્માનાં મૃત્યુ આવે જ નહીં.

જયા : પણ જયન્ત ! પાસે પાસે નથી
હરિકુંજ અને બ્રહ્મવન ?
આપણાયે આત્માના ભરોસા કેટલાક ?

જયન્ત : આત્મશ્રદ્ધા ઉજ્જવળ રહે
ત્ય્હાં સુધીના જ આ આશ્રમ.
અન્ધકારનો ઓળો ઊગે કે તરત
તું સંચરજે દેવધામ હિમાદ્રિમાં,

ને હું વિચરીશ સાગરયાત્રાએ.
પણ જયા! તું દેવ કે દાનવ?
મ્હારી તો તું દેવી છે.

જયા આંબા ઉપરથી કૂદી નીચે ઊતરે છે.

જયા : (અંજલિ કરી રહીને) હું તો છું માનવી.
शिष्यस्तेहं शाधि मां त्वां प्रपन्नम्.

જયન્ત : (આંબા ઉપરથી ઊતરીને)
જયા! પશુથીયે માનવી પામર?
મોરે જીત્યો, ને ઢેલે જીત્યો,
તે કામને નહીં જીતે માનવી?
પ્રેમ, ત્ય્હાં ન હોય કામવાસના:
પ્રેમમાં નથી દેહની વાંછના.
'જ્ય્હાં જ્ય્હાં આત્મા, ત્ય્હાં ત્ય્હાં શરીર,'
નથી એવું કાંઈ બ્રહ્માંડમીમાંસાનું ન્યાયસૂત્ર.
આગ્રહ છે, ઉદ્યમ છે, ઉત્સાહ છે,
ત્ય્હાં શું છે અજિત અવનીમાં?

જયા : પણ કામેયે જગજ્જેતા છે—

જયન્ત : છતાં એક છે દુર્ગ અજિત
એ જગજ્જેતાથીયે, જયા!
કામે નથી જીત્યો પ્રેમનો ગઢ.
એ પ્રેમના પાઠ પઢાવ.
તું જીતી, જીતતાં શીખવ.

નરનારી કામને જીતશે,
દુનિયા બ્રહ્મભોમ દીપશે ત્ય્હારે.
ત્હારા આત્મામાં ઉભરાય છે
હિમાદ્રિની યોગગુફામાં
નીરખ્યો હતો તે તેજતણખો.
તે તેજંસુધા પા જગતને.
મોહના અન્ધકાર છે મધ્યરાત્રિના,
પ્રગટાવ સ્નેહનો અણઆથમ્યો સૂર્ય,
ઝળહળતી ઉગ્ર વિશ્વના આભમાં
પુણ્યભાવનાની ઉષા સરીખડી.

જયા : જયન્ત! ત્હારી હાકલ વાગી,
આજથી ઊગ્યો જાણ્યો મ્હેં
સુન્દરીઓના કલ્યાણનો ભાણ.
પડે છે ચન્દ્રી ઉપર સૂર્યનાં તેજ,
તે ચન્દ્રિકા પ્રકાશે છે પૂરણજ્યોત;
એવાં ત્હારાં તેજ પ્રગટ્યાં મ્હારામાં,
ને જન્મ્યો મ્હારો બ્રહ્મજન્મ.
આજથી હું બ્રહ્મચારિણી બ્રહ્મધામની.
બ્રહ્મવનમાં માંડીશ મ્હારો આશ્રમ
ત્હારી અનસ્ત અમૃતચન્દ્રિકામાં.

જયન્ત : જયા! ત્હારો સ્નેહજન્મ છે આ.
સ્નેહ જ છે સત્કર્મની પ્રેરણા.
તું સત્કર્મની સંન્યાસિની થઈ.

ત્હારા સત્કર્મની સુવાસ
ફોરશે સારું જગત ભરી.
સ્નેહ સંગે વૈરાગ્ય વસાવજે.
અક્ષયવ્રતિની તો રહીશ તું નિર્ભય.
જયા! માંડ ત્હારો આશ્રમ,
ને જીતી તેમ જિતાડ સહુને.
ગા ત્હારું જગતના જયનું ગીત.

જયા જગતના જયનું ગીત ગાય છે.

જયા : અહો! જોગી તણા જયકાર
બધું બ્રહ્માંડ ભરે;
હરિના ધ્વજને ધરનાર
જગે જયયાત્રા કરે.
યુદ્ધ જીત્યો રણસ્થંભ જીત્યો જેહ,
લોક જીત્યો જેણે ક્રોધને જીત્યો,
લક્ષ્મી જીત્યો જેણે લોભ જીત્યો,
કંઈ દુઃખ જીત્યો જેણે શોકને જીત્યો;
ઇન્દ્ર જીત્યો જેણે યજ્ઞ જીત્યો,
અહીં મોક્ષ જીત્યો જેણે આનન્દ જીત્યો;
વિશ્વ જીત્યો જેણે કામ જીત્યો,
અને બ્રહ્મ જીત્યો જેણે આતમ જીત્યો.
હરિના ધ્વજને ધરનાર
જગે જયયાત્રા કરે;
અહો! જોગી તણા જયકાર
બધું બ્રહ્માંડ ભરે.

---

# પ્રવેશ ચોથો

**સ્થલકાલ : કાશીરાજના દરબારમાં સ્હવાર**

વેદશાસ્ત્રી કાવ્યરત્ન મન્ત્રીશ્વરો લોકસભા કલાધરોમાં
કાશીરાજ પધારે છે. સહુ આશીર્વચન ભણે છે.

**સભાજન :** લોકલોકની બોલી બોલો.

**વેદશાસ્ત્રી :** શતં જીવ શરદઃ

**સભાજન :** ધર્મના પ્રતિપાલનાર્થે,
પ્રભુના જયમન્ત્રણાર્થે,

**વેદશાસ્ત્રી :** શતં જીવ શરદઃ

**સભાજન :** જ્યહાં સુધી વહે ગંગ ભૂમિ પાવન કરી,
જ્યહાં સુધી ગર્જે મહોદધિ જગ ભરી,
ત્યહાં સુધી તવ અમલ યશ
હો અચલ કાલતરંગમાં;

વેદશાસ્ત્રી : શતં જીવ શરદઃ

સભાજન : દેવ-માનવ સર્વ બોલો,

વેદશાસ્ત્રી : શતં જીવ શરદઃ

સભાજન : દેશના ઉદ્ધાર કાજે,
લોકના કલ્યાણ કાજે;

વેદશાસ્ત્રી : શતં જીવ શરદઃ

સભાજન : જ્હાં સુધી છે નિયમ—ન્યાય સુઉજજવળા;
જ્હાં સુધી છે સૂર્યસોમ પ્રભાવતા,
ત્હાં સુધી તવ અમલ યશ
હો અચલ કાલતરંગમાં :

વેદશાસ્ત્રી : શતં જીવ શરદઃ

કાવ્યરત્ન : કાશીનાં ભાગ્ય પ્રગટ્યાં, રાજેન્દ્ર !
મન્દિરે મન્દિરે મંગલ છે,
યુવરાજના જન્મોત્સવનો
આનન્દનિધિ ઊછળે છે.

કાશીરાજ : મ્હારાં પુણ્યશાળી પ્રજાજન !
ત્હમારાં પુણ્યે પ્રગટ્યા છે કુમાર.

એક મહાજન : રાજેન્દ્રના જ સદ્ધર્મનું એ ફલ.
પુત્રની પેઠે પ્રજાસંઘને

પાળો છો, ઉછેરો છો, લડાવો છો,
તો તે જ પુત્રભાવના
પુત્રમૂર્તિ રૂપે પ્રગટે જ.

કાશીરાજ : બ્રહ્મર્ષિનાં આશીર્વચન
અવતર્યાં મ્હારે મહેલે.

મન્ત્રીશ્વર : રાજાપ્રજા ઉભયના પુણ્યસંચયે,
ને બ્રહ્મર્ષિનાં બ્રહ્મવચને તો
પ્રભુ પોતે પધારે પૃથ્વીમાં.

છત્રચામરધારી રાજમહિષી બાલકુમારને તેડી નગરીની સન્નારીઓના પરિવાર સાથે પધારે છે.

વેદશાસ્ત્રી : અખંડ સૌભાગ્ય, રાજમહિષિ !
પુણ્યાયુષી થાઓ રાજકુમાર
વેદશાસ્ત્રી અક્ષતકુંકુમ આપે છે, રાજસભા નમન નમે છે.

કાશીરાજ : (ઊઠીને સત્કારતાં)
પધારો, દેવિ!
ભાગ્યોદયની ઉષા છો.

સહુનાં નમન સત્કારતી ને વાળતી રાજમહિષી સિંહાસને જઈ બિરાજે છે.

દર્શન કરાવા પ્રજાજનને
રાજકુટુંબના બાલસૂર્યનું.

મહિષી : કરો, કરો, મુક્તિપુરીનાં મહાજન !
પુત્રમાં પિતાનાં દર્શન.
આ ત્હમારા બાલ મહારાજ.

સભાજન રાજકુમારનાં દર્શન કરે છે.

મન્ત્રીશ્વર : જાણે લોકલોકનો પ્રભાપુંજ !

એક મહાજન : જાણે રાજપૂર્વજોનો પુણ્યદેહ !

કાવ્યરત્ન : માતાપિતાની પ્રેમજ્યોતની વેલનું
જાણે આયુષ્યમન્તું દેવપુષ્પ !

બ્રહ્મચારીઓ સહિત બ્રહ્મર્ષિ પધારે છે.
રાજારાણી સિંહાસનેથી ઊઠી સત્કારે છે.

મહિષી : પધારો, ને પાવન કરો.

બ્રહ્મર્ષિ : ભદ્ર પામો સહુ ભદ્રજનો.

કાશીરાજ : મહેલને પુણ્યમંડિત કીધો;
તેમ શોભાવો જી સિંહાસનને.
બ્રહ્મર્ષિ સિંહાસને વિરાજે છે.
(મહિષીને–)
દેવિ ! અર્ઘ્યપાદ્ય—

મહીષિ : આ રહ્યાં, આર્યદેવ !
મધુપર્કનાં એ પંચામૃત.

રાજરાણી બ્રહ્મર્ષિનું મધુપર્કપૂજન કરે છે.

કાશીરાજ : (અંજલિ કરી રહી)
આજ્ઞા, બ્રહ્મર્ષિજી !

બ્રહ્મર્ષિ : જન્મયોગ ફરી ફરી પરીક્ષ્યો.
એક દુષ્યન્તપુત્રનો હતો,
એક આ રાજકુમારનો છે.

પ્રજાજન : ધન્ય જન્મ! ધન્ય જીવન!

બ્રહ્મર્ષિ : આર્યાવર્ત જ છે આદર્શ આજ
નવખંડવાસી આર્યકુટુંબનું:
ને જ્ઞાન ને ધર્મનગરીનો યુવરાજ
તે સકળ વિશ્વનો યુવરાજ.
તારલિયાના તેજઅક્ષરે આલેખાયેલાં
નામભિધાન અનેક વંચાય છે.
પણ લોકવ્રત નામ
પૂજ્ય થશે પૃથ્વીવાસીઓમાં.

પ્રજાજન : જય! યુવરાજનો જય!
આર્યકુટુંબના યુવરાજનો જય!

વેદશાસ્ત્રી : હો દેહ આ ચાર પદાર્થદાતા;
હો આત્મદેહે પરમાત્મશાતા;
હો પુણ્યદેહે શુચિ પુણ્યદીવો,
યશશ્શરીરે ચિરકાલ જીવો!
શતં જીવ શરદો વર્ધમાન : યુવરાજ!

બ્રહ્મર્ષિ : રાજેન્દ્ર અને રાજમહિષિ!
સ્વર્ગંગા છે યુવરાજના લલાટમાં:
સાગરવેષ્ટિત જંબુદ્વીપનો
ચક્રવર્તી રાજવી થશે.
સૂર્યલાંછન છે જમણા હાથમાં:

ઊગશે સૂર્ય સમો ત્હેનો પ્રકાશ
પૃથ્વીના અન્ધકાર ઉજાળતો.

મહિષી : મુખમાં હો અમૃત આપના.

કાશીરાજ : મન્ત્રીશ્વર ! દાન દ્યો વિધવિધનાં,
ઠાલવો ભંડાર કે વધુ ભરાય,
આપો કે ઉભરાય પાછું.
કોઈ દરિદ્રી ન રહે આજ
કાશીરાજના મહારાજ્યમાં.

બ્રહ્મર્ષિ : રાજવી ! પ્રજાના લાડકોડ—

કાશીરાજ : મ્હારાં પ્રજાજનના પુણ્યપ્રતાપે જ
હું છું ઉજ્જવળો ને પ્રતાપવન્તો.
પ્રજા જ રાજપુરુષનું પુરુષાતન.
લ્યો, પ્રજાગણ ! મ્હારું રાજવેણ,
મ્હારા પૂર્વજોનો પુણ્યબોલ :
ઘેરઘેર સંચરીને આપીશ ન્યાય
જે માગશે ત્હેને.
ન્યાય જ મ્હારું સૈન્ય છે,
ન્યાય જ મ્હારો ભંડાર છે,
ન્યાય પવિત્રતામાં જ વસે છે.
મ્હારાં પ્રજાસન્તાનની પિતૃશ્રદ્ધા.
સદિચ્છા સુણીશ તે પૂરીશ સહુની.

લોકસભા : જય ધર્મનગરીના ધર્મરાજવીનો.

કાવ્યરત્ન : સૂરજમાળથી સૂર્ય સુશોભિત,
સૂર્યથી સૂરજમાળ સુહાવે;
દેહ જીવે જ્યમ દેહી થકી,
અને દેહીના દેહકલાપ દીપાવે;
બ્રહ્મ થકી બ્રહ્માંડ પ્રકાશિત,
બ્રહ્માંડથી બ્રહ્મ વ્યક્ત કહાવેઃ
તેમ પ્રજાજન રાજનને, અને
રાજા પ્રજાજનને બહલાવે.

કલાધર : ત્હમારો કુલયશ તો, રાજેન્દ્ર!
ગગને ચ્હડી મેઘ પોકારે છે
વિશ્વનું વાતાવરણ ભરી.

ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર;
ભણે તુજ કુલયશના જોર દોર;
ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર.
નીરખો ઉજાસ, નૃપ! ભયો ભોર,
વનવન ગરજે, નૃપ! મોર મોર;
ઝીણી જલઝકોર
ઊગતે પહોર
ભણે બિરદ ઓર
નૃપ! ઠોર ઠોર;
ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર.

રાજકુમાર ઉપર અન્તરિક્ષથી અમૃતના છાંટા વરસે છે.

એક સન્નારી : અમૃત ઊતર્યાં દેવોનાં;
અમરાવતી વર્ષી અવની ઉપર.

કાશીરાજ : બ્રહ્મર્ષિ ! નથી ધરાયો હજી દાન દઈ.
પ્રજાના પોકાર સુણું છું
વાયુની લહરી લહરીમાંથીઃ
કિરણ કિરણ આવી કહે છે,
પ્રજાજનની દુઃખકથનીઓ.

બ્રહ્મર્ષિ : પ્રજાની સુખશાતાયે સુણાવશે તે.
દાન દેતાં તૃપ્તિ ન વળે
તે ભાગ્યોદયનાં ચિહ્ન.
રાજેન્દ્ર ! ગિરિબાલિકા પધાર્યાં છે–

કાશીરાજ : જગતની પરમ પવિત્રતા
શું શોભાવે છે કાશીપુરીને ?

બ્રહ્મર્ષિ : આવ્યાં છે આશ્રમ માંડવા
બ્રહ્મચારિણીઓનો બ્રહ્મવનમાં.
જ્યોત્સ્નાવસ્ત્રધારી ભગવતીનાં
ત્હમે દર્શન લીધાં હતાં તે દિવસે–

કાશીરાજ : એ જ એ પ્રભારંગી પુણ્યમૂર્તિ ?
બ્રહ્મવન બ્રહ્મચારિણીઓનું હો !

બ્રહ્મર્ષિ : ભાગીરથીને કાંઠે બ્રહ્મચર્ય જ શોભે;
કલ્યાણ થાઓ, રાજેન્દ્ર !
ત્હારી કુટુંબવેલનું.

કાશીરાજ : પ્રભુએ પ્રતિજ્ઞા પાળી મ્હારી.
જયાકુમારી માતાઓની માતા થઈ—
સમસ્ત આર્યકુટુંબની આર્યમાતા.
દેવિ! ચાલો દર્શને એ બ્રહ્મચારિણીનાં.
બ્રહ્મર્ષિ! દર્શન કરાવો.
એ બ્રહ્મબાલાનાં.

બ્રહ્મર્ષિ : નૈષ્ઠિક બ્રહ્મચર્યનાં દર્શન
તે બ્રહ્મદર્શન જ છે.

બ્રહ્મર્ષિ, કાશીરાજ, રાજમહિષી, યુવરાજતેડ્યા પરિજનો સાથે સિધાવે છે.

મન્ત્રીશ્વર : હરિકુંજ ને બ્રહ્મવનનાં એ ચરણો ઉપર
ઊભશે વારાણસીનો ધર્મદેહ.

વેદશાસ્ત્રી : પુણ્યવન્તાંનાં પુણ્યે જ ઝીલે છે
પૃથ્વીનો ભાર શેષનાગ.

કાવ્યરત્ન : પુણ્યવન્તાનાં પુણ્યે જ કરી
પુણ્યવન્તી છે ભાગીરથી.

એક મહાજન : તીર્થના આત્મા છે મહાત્માઓ.

મન્ત્રીશ્વર : તીર્થોના તીર્થરાજ છે
સૃષ્ટિમાંનાં સાધુજનો.

---

# પ્રવેશ પાંચમો

સ્થલકાલ : ગંગાને કાંઠે બ્રહ્મવનમાં સ્હવાર :
બ્રહ્મચારિણીના મઠનું મુહૂર્ત.

ગાતું-નાચતું અપ્સરાવૃંદ આકાશમાંથી ઊતરે છે.

અપ્સરાઓ : અમે અખંડ યૌવનની મૂર્તિઓ !
અમે આશઉલ્લાસ કેરી ઊર્મિઓ !
અમે પ્રકૃતિનાં અંગમાંની શક્તિઓ !
કોઈ લેશો ? કોઈ લેશો ?
કોઈ લેશો ? કોઈ લેશો ?
અમે અખંડ યૌવનની મૂર્તિઓ !

અમે આકાશવાસીઓ,
દેવોની દાસીઓ,
પ્રેમીની પ્યાસીઓ, જી !
કોઈ લેશો ? કોઈ લેશો ?
કોઈ લેશો ? કોઈ લેશો ?
અમે અખંડ યૌવનની મૂર્તિઓ !

મેનકા : ઉર્વશી ! દેવપતિએ આજ્ઞા કરી છે.
તે ઉપવન તો આ જ ને ?

ઉર્વશી : સુરલોકમાં ઉત્સવ પાળ્યો,
ને દેવરાણીજીએ ફરમાવ્યું કે
ગંગાતીરે બ્રહ્મવનમાં લગ્નોત્સવ છે,
ત્ય્હાં જાઓ, ને મંગલ ગાઓ.
જુઓ, બ્રહ્મકુમારિકાઓ ન્હણે
સાથિયા પૂરે, વેદિ માંડે છે.

બ્રહ્મકુમારીઓ પાસે જઈ ને

જય હો પૃથ્વીનાં પુણ્યશાળીઓનો.
બ્રહ્મબાલાઓ ! આજ અહીં લગ્નોત્સવ છે
જગજ્જેતા જયન્તકુમારનો ?

એક બ્રહ્મચારિણી : પધારો, સ્વર્ગ માંડો પૃથ્વીમાં.
આજ અહીં ઉત્સવ છે.
જગજ્જયિની જયાકુમારી
આશ્રમ માંડે છે આ વનમાં
પૃથ્વીની બ્રહ્મચારિણીઓને કાજ.

મેનકા : (ઉર્વશી)
જુઠું તો દેવી ન ભાખે.

વિચારમાં પડે છે.

રંભા : બ્રહ્મવન તો આ જ.

સહુ અપ્સરાઓ વિચારમાં પડે છે.

ઉર્વશી : વૃક્ષઘટામાં વેરાઈ બેસીએ,
હશે તે ઊગશે હમણાં.

વૃક્ષોની ડાળીઓ ને પલ્લવોમાં સૌ સન્તાઇ બેસે છે.

બ્રહ્મબાલા : (સ્વગત)
મ્હારા સ્વસ્તિક તો પૂરાઈ રહ્યા.

જયન્ત ગિરિરાજ ને રાજરાણી આવે છે.

ગિરિરાજ : પાહિ મામ્, પાહિ મામ્ બ્રહ્મર્ષિ !
પૂર્વાશ્રમમાં ખોટાં આળ ચ્હડાવ્યાં,
કુલ તજાવ્યું, નગર છોડાવ્યું,
રાજ્યપાર કીધા, અરણ્યવાસ દીધા;
કીયે ભવ છૂટીશું અમે
રાજસત્તાના એ વિધર્મો ?

રાજરાણી : આડકોટ અદીઠ કરવા
દેશવટો દેવરાવ્યો ત્હમને;
પ્રભુ માફ કરશે અમને એ ?
મુજ સમી માતાઓનાં વાવ્યાં લણતી
રડે છે રાજમહેલમાં કંઈક રાજબાલાઓ,
કે માણે છે પશુતાના પાપવિલાસ.
રાજવીને નહીં, પણ રાજસિંહાસનને
કુંવરીઓ પરણાવે છે કંઈક રાજમાતાઓ.

જયન્ત : પશ્ચાત્તાપના પ્રાયશ્ચિત્તથી
પાપ બળી પુણ્ય જન્મે છે.
ત્હમેય તપ ઓછાં નથી કીધાં.

વનવનનાં તીર્થ ભમ્યાં,
સૌ પુણ્યોદકે પાવન થયાં છો.

વ્રત લેવા સજ્જ થયેલી જયાકુમારી પધારે છે.

રાજરાણી : પણ આ મ્હારી હૈયાહાર,
જગમાંની એકાકી જીવનદોરી,
સુખ ન પામે, સંન્યસ્ત લે,
હૈયું ફાટે છે એ નીરખીને તો.

જયા : માતા! ત્હારે મને સુખથી શણગારવી છે ને?
મ્હારે સુખનો શણગાર છે સંન્યસ્ત.
તું રડ માઃ સંસારમાં સુખ છે,
પણ તે પલકદરિયાવ.
આટઆટલી તીર્થયાત્રામાંયે
ન દીઠાં ત્હેં સંન્યાસનાં અક્ષય્ય સુખ?

ગિરિરાજ : દંડવત્ કરી ક્ષમા પ્રાર્થે છે
જયા! ત્હારો પિતા.
મ્હારા રાજમદની અગ્નિજ્વાલામાં
તું કુમારીનો નરમેધ કીધો મેં.

જયાને પગે પડવા જાય છે, જયા અટકાવે છે.

જયા : પિતા! અપરાધી મા કરો,
મને સુખી કરી આપો.
મ્હારા આત્માનાં કુન્દન
તવાયાં મહાતપની મહાજ્વાલાથી.

બ્રહ્મર્ષિએ સત્સંગથી સજીવન કીધી.
જગત જીતી, ને જિતાડીશ સહુને.
પિતા-માતા! જીવન મ્હારું સફલ થયું.

રાજરાણી : માગી ત્ય્હારે જ અર્પી હોત
એ મહાત્માને મ્હારી મીઠડી,
તો ન ઊગત દુઃખનાં ઝાડ
ત્હારે, એમને, કે અમારે માથે.
વિધિનાં વાવ્યાં હશે,
હાથે અમે જલ સીંચ્યાં,
ને પીરસ્યા સહુને એ ફાલ.

જયન્ત : રાજમાતા! કુમારીને ન પરણાવી
એ જ ત્હમારા પરમ આશીર્વાદ.
નામમાત્રે જયન્ત હતો
હું પૂર્વાશ્રમમાં.
દેશવટો વેઠ્યો; જગત જીત્યો;
તપશુદ્ધિથી વિશુદ્ધ થયો.
આજ છું તે ત્ય્હારે ન હતો;
ને તેથી જ આજ પામું છું
તે ત્ય્હારે ન પામ્યો.

ગિરિરાજ : સ્નેહનાં ઝરણ આડી પાળ બાંધી
નથી સુખી થતાં માતાપિતા,
કે નથી સુખી કરતાં સન્તાનોને.
સુણજો, ઓ સજ્જનો જગતના!

અમારી કથાની આ મંત્રઘોષણા:
સન્તાનના સ્નેહ ઉછેરજો,
વાળજો, પરિશુદ્ધજો,
પણ ઉચ્છેદશો મા.

કાશીરાજ ને રાજમહિષી આવે છે.

કાશીરાજ : નવ ખંડના આર્યકુટુંબની એ માતા !
ક્ષમા કરજો આ રાજઅહંને.
વીસરજો પૂર્વની કથની;
ને જીત્યાં તેમ શીખવજો જીતતાં.

જયા : તીર્થરાજ છો, સદા પુણ્યવન્તા જ છો.
સાધુઓના શિરછત્ર છો, રાજવી !
એ રાજધર્મનું પરિશીલન જ છે
જગતના જયનો રાજવિધિ.
બ્રહ્મરાણીજી જગાવશે બ્રહ્મઘોષણા
વારાણસીનાં દેવમન્દિરો ગજવી ગજવી,
ને પડશે પડઘો સર્વત્ર નરલોકમાં.

કાશીરાજ : ગિરિરાજ ! સંભાળી લ્યો ગિરિદેશ.
ગયું હોય તે માગી લેજો.
પણ હા ! રાજવી !
ગયા દિવસો કય્હાંથી વાળીશ ?
વેઠેલાં વીતકો કેમ વિસરાવીશ ?
રાજમાતા ! પગલાંથી પાવન કીધી
મ્હારી વારાણસીની વાડીઓ.

સિધાવો, ને પાઠવજો અમ કાજે
ગંગોત્રીનાં પુણ્યોદક સદા.
ત્હમારે દાને અમારી તરશ છીપશે.
જયા અને જયન્ત જેવાં
જન્માવજો જગજ્જેતા દેવસન્તાન
ને મોકલજો અહીં
વારાણસીનાં મન્દિરો ઉદ્ધારવા.

ગિરિરાજ : રાજેન્દ્ર! શકુન્તલાના કુમાર ભરતે
દીધું નામ આર્યાવર્તને,
અને ત્હમે ધર્યું છે જ્ઞાનછત્ર
આ દેવભોમને માથે.
ત્હમારું કર્યું નહિ થાય કોઈથી.
સિન્ધુનદને તીરે તક્ષશીલા,
ને ગંગાનદને તીરે કાશીના મઠ.
જ્ઞાનક્ષેત્ર માંડ્યું છે મહીતલમાં,
ઓ તીર્થરાજના રાજવી! ત્હમે.

જયન્ત : મુહૂર્તનો સમય થતો આવે છે,
પધારો હરિજન સહુ વટકુંજમાં.

વિશ્વયાત્રા કરતા દેવર્ષિ પધારે છે.

દેવર્ષિ : આજ બ્રહ્મવનનાં તીર્થ કરીશ.

( ચોમેર નજર કરી )

અહો ! આ તો જયા ને જયન્ત !
મ્હારાં આત્મસન્તાનો !

જયા અને જયન્ત દેવર્ષિને ઓળખી તેમની ભણી દોડી જઈ પાયે લાગે છે. સહુ નમન નમે છે.

કલ્યાણ થાઓ સહુનું.
આજ શો ઉત્સવ—અહા ! સમજ્યો,
જયા જગત જીતી.
ને જગજ્જયિની બ્રહ્મચારિણીઓ કાજે
બાંધે છે બ્રહ્મમઠ આ બ્રહ્મવનમાં.

ગિરિરાજ : આપનું વેણ ઉથાપવા મથ્યું અમે,
પણ વિધિયે ન ઉથાપી શક્યો
બ્રહ્મમૂર્તિનું એ બ્રહ્મવાક્ય.
જયાની દેહ ન વટલાઈ.

રાજરાણી : જયન્તને ન પરણાવી
તો જોગણ થઈ મ્હારી કુમારી.

દેવર્ષિ : द्वा सुपर्णा सयुजा सखाया
समानं वृक्षं परिषस्वजाते ॥
એ મન્ત્ર આજ સિદ્ધ થયો.
બે કાંઠે બે આશ્રમ,
પૃથ્વીને પાળતી બે પ્રભુપાંખો જેવા,
ને વચમાં પુણ્યજલવન્તી જાહ્નવી :
બે હાથ વચ્ચે જગતનું જાણે હૈયું.

ઊઘડશે હવે વિરાટનાં મન્દિર
અવનીનાં અભાગિયાંને માટે પણ.
રાજમાતા! ઋતુએ ફળ પાકે છે:
ન સોંપી તે કાળે જયન્તને,
હવે જીવનશેષ ઊછરશે
એક જ વૃક્ષે એ બે પંખી.
જીત્યાં ને જિતાડશે સહુને.

અપ્સરાવૃન્દ પ્રત્યક્ષ થાય છે

મેનકા : જય જગતમાંના દેવલોકનો!
સુરલોકની અમે અપ્સરાઓ છીએ.
સુરપતિએ પાઠવ્યાં છે અમને, દેવર્ષિજી!
આજના લગ્નમહોત્સવમાં મંગલ ગાવા.

દેવર્ષિ : પધારો દેવપગલે.
સુરપતિ સંસારની સંભાળ લે છે,
સંસારનાં ત્ય્હાં સુધી સદ્‌ભાગ્ય છે.
ગાઓ બ્રહ્મબંસરીનું મંગલ ગીત.

મહિષી : (કાશીરાજને)
આર્ય! લગ્નમહોત્સવ છે આજે?

અપ્સરાઓ બ્રહ્મબંસરીનું મંગલ ગીત ગાય છે.

અપ્સરાઓ : પરમ શબ્દ એ સુણો,
હો! પરમ શબ્દ એ સુણો,

બોલે બ્રહ્માંડે બ્રહ્મબંસરી તણા;
રટે આનન્દ આનન્દ સ્થૂલસૂક્ષ્મનાં કણા;
પરમ શબ્દ એ સુણો.

એ શબ્દ કો ગહન આત્મિક વાણી બોલે,
એ શબ્દ વીંધી ત્રણ લોક અપાર ડોલે.
મન્દ મન્દ જેમ ફોરે મધુર ફૂલડાં સખિ!
ચન્દ્ર ચન્દ્ર જેમ વહે અમૃતચન્દ્રિકા, સખિ!

એવી ધીરી,
એવી ધીરી એ અધીરી! બજે બ્રહ્મબંસરી.
પરમ શબ્દ એ સુણો.

માનો મહાસમય માનવભાગ્યનો હો!
કલ્યાણમંગલ ભણે સુરમંડલીઓ.

ગાજે દેવતાનાં દુંદુભિ આનન્દનાં,
ગીત નન્દનનાં નન્દિની ને નન્દનાં;

ઊડે પડઘા અનન્તતાની ઝાડીમાં ઘણા,
ઝીણી તારલાનાં કિરણ સરીખડા ઝીણા ઝીણા;
પરમ શબ્દ એ સુણો.

જયન્ત : જયા! દીક્ષા લે બ્રહ્મચારિણીની
દેવોનાયે દેવર્ષિ પાસેથી.
રાજકુમારી ખીલી બ્રહ્મકુમારી થા.

દેવર્ષિ : રાજકુંવરીની કળીઓમાંથી જ
બ્રહ્મકુંવરીનાં ફૂલ પ્રફુલ્લશે.

જયા! આ તારા મઠનો પાયો;
નીચે લખ્યું છે 'પુણ્યજીવન.'
ને આ ત્હારો મન્દિરધ્વજ:
ઉપર લખ્યું છે 'જીવનસિદ્ધિ.'

કાશીરાજ : પણ બ્રહ્મબાલે!
શું શું કરશો આ મઠ માંડીને?

જયા : રાજેન્દ્ર! ગંગાએ મ્હારી અશુદ્ધિ ધોઈ,
મૈયાએ મને પવિત્રતા પાઈ;
એ પવિત્રતા પમરાવીશ પૃથ્વીમાં.
સામે તીરે છે જયન્તની રામવાડી,
આ તીરે માંડશે જયા સીતાવાડી.
ત્ય્હાં છે વીરરસનાં મહાકાવ્ય,
અહીં જન્મશે શૃંગારના કાવ્યશણગાર.
ત્ય્હાં છે બ્રહ્મોપનિષદ,
અહીં અવતરશે બ્રહ્મકવિતા.
પ્રભુની આજ્ઞા છે સુન્દરીસંઘને કે
જગત જન્માવવું ને ધવરાવવું.
આ મઠમાં કામધેનુઓ ઉછેરીશ.
એ કામધેનુઓ નરલોકને ધવરાવશે,
ને માનવીના દેવ ઉછેરશે.
અવનીને અમૃતમેઘથી સીંચશે,
ને અમરો ઊતરશે વાડીએ વાડીએ.

રાજરાણી : કુંવરી તો મારી લોકમાતા થઈ!
સિંહાસનને પરણવા કરતાં મઠ માંડવો,
આવડે તો તો, સોગણો સારો.

નૃત્યદાસી ગાતી ગાતી આવે છે.

નૃત્યદાસી : જોગીડા! વસમી આ વનની વાટ.
વસમી-વસમી

વસમી આ વનની વાટ:
જોગીડા! વસમી આ વનની વાટ.
નથી વડલા કે વિસામા વનમાં,
નથી નદીઆને ઘાટઃ
જોગીડા! વસમી આ વનની વાટ.
આથમે દિન, પણ કદીયે ન આથમે
અન્તર કેરા ઉચ્ચાટઃ
જોગીડા! વસમી આ વનની વાટ.

જયા : ત્હારાં તપ નિષ્ફળ નહીં જાય, તાપસી!
ત્હને પરમ વિસામો સાંપડશે.

નૃત્યદાસી : યોગિનિ! અહીંયાંયે
અપ્સરાઓ તો નાચે છે!

દેવર્ષિ : વસ્તુ પાપ નથી, તપસ્વિનિ!
વસ્તુની વાસનામાં પાપ છે.
વિલાસ અનિષ્ટ નથી,
વિલાસની તૃષ્ણા અનિષ્ટ છે.
વિલાસભાવના સંયમનિગ્રહ

તે સંસારીઓનાં બ્રહ્મચર્ય.
સકામનિષ્કામના ભેદ ભણજે હવે,
એટલે સર્વ સમજાશે.
વાંછવું, ને મળ્યું માણવું
એ ભાવ એક નથી કહીયે.
જનક વિદેહી વૈભવ વહતા,
તે વૈભવનેયે વિશુદ્ધિથી રંગતા.

જયા : બ્રહ્મર્ષિજી! દેવર્ષિજી! આદેશ-

દેવર્ષિ : જયા! આજ સુધીની અવધ
એળે નથી ગઈ ત્હારા જીવનની.
આવ, વત્સે! ઓઢ આ તેજઓઢણી.
એવી જ રહેજે ઉજ્જવળ
કર્મ વચન ને ભાવથી સર્વદા.
અન્તર જેવું ઓઢણું રાખજે,
ને ઓઢણા જેવું અન્તર.

મહિષી : ( કાશીરાજને )
આર્ય! એ કેમ સંભવે?
હીરા ને મોતી ભર્યાં મ્હારાં અમ્મર;
એવાં અન્તરનાં રત્નઅમ્મર
ક્યહાં મૂલવવાં મ્હારે?

જયા : દેવર્ષિના આશીર્વાદથી,
બ્રહ્મર્ષિના શિક્ષામન્ત્રોથી,
બ્રહ્મદીક્ષા મ્હારી સફળ કરીશ;
બ્રહ્મ માંડીશ બ્રહ્માંડને પાટલે.

દેવર્ષિ : કુમારી જયા ! કુમાર જયન્ત !
ન્હાનાં હતાં બીજના દાણા ત્હમે,
ત્ય્હારે જોયું હતું ત્હમારી કીકીઓમાં.
દીઠો હતો ત્ય્હારે આજનો ઉત્સવ.
આશાના મ્હારા એ આંબા મ્હોર્યા.
જીત્યો હું વિશ્વને,
અને વિશ્વનાં મહાબલોને.
મ્હારાં શિષ્ય મ્હને જીત્યાં.
આત્મા ઉભરાય છે આનન્દે
અવનીના એ ઉત્કર્ષ નિહાળીને.
આજે મ્હેંયે જીવનસિદ્ધિ સાધી.
વાંછ, જયન્ત ! વરદાન લે, જયા !
માગો મ્હારાં સર્વ પુણ્યનો ભંડાર.

જયન્ત : એ એક જ આપો, દેવર્ષિ !
લોકના આત્મા ઊણા ન રહે.

જયા : એ એક જ આપો, દેવર્ષિ !
સંસારીઓના સંસાર ઊણા ન રહે.

દેવર્ષિ : તથાસ્તુ, મ્હારાં આત્મસંન્તાનો !
મથશે ત્હેમને મળશે
ત્હમે માગ્યાં તે સર્વ ધન.
કાશીરાજ ! અમૃત ચોઘડિયું છે;
માંડો શેષ માથે આશ્રમનો પાયો.
વત્સે જયા ! ઓઢો આ તેજચૂંદડી.

કાશીરાજ પાયો માંડે છે. સર્વ આશીર્વાદ ભણે છે. અપ્સરાઓ મંગળ ગાય છે.

દેવર્ષિ : ( જયન્તને અને જયાને દાખવીને )
એ જ નૈષ્ઠિક બ્રહ્મચારી.
એ જ નૈષ્ઠિક બ્રહ્મચારિણી;
બ્રહ્મધામનાં પુણ્યદીવડાંઓ !

જયા તેજચૂંદડી ઓઢે છે. બ્રહ્મવનમાં પાંદડે પાંદડે પ્રકાશ પ્રગટે છે. અંજલિ કરી રહી બ્રહ્મર્ષિને વીનવતી તપસ્વિની તેજબા આવે છે.

તેજબા : અહો ! દૂર દૂર દૂરના દરવેશ ! હો યોગીન્દ્ર !
આપો દેવનાયે દેવના સન્દેશ, હો યોગીન્દ્ર !
અહો ! દુઃખિયાંને એક દેવબોલ, હો યોગીન્દ્ર !
આપો માનવીને એક બ્રહ્મકોલ, હો યોગીન્દ્ર !
અહો ! અધૂરાં પૂરાય એવી આશ, હો યોગીન્દ્ર !
આપો અન્ધારાં ઉજાળે એ ઉજાસ, હો યોગીન્દ્ર !
અહો ! સદન સદન પુણ્યના સુવાસ, હો યોગીન્દ્ર !
આપો પ્રાણ પ્રાંણ પ્રભુજીના વાસ, હો યોગીન્દ્ર !

દેવર્ષિ, બ્રહ્મર્ષિ, જયા : તથાસ્તુ, તપેશ્વરી ! તથાસ્તુ !

તેજબા : ભાખો, ઓ જગતનાં કલ્યાણકર્તાઓ !
પુકારો પૃથ્વીના પડમાં,

હાકલ મારો મનુષ્યના હૈયાહૈયામાં
કે નથી સર્વને માટેનાં આ વ્રત.
પરમ ઈન્દ્રિયનિગ્રહી,
મહારથી આત્મવિજેતા,
વિપુલ વૈરાગ્યસંપન્ન જોગીરાજ
એ જ છે અધિકારી નૈષ્ઠિક બ્રહ્મચર્યના.

દેવર્ષિ : એ જ સૂત્રો વ્રતનાં, તપેશ્વરીજી !

તેજબ્બા : દિલમાંના દૈત્યોને જીતે,
વિષ્ણુદેવ દે જયધનુષ્ય જેને,
જીવનના ચાપ ઉપર
લક્ષ્યવેધી શર માંડે,
ને મુક્તિપરાયણ બ્રહ્મદૃષ્ટિ સાધે,
એ જોદ્ધાનો જય હો બ્રહ્માંડભરમાં.

સર્વે : તથાસ્તુ ! તપસ્વિનિ ! તથાસ્તુ !

તેજબ્બા : બોલો, સહુ આશ્રમવાસી ! બોલો,
જય બ્રહ્મજ્યોતિનો,
જય બ્રહ્મચારીઓનો,
જય બ્રહ્મચારિણીઓનો.
જય ! જય ! જય !

અપ્સરાઓ મંગલ ગાય છે. સર્વત્ર પરમ ઉજ્જવલ તેજ પ્રકાશી રહે છે.

---

અનુસ્નાતક શિક્ષણ ભવન.
આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ.
નડિઆદ.

# પ્રવેશ છઠ્ઠો

**સ્થલકાલ :** પૂર્ણિમાની રાત્રિએ ગંગાના મધ્ય વ્હેણમાં જયા અને જયન્તનાં બે હોડલાં.

---

જગતની જાહ્નવીનું ગીત ગાતાં ગાતાં
બન્ને જલ પર તરે છે.

**જયન્ત :** ઘૂમે ઘૂમે ને ઘેલી વહે,
ને કાંઈ વ્હેતી અખંડ ને અનન્ત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

જગતની જાહ્નવીમાં, જયા !
મેલ્યાં તરતાં આપણાં હોડલાં.
જો ન્હણે, પેલો વમળ છે;
તારવીને લેજે ત્હારું નાવડું.

**જયા :** ઘણાં વમળો વટાવ્યાં, જયન્ત !
સંસારનાં મહાજલમાં.
નથી બૂડ્યાં, ને નહી બૂડે
આપણાં પ્રભુરક્ષેલાં હોડલાં.

જયન્ત : પણ જયા! વમળની પાછળ
ખડક ખડો છે, ભૈરવ જેવો;
ભોગનો તે ભૂખ્યો છે.

જયા : હિમાદ્રિનાં શિખરો કૂદતાં આપણે,
ગરુડનાં બાલક જેવાં, જયન્ત!
ત્હેને ખડક શા નડશે?
નથી–નથી આ અવની ઉપર કાંઈ
જે ભાંગે આપણાં હોડકાંઓને.
ગગનમાં જો જયન્ત!
ચન્દ્રિકાના સાગરમાં ચન્દ્ર તરે છે;
તરશે આપણાયે આત્મનૃચન્દ્ર
પુણ્યના એમ મહાસાગરમાં.
પાણી ભર્યાં છે પુણ્યનાં,
ને મંહીં ઝીલે સુહાગિયાં સંત રે!
જાહ્નવી જગની ઘૂમે રે.

જયન્ત : ભય નથી આપણે, જયા!
સાધુતાના શઢ છે,
ને પ્રભુતાનાં સુકાન છે.
નથી એ નૌકાને
શયતાનનાયે ભય.
પણ ફોગટ તો નથી ને
આપણી આ જીવનલીલા?
જો, જયા! જો!
મોજાં ઊછળે છે,

ને પ્રત્યેક મોજામાં મૃત્યુ છે-
વાદળને કાંઠડે જો ! પેલી વાદળી :
આવશે ઊડતી ઊડતી એ,
ને આવરશે ચન્દ્રપ્રભાને.

જયા : મૃત્યુ દેહને મારે છે,
પુણ્યને મારતું નથી.
પુણ્ય તો અમ્મર છે અવનીમાં.
એક શરદપૂર્ણિમાએ
—યાદ છે ને ? જયન્ત !—
ચન્દ્રનું ખગ્રાસ ગ્રહણ
જોયું હતું આપણે ગંગોત્રીએ.
પણ તેથી કાંઈ
ચન્દ્રનો અમૃતથાળ ફૂટ્યો નહીં.

જયન્ત : ખરું, જયા ! ખરું છે.
સૂર્ય ને ચન્દ્ર સમા
પુણ્યના પાયાયે અમ્મર છે.
સત્ નામ સાહેબનું.
સત્ નાશ પામતું જ નથી.
વાવ ત્ય્હારે, જયા !
ઓ અનન્ત કાલની જોગણ !
ત્હારાં પુણ્યનાં વાવેતર :
પૃથ્વી ભરી ભરી વાવ
ઈક્ષુના અમૃતભંડાર,

ને ધરાવ પુણ્યનો એ પરમ ફાલ
પુણ્યરસના પિપાસુઓને.
જો ! જગત પુણ્યતરસ્યું છે.
અલ્પ છે આયુષ્યની અવધ,
પણ સત્કર્મનાં આયુષ્ય તો
આત્મા જેટલાં અમ્મર છે.
ચલાવ હોડલાં, ઓ જગન્માતા !
ને આદર આપણી
અનન્તતાની એ મહાયાત્રા.

હોડકાં ચલાવતાં અને સંસારજાહ્નવીનું ગીત ગાતાં ગાતાં જયા અને જયન્ત ચન્દ્રિકામાં તરે છે.

સગરકુમારોને તારિયા,
ને એમ તારશે માનવજાત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

બ્રહ્માંડ ભર્યાં બ્રહ્મનાં અમી,
સાધો ! માણજો અહીં દિનરાત રે !
જાહ્નવી જગની ઘૂમે રે !

દેવર્ષિ : ગીત વચમાં અટકયે અન્તરિક્ષે દેવવિમાનમાંથી
प्रकृतिं पुरुषं चैव विद्धयनादि उभावपि ।

# આ નાટકમાંનાં ગીતોના રાહ

ગીત, અંક પહેલો

૧. પ્ર. ૧, ગી. ૧

પરમ પ્રેમ પરબ્રહ્મ, રાગ કલ્યાણ

૨. પ્ર. ગી. ૨

વ્હેલી વ્હેલી ચાલો, સાહેલિ! ૧૦ ગરબાના ઢાળમાં ફેરફારો સાથે

૩. પ્ર. ૧, ગી. ૩

જય! જય! કુમાર આવો.

૪. ૫. ૪,

સૂના આ સરોવરે આવો, રાજહંસ!
આંતરો વસન્તતિલકાનો.

૫. પ્ર. ૫. ગી. ૧

વીણો વીણો ને ફૂલડાંના ફાલ;
'ભીંજે મ્હારી ચુંદડલી' નો ઢાળ.

૬. પ્ર. ૫, ગી. ૨

મ્હારો હીંચકો રે અમરવેલડીની માંહ્ય;
રાગ સારંગ: વીજ ચમકે રે મીઠા મેહુલાની માંહ્ય;

૭. પ્ર. ૫, ગી. ૩

ચાલો, ચાલો, સલૂણી! રસકુંજમાં.

૮, પ્ર. ૬, ગીત

અહો! ધન્ય ધન્ય! હો

અહો! રામ રામ રે!

દેહ ગઈ, ને દુનિયાં ગઈ,

એ ઢાળ; આંતરો ભુજંગીનો.

૯, પ્ર. ૭, ગી. ૧

ચન્દ્રમા જી રે ઉગ્યો, સખિ!

સાહેબા જી રે આવ્યા સખિ! આજ મ્હારા બાગમાં,

લીલા લવીંગડા વાવશું જી રે;

એ ઢાળ, સાખી વગેરે ફેરફારો સાથે.

૧૦, પ્ર. ૭, ગી. ૨

બોલે બોલે છે ગિરિઓમાં મોર;

જયાની ઉક્તિઓમાં સીતાજીના મહિનાના ઢાળની છાયા:

જયન્તની ઉક્તિઓ લાવણીમાં.

અંક બીજો

૧૧, પ્ર. ૧, ગી. ૧

ભુવન ભુવન મદનનાં મહારાજ્ય રે.

૧૨, પ્ર. ૧, ગી. ૨

દેવનાં તો દ્વાર હો!

'આંસુડાંના ભેદો તો બતાવો–અતાવો કોઈ'

એ રાહ, આશા: આંતરો ગઝલનો.

૧૩, પ્ર. ૩, ગી. ૧

ગોરસ લેઈ લેઈ પીજો;

દેખો સખિ! ડાલરિયો વ૦ ઋષિરાજના
એ પદનો ઢાળ.

૧૪. પ્ર. ૩, ગી. ૨

વેણુ લઈએ ને દઈએ.

રાગ ધનાશ્રી. ભૈરવમાં પણ ગવાશે.

૧૫, પ્ર. ૪, ગી. ૧

વીજલડી હો ! ઊભાં જો રહો તો;

કુંજલડી હો ! સંદેશો અમારો
જઈ વહાલમને કહેજો જી રે : એ ઢાળ

૧૬, પ્ર. ૪, ગી. ૧

ઊંચાં આકાશ, મ્હારી બ્હેનડી !

૧૭, પ્ર. ૬

પરમ ધન પ્રભુનાં લેજો, લોક !

૧૮, પ્ર. ૭. ગી. ૧

ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
રાગ, બિભાસની છાયા.

૧૯, પ્ર. ૭. ગી. ૧

હું તો જોગણ બની છું મ્હારા વાલમની;
રાગ ઠુમરી, આંતરો ભિન્ન પ્રકારનો.

૨૦, પ્ર. ૭. ગી. ૩

પ્રિયુ ! પ્રેમનું પ્રભાત

અંક ત્રીજો

૨૧, પ્ર. ૧. ગી. ૧

વનવનનાં અન્ધારાં વામશે....

આંતરે શાર્દૂલવિક્રીડિતનો.

૨૨, પ્ર. ૧, ગી. ૨

એક જ્વાલા જલે તુજ નેનનમાં : ગઝલ કવ્વાલી.

૨૩, પ્ર, ૨

ભવસાગરમાં ડોલે હો ! માનવનાવ : રાગ ભૈરવી.

૨૪, પ્ર. ૩, ગી. ૨

હો જયા ! વીતી વીતકની વધાઈ઼ઓ;

આંતરે સોરઠાનો.

૨૫, પ્ર. ૩, ગી. ૩

અહો ! જોગી તણા જયકાર....

આંતરે સવૈયાનો.

૨૬, પ્ર. ૪, ગી. ૧

લોકલોકની બોલી બોલો.... છન્દ, ખંડ હરિગીત.

૨૭, પ્ર. ૪, ગી. ૨

હો દેહ આ ચાર પદાર્થદાતા : છન્દ ઉપજાતિ.

૨૮, પ્ર. ૪, ગી. ૩

સૂરજમાળથી સૂર્ય સુશોભિત.... સવૈયો.

૨૯, પ્ર. ૪, ગી ૪

ઘન ગગન ચ્હડી કરે ઘોર શોર. રાગ મલ્હાર,

૩૦, પ્ર. ૫. ગી ૬

અમે અખંડ યૌવનની મૂર્તિઓ.

૩૧. પ્ર. ૫, ગી. ૨

પરમ શબ્દ એ સુણો....

રાસડો; આંતરો વસન્તલિકાનો.

૩૨, પ્ર. ૫, ગી ૩

જોગીડા! વસમી આ વનની વાટ:

અનેક રાગમાં ગાઈ શકાય છે.

૩૩, પ્ર. ૫, ગી. ૪

અહો! દૂર દૂર દૂરના દરવેશ, હો યોગીન્દ્ર!

૩૪, પ્ર. ૬

ઘૂમે ઘૂમે ને ઘેલી વહે

'આશાભર્યાં તે અમે આવિયાં;' એ ઢાળ.

---

## કવિશ્રી ન્હાનાલાલનાં

# પ્રે મ ભ ક્તિ ગ્રં થ મા ળા નાં

## પુસ્તકોનું સૂચિપત્ર

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૧. કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૩ | ૧–૫૦ |
| ૨. રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩ જી આવૃત્તિ) | ૧૯૦૩–૦૫-૧૧ | ૧–૦૦ |
| ૩. વસન્તોત્સવ (૫ મી આવૃત્તિ) | ૧૯૦૫ | ૧–૫૦ |
| ૪. કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૮ | ૧–૫૦ |
| ૫. ઈન્દુકુમાર, અંક ૧ લો (૬ ઠ્ઠી આવૃત્તિ) | ૧૯૦૯ | ૨–૦૦ |
| ૬. ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૯ મી આવૃત્તિ) | ૧૯૧૦ | ૨–૦૦ |
| ૭. ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) | ,, | ૨–૫૦ |
| ૮. જયા–જયન્ત (નવમી વાર) | ૧૯૧૪ | ૩–૦૦ |
| ૯. મેઘદૂત, સમશ્લોકી (૪ થી આવૃત્તિ) | ૧૯૧૭ | ૧–૫૦ |
| ૧૦. ઉષા (૫ મી આવૃત્તિ) | ૧૯૧૮ | ૨–૫૦ |
| ૧૧. ચિત્રદર્શનો (૩ જી આવૃત્તિ) | ૧૯૨૧ | ૨–૫૦ |
| ૧૨. રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ) | ૧૯૨૨ | ૨–૦૦ |
| ૧૩. પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ) | ,, | ૧–૨૫ |
| ૧૪. પ્રેમભક્તિ–ભજનાવલી (૨ જી આવૃત્તિ) | ૧૯૨૪ | ૨–૦૦ |
| ૧૫. સાહિત્યમન્થન | ,, | ૨–૦૦ |
| ૧૬. વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨ જી આવૃત્તિ) | ૧૯૨૫ | ૨–૦૦ |
| ૧૭. અમર પન્થનો યાત્રાળુ (૨ જી આવૃત્તિ) | ,, | ૦–૩૭ |
| ૧૮. શકુન્તલાનું સંભારણું (૨ જી આવૃત્તિ) | ૧૯૨૬ | ૧–૫૦ |
| ૧૯. કુરુક્ષેત્ર, પ્રથમકાંડ, યુગપલટો | ,, | ૧–૦૦ |
| ૨૦. કુરુક્ષેત્ર, દ્વાદશકાંડ, મહાસુદર્શન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ | ૧–૦૦ |
| ૨૧. ઉદ્‌બોધન (૨ જી આવૃત્તિ) | , | ૨ ૫૦ |
| ૨૨. અર્ધશતાબ્દીના અનુભવબોલ (૨ જી આવૃત્તિ) | , | ૧–૫૦ |
| ૨૩. સંસારમન્થન (૨ જી આવૃત્તિ) | ,, | ૨–૫૦ |
| ૨૪. વિશ્વગીતા (૩ જી આવૃત્તિ) | ,, | ૨–૫૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૨૫. ઈન્દુકુમાર, અંક ૨ જો ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૨૭ | ૨–૦૦ |
| ૨૬. ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો ( ૩ જી આવૃત્તિ ) | ૧૯૨૮ | ૧–૫૦ |
| ૨૭. ગીતમંજરી ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૧–૫૦ |
| ૨૮. જહાંગીર-નૂરજહાન ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૪–૦૦ |
| ૨૯. કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, યોધપર્ત્રણી ( ૨ જી આવૃતિ | ,, | ૧–૫૦ |
| ૩૦. કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ | ,, | |
| ૩૧. કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા | ૧૯૨૯ | ૦–૭૫ |
| ૩૨. કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ | ૧૯૩૦ | ૧–૦૦ |
| ૩૩. શાહાનશાહ અકબરશાહ | ,, | ૪–૦૦ |
| ૩૪. પાંખડીઓ | ,, | ૨–૨૫ |
| ૩૫. કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો | ,, | ૦–૭૫ |
| ૩૬. સંબોધન | ,, | ૨–૫૦ |
| ૩૭. દામ્પત્યસ્તોત્રો | ૧૯૩૧ | ૨–૦૦ |
| ૩૮. શિક્ષાપત્રી, સમશ્લોકી | ,, | ૧–૦૦ |
| ૩૯. બાળકાવ્યો | ,, | ૦–૬૨ |
| ૪૦. ઉપનિષત્પંચક | ,, | ૨–૦૦ |
| ૪૧. સંઘમિત્રા | ,, | ૨–૦૦ |
| ૪૨. પ્રસ્તાવમાળા | ૧૯૩૨ | ૩ ૦૦ |
| ૪૩. ઈન્દુકુમાર અંક ૩ જો | ,, | ૨–૫૦ |
| ૪૪. કવીશ્વર દલપતરામ ભાગ ૧ લો | ૧૯૩૩ | ૩–૦૦ |
| ૪૫. ઓજ અને અગર | ,, | ૧–૫૦ |
| ૪૬. જગતકાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્રનું સ્થાન | ,, | ૨–૦૦ |
| ૪૭. આપણાં સાક્ષરરત્નો ભાગ, ૧ લો | ૧૯૩૪ | ૨–૦૦ |
| ૪૮. કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ | ,, | ૪–૨૫ |
| ૪૯. આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો | ૧૯૨૫ | ૨–૨૫ |
| ૫૦. ગોપિકા ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૨–૦૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૫૧ કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો | ૧૯૩૫ | ૧–૨૫ |
| ૫૨. ગુરુદક્ષિણા | ,, | ૨–૦૦ |
| ૫૩. પુણ્યકન્થા | ૧૯૩૭ | ૨–૨૫ |
| ૫૪. સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી | ,, | ૦–૨૫ |
| ૫૫. ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો | ,, | ૧–૫૦ |
| ૫૬. મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો | ,, | ૨–૨૫ |
| ૫૭. મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો | ,, | ૧–૫૦ |
| ૫૮. સારથી | ૧૯૩૮ | ૫–૫૦ |
| ૫૯. લોલીંગરાજ | ૧૯૩૯ | ૦–૨૫ |
| ૬૦. મુંબઈમાંનો મહોત્સવ | ,, | ૧–૫૦ |
| ૬૧. કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા | ,, | ૧–૦૦ |
| ૬૨. મહેરામણનાં મોતી | ,, | ૦–૮૧ |
| ૬૩. કુરુક્ષેત્ર, તૃતીય કાંડ, નિર્ધાર | ૧૯૪૦ | ૧–૦૦ |
| ૬૪. કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ | ,, | ૦–૭૫ |
| ૬૫. કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, ઉત્તરાર્ધ | ,, | ૫–૦૫ |
| ૬૭. સોહાગણ | ,, | ૦–૬૨ |
| ૬૮. કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન | ,, | ૧–૦૦ |
| ૬૯. કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ | ,, | ૧–૦૦ |
| ૭૦. કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન | ,, | ૦–૭૫ |
| ૭૧. કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના | ,, | ૧–૫૦ |
| ૭૨. કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો | ૧૯૪૧ | ૫–૦૦ |
| ૭૩, પાનેતર | ,, | ૦–૬૨ |
| ૭૪. હરિદર્શન | ૧૯૪૨ | ૦–૭૫ |
| ૭૫. વેણુવિહાર | ,, | ૧–૦૦ |
| ૭૬. પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ | ૧૯૪૩ | ૧–૦૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૭૭ જગત્પ્રેરણા | ૧૯૪૩ | ૨–૫૦ |
| ૭૮. દ્વારિકાપ્રલય | ૧૯૪૪ | ૨–૫૦ |
| ૭૯. શ્રી હર્ષદેવ | ૧૯૫૨ | ૨–૫૦ |
| ૮૦. અજીત અને અજીતા | ,, | ૨–૦૦ |
| ૮૧. અમરવેલ | ૧૯૫૪ | ૨–૦૦ |
| ૮૨. હરિસંહિતા ભા. ૧–૨–૩ | | ૨૫–૦૦ |

## પ્રેમભક્તિ શિક્ષણમાળા :—

| | |
|---|---|
| ૧. વ્યવહારુ ગુજરાતી વ્યાકરણ | ૦–૨૦ |
| ૨. વ્યવહારુ અંગ્રેજી વ્યાકરણ | ૦–૨૫ |
| ૩. ગુજરાતની ભૂગોળ, ભાગ ૧ લો | ૦–૬૨ |
| ૪. ગુજરાતની ભૂગોળ, ભાગ ૨ જો | ૦–૨૫ |

મળવાનાં ઠેકાણાં :—

(૧) ડૉ. મનોહર ન્હાનાલાલ કવિ,
એલિસપૂલ, કવિ ન્હાનાલાલ રસ્તો, અમદાવાદ–૬

(૨) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, અમદાવાદ

# કવિશ્રી ન્હાનાલાલનાં

# પ્રે મ ભ ક્તિ ગ્રં થ મા ળા નાં

## પુસ્તકોનું સૂચિપત્ર

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૧. કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૩ | ૧–૫૦ |
| ૨. રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ (૩ જી આવૃત્તિ) | ૧૯૦૩–૦૫-૧૧ | ૧–૦૦ |
| ૩. વસન્તોત્સવ (૫ મી આવૃત્તિ) | ૧૯૦૫ | ૧–૫૦ |
| ૪. કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨ જી આવૃત્તિ) | ૧૯૦૮ | ૧–૫૦ |
| ૫. ઈન્દુકુમાર, અંક ૧ લો (૬ ઠ્ઠી આવૃત્તિ) | ૧૯૦૯ | ૨–૦૦ |
| ૬. ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૯ મી આવૃત્તિ) | ૧૯૧૦ | ૨–૦૦ |
| ૭. ભગવદ્દગીતા, સમશ્લોકી (૩ જી આવૃત્તિ) | ” | ૨–૫૦ |
| ૮. જયા-જયન્ત (નવમી વાર) | ૧૯૧૪ | ૩–૦૦ |
| ૯. મેઘદૂત, સમશ્લોકી (૪ થી આવૃત્તિ) | ૧૯૧૭ | ૧–૫૦ |
| ૧૦. ઉષા (૫ મી આવૃત્તિ) | ૧૯૧૮ | ૨–૫૦ |
| ૧૧. ચિત્રદર્શનો (૩ જી આવૃત્તિ) | ૧૯૨૧ | ૨–૫૦ |
| ૧૨. રાજર્ષિ ભરત (૨ જી આવૃત્તિ) | ૧૯૨૨ | ૨–૦૦ |
| ૧૩. પ્રેમકુંજ (૨ જી આવૃત્તિ) | ” | ૧–૨૫ |
| ૧૪. પ્રેમભક્તિ-ભજનાવલી (૨ જી આવૃત્તિ) | ૧૯૨૪ | ૨–૦૦ |
| ૧૫. સાહિત્યમન્થન | ” | ૨–૦૦ |
| ૧૬. વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી (૨ જી આવૃત્તિ) | ૧૯૨૫ | ૨–૦૦ |
| ૧૭. અમર પન્થનો યાત્રાળુ (૨ જી આવૃત્તિ) | ” | ૦–૩૭ |
| ૧૮. શકુન્તલાનું સંભારણું (૨ જી આવૃત્તિ) | ૧૯૨૬ | ૧–૫૦ |
| ૧૯. કુરુક્ષેત્ર, પ્રથમકાંડ, યુગપલટો | ” | ૧–૦૦ |
| ૨૦. કુરુક્ષેત્ર, દ્વાદશકાંડ, મહાસુદર્શન (૨ જી આવૃત્તિ) | ૧૯૨૭ | ૧–૦૦ |
| ૨૧. ઉદ્દબોધન (૨ જી આવૃત્તિ) | ” | ૨ ૫૦ |
| ૨૨. અર્ધશતાબ્દીના અનુભવબોલ (૨ જી આવૃત્તિ) | ” | ૧–૫૦ |
| ૨૩. સંસારમન્થન (૨ જી આવૃત્તિ) | ” | ૨–૫૦ |
| ૨૪. વિશ્વગીતા (૩ જી આવૃત્તિ) | ” | ૨–૫૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| ૨૫. ઇન્દુકુમાર, અંક ૨ જો ( ૨ જી આવૃત્તિ ) | ૧૯૨૭ | ૨–૦૦ |
| ૨૬. ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો ( ૩ જી આવૃત્તિ ) | ૧૯૨૮ | ૧–૫૦ |
| ૨૭. ગીતમંજરી ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૧–૫૦ |
| ૨૮. જહાંગીર-નૂરજહાન ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૪–૦૦ |
| ૨૯. કુરુક્ષેત્ર, ચતુર્થ કાંડ, યોધપર્ણી ( ૨ જી આવૃતિ | ,, | } ૧–૫૦ |
| ૩૦. કુરુક્ષેત્ર, પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ | ,, | |
| ૩૧. કુરુક્ષેત્ર, એકાદશ કાંડ, શરશય્યા | ૧૯૨૯ | ૦–૭૫ |
| ૩૨. કુરુક્ષેત્ર, દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ | ૧૯૩૦ | ૧–૦૦ |
| ૩૩. શાહાનશાહ અકબરશાહ | ,, | ૪–૦૦ |
| ૩૪. પાંખડીઓ | ,, | ૨–૨૫ |
| ૩૫. કુરુક્ષેત્ર, દશમ કાંડ, કાળનો ડંકો | ,, | ૦–૭૫ |
| ૩૬. સંશોધન | ,, | ૨–૫૦ |
| ૩૭. દામ્પત્યસ્તોત્રો | ૧૯૩૧ | ૨–૦૦ |
| ૩૮. શિક્ષાપત્રી, સમશ્લોકી | ,, | ૧–૦૦ |
| ૩૯. બાળકાવ્યો | ,, | ૦–૬૨ |
| ૪૦. ઉપનિષત્પંચક | ,, | ૨–૦૦ |
| ૪૧. સંઘમિત્રા | ,, | ૨–૦૦ |
| ૪૨. પ્રસ્તાવમાળા | ૧૯૩૨ | ૩ ૦૦ |
| ૪૩. ઇન્દુકુમાર અંક ૩ જો | ,, | ૨–૫૦ |
| ૪૪. કવીશ્વર દલપતરામ ભાગ ૧ લો | ૧૯૩૩ | ૩–૦૦ |
| ૪૫. ઓજ અને અગર | ,, | ૧–૫૦ |
| ૪૬. જગતકાદમ્બરીઓમાં સરસ્વતીચન્દ્રનું સ્થાન | ,, | ૨–૦૦ |
| ૪૭. આપણાં સાક્ષરરત્નો ભાગ, ૧ લો | ૧૯૩૪ | ૨–૦૦ |
| ૪૮. કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, પૂર્વાર્ધ | ,, | ૪–૨૫ |
| ૪૯. આપણાં સાક્ષરરત્નો, ભાગ ૨ જો | ૧૯૨૫ | ૨–૨૫ |
| ૫૦. ગોપિકા ( ૨ જી આવૃત્તિ ) | ,, | ૨–૦૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિંમત |
|---|---|---|
| કેટલાંક કાવ્યો, ભાગ ૩ જો | ૧૯૩૫ | ૧-૨૫ |
| . ગુરુદક્ષિણા | ,, | ૨-૦૦ |
| . પુણ્યકન્થા | ૧૯૩૭ | ૨-૨૫ |
| . સ્નાતિકાપર્વની શિક્ષાવલ્લી | ,, | ૦-૨૫ |
| . ન્હાના ન્હાના રાસ, ભાગ ૩ જો | ,, | ૧-૫૦ |
| . મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૧ લો | ,, | ૨-૨૫ |
| . મણિમહોત્સવના સાહિત્યબોલ, ભાગ ૨ જો | ,, | ૧-૫૦ |
| ૮. સારથી | ૧૯૩૮ | ૫-૫૦ |
| ૯. લોલીંગરાજ | ૧૯૩૯ | ૦-૨૫ |
| ૬૦. મુંબઈમાંનો મહોત્સવ | ,, | ૧-૫૦ |
| ૬૧. કુરુક્ષેત્ર, અષ્ટમ કાંડ, માયાવી સન્ધ્યા | ,, | ૧-૦૦ |
| ૬૨. મહેરામણનાં મોતી | ,, | ૦-૮૧ |
| ૬૩. કુરુક્ષેત્ર, તૃતીય કાંડ, નિર્ધાર | ૧૯૪૦ | ૧-૦૦ |
| ૬૪. કુરુક્ષેત્ર, સપ્તમ કાંડ, ચક્રવ્યૂહ | ,, | ૦-૭૫ |
| ૬૫. કવીશ્વર દલપતરામ, ભાગ ૨ જો, ઉત્તરાર્ધ | ,, | ૫-૦૫ |
| . સોહાગણ | ,, | ૦-૬૨ |
| ૮. કુરુક્ષેત્ર, છઠ્ઠો કાંડ, આયુષ્યનાં દાન | ,, | ૧-૦૦ |
| ૯. કુરુક્ષેત્ર, નવમો કાંડ, સહોદરનાં બાણ | ,, | ૧-૦૦ |
| ૦. કુરુક્ષેત્ર, સમન્તપંચક અને મહાપ્રસ્થાન | ,, | ૦-૭૫ |
| ૧. કુરુક્ષેત્ર, અર્પણ અને પ્રસ્તાવના | ,, | ૧-૫૦ |
| ૨. કવીશ્વર દલપતરામ, ભાગ ૩ જો | ૧૯૪૧ | ૫-૦૦ |
| ૩, પાનેતર | ,, | ૦-૬૨ |
| ૪. હરિદર્શન | ૧૯૪૨ | ૦-૭૫ |
| ૫. વેણુવિહાર | ,, | ૧-૦૦ |
| ૬. પ્રજ્ઞાચક્ષુનાં પ્રજ્ઞાબિન્દુ | ૧૯૪૩ | ૧-૦૦ |

| | પ્રથમાવૃત્તિની સાલ | કિં૰ |
|---|---|---|
| ૭૭ જગત્પ્રેરણા | ૧૯૪૩ | ૨- |
| ૭૮. દ્વારિકાપ્રલય | ૧૯૪૪ | ૨- |
| ૭૯. શ્રી હર્ષદેવ | ૧૯૫૨ | ૨- |
| ૮૦. અજીત અને અજીતા | ,, | ૨- |
| ૮૧. અમરવેલ | ૧૯૫૪ | ૨- |
| ૮૨. હરિસંહિતા ભા. ૧-૨-૩ | | ૨૫- |

## પ્રેમભક્તિ શિક્ષણમાળા :—

| | |
|---|---|
| ૧. વ્યવહારુ ગુજરાતી વ્યાકરણ | ૦- |
| ૨. વ્યવહારુ અંગ્રેજી વ્યાકરણ | ૦- |
| ૩. ગુજરાતની ભૂગોળ, ભાગ ૧ લો | ૦- |
| ૪. ગુજરાતની ભૂગોળ, ભાગ ૨ જો | ૦- |

Guj. Uni. Library
246636
ભવન.
કૉલેજ.
LED
વિ. નં ........................

મળવાના ઠેકાણા :—

(૧) ડૉ. મનોહર ન્હાનાલાલ કવિ,

એલિસપૂલ, કવિ ન્હાનાલાલ રસ્તો, અમદાવાદ-૬

(૨) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરોડ, અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી
લાયબ્રેરી.
18 JUN 19